# શ્રી પર્યુષણ પર્વ

## પ્રાચીન સ્તવનાવલી

卐

પ્રાપ્તિસ્થાન :

માસ્તર રતિલાલ બાદરચંદ

દોશીવાડાની પોળ, અમદાવાદ.

વીર સં. ૨૪૦૬ કિં. રૂ. ૧-૨૫

# શ્રી પર્યુષણ પર્વ સ્તવનાવલી

પ. પૂ. આગમોદ્ધારક આગમદિવાકર શ્રુતાબ્ધિ સ્વ. આચાર્ય દેવેશ શ્રી સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તી સાધ્વી શ્રી વર્ધમાન તપનિષ્ઠાપક તપસ્વી તીર્થશ્રીજી મહારાજના શિષ્યા શમેતશિખરજી તીર્થઉદ્ધારક સમુદાય સંરક્ષક [illegible]શ્રીજી મહારાજના શિષ્યા ભક્તિરતા મલયાશ્રીજી મહારાજના શિષ્યા વિનયવતી પ્રગુણાશ્રીજી મહારાજના સદુપદેશથી

**શ્રી પદ્માબહેનની**

પવિત્ર પ્રવ્રજ્યા નિમિત્તે ભેટ.

: પ્રકાશક :

**શાહ ભુરાલાલ નાગરદાસ**

હાજા પટેલની પોળ—ગલામનજીની પોળ—અમદાવાદ.

|| ॐ अर्हं नमः ||

# ગુરૂ અંજલી

જેમણે ગુરૂની પવિત્ર નિશ્રામાં વર્ષો સુધી સંયમ યાત્રાનું સુખપૂર્વક વહન કર્યું છે, જેમની ભદ્રિકતા શિશુવત્ સરળતા વિગેરે અનેક ગુણોની પરંપરામાંથી સતત પ્રેરણા મેળવાય તેમજ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનામાં જે સદા નિમિત્તભૂત છે તેવાં પરમ કૃપાળું પુણ્યશ્લોક પ્રાતઃસ્મરણીય સ્વ. સાધ્વીજી શીવશ્રીજી મહારાજના શિષ્યા સ્વ. વિદુષી તિલકશ્રીજી મહારાજના શિષ્યા સ્વ. શાન્તમૂર્તિ હેમશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા તપસ્વી તીર્થશ્રીજી:મહારાજનાં શિષ્યા બાલ બ્રહ્મચારી **રંજનશ્રીજી** મહારાજનાં શિષ્યા વિનયવાન **મલયાશ્રીજી** મહારાજના પુનિત કરકમલમાં આ લઘુ પુસ્તિકા સમર્પી કૃતાર્થ બનું છું.

લી. આપની કિંકરી

**સાધ્વી પ્રગુણાશ્રી અને નરેન્દ્રશ્રીના**

કોટીશઃ વંદના

દીક્ષાભિલાષી બાલકુમારી

**શ્રીમતી શ્રી પદ્માબહેન ભુરાલાલ શાહ.**



જન્મ : સં. ૧૯૯૫ના આસો વદ ૧૩ **અમદાવાદ.**

# દીક્ષાભિલાષી શ્રીમતી **પદ્માબહેનનો**

# ટુંક જીવન પરિચય

અનેક જૈન મંદિરોથી તથા મુક્તિમાર્ગના સાધક મુનિવરોથી શુશોભિત દરેક શહેરોમાં અગ્રગણ્ય જૈનપુરી સમાન રાજનગર નામે પવિત્ર શહેર છે. તેમાં હાજા પટેલની પોળમાં ગલા મનજીની પોળમાં વસતા ધર્મપ્રેમી શ્રદ્ધાળુ વીશા શ્રીમાળી શ્રાવક **શાહ ભુરાલાલ નાગરદાસ** નામે જાણીતા જૈન સદ્‌ગૃહસ્થ છે. તેમનાં ધર્મપત્ની **જાસુદબહેનની** કુક્ષીએ સંવત્ ૧૯૯૫ના આસો વદ ૧૩ ના રોજ **પદ્માબહેનનો** જન્મ થયો હતો. બાલ્યવયમાં ધાર્મિક સંસ્કાર સાથે વ્યવહારીક કેળવણીમાં મેટ્રીક (ઇંગ્લીશ સાત ધોરણ) સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ તેમના પુન્યોદયના પ્રતિક રૂપ સંવત્ ૨૦૧૪ માં શેઠ માણેકલાલ મનસુખભાઈના બંગલે આગમોદ્ધારક સ્વ. આચાર્ય દેવેશ શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજશ્રીજીના પ્રશિષ્ય ઉપાધ્યાય શ્રી **દેવેન્દ્રસાગરજી** મહારાજ સાહેબની અધ્ય-

ક્ષતામાં ઉદ્યાપન તપ કરી શિવસુંદરીના સંકેતરૂપ માળા પહેરી, તે વખતે ત્યાં બીરાજતા બાલ બ્રહ્મચારી સાધ્વીજી મહારાજ રંજનશ્રીજી મહારાજના સમાગમમાં આવેલાં, તે સમયે તેમને દીક્ષાની ભાવના રૂપ બીજની શરૂઆત થઈ અને ત્યારથી જ ગુરૂનિશ્રામાં રહી ધાર્મિક અભ્યાસ શરૂ કર્યો, અનુક્રમે પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રન્થ આદિના અભ્યાસ સાથે તપશ્ચર્યા ઇત્યાદિ ધર્મકરણીમાં દિન પ્રતિ દિન વૃદ્ધિ પામતી તે બાળા આજે ૨૦ વર્ષની ઉંમરે પ્રવજ્યાના પુનીત પંથે પ્રયાણ કરવા ઉત્સુક બની છે તો તેમનો તે મહા મંગલકારી માર્ગ નિર્વિઘ્ન નિવડો એવી શુભેચ્છા પાઠવી વિરમું છું.

લી. સ્નેહાધીન

**બહેનચંદા.**

# -: અનુક્રમણિકા :-

## —ચૈત્યવંદનો—


૧થી ૯ શ્રી પર્યુષણનાં ચૈત્યવંદનો · ૧થી ૧૦
૧૦થી ૧૧ શ્રી દિવાળી પર્વનાં ચૈત્યવંદનો ૧૧થી૧૩


## —સ્તવનો—


૧ શ્રી મહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું
સ્તવન ઢાલ ચાર ૧૩થી૨૭
૨ શ્રી મહાવીર સ્વામીનું અઠ્ઠાઈનું
સ્તવન ઢાલ નવ ૨૭થી૫૮
૩ શ્રી મહાવીર સ્વામીના સત્તાવીસ ભવનું
સ્તવન પાંચ ઢાળિયું ૫૮થી૬૯
૪ શ્રી મહાવીર સ્વામીનું પંચ કલ્યાણકનું
સ્તવન ત્રણ ઢાળનું ૬૯થી૮૧
૫ શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું ૮૧થી૧૦૧
૬ શ્રી પર્યુષણ પર્વનું સ્તવન ૧૦૧
૭ શ્રી પર્યુષણ પર્વનું સ્તવન ૧૦૫
૮ શ્રી મહાવીર સ્વામીનું હાલરડું ૧૦૭

૯ શ્રી મહાવીર સ્વામીનું હાલરડું ૧૧૨
૧૦ શ્રી પ્રભુ નિશાળ ગયણું ૧૧૪
૧૧-૧૨ શ્રી દિવાલીનું સ્તવન ૧૧૮થી૧૪૫

## —સ્તુતિ સંગ્રહ—

૧થી૭ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિઓ ૧૪૬થી૧૫૬
૮-૯ શ્રી દિવાળીની સ્તુતિ ૧૫૮થી૧૬૦

## —સજ્ઝાય સંગ્રહ—

૧-૨ શ્રી પર્યુષણ પર્વની સજ્ઝાય ૧૬૨થી૧૬૬
૩ શ્રી પર્યુષણના પહેલા વ્યાખ્યાનની સજ્ઝાય ૧૬૮
૪ ,, બીજા વ્યાખ્યાનની સજ્ઝાય ૧૭૦
૫ ,, ચોથા વ્યાખ્યાનની સજ્ઝાય ૧૭૨
૬ ,, છઠ્ઠા વ્યાખ્યાનની સજ્ઝાય ૧૭૪
૭ ,, નવમા વ્યાખ્યાનની સજ્ઝાય ૧૭૫
૮ ત્રિલોક સુંદરીની સજ્ઝાય ૧૭૭
૯ વણઝારાની સજ્ઝાય ૧૭૯
૧૦ ચંદનબાળાની સજ્ઝાય ૧૮૦
૧૧ ચોવીશ જિનેશ્વરનો છંદ ૧૮૭
૧૨ શ્રી નેમનાથનો સલોકો ૧૯૮

# શ્રી પર્યુષણપર્વનાં ચૈત્યવંદનો.

## ૧. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

સકલ પર્વ શૃંગારહાર, પર્યુષણ કહીએ,
મંત્રમાંહિ નવકારમંત્ર, મહિમા જગ લહીએ.
૧. આઠ દિવસ અમારી સાર, અઠ્ઠાઈ પાલો;
આરંભાદિક પરિહરી, નરભવ અજુઆલો. ૨.
ચૈત્ય પરિપાટી શુદ્ધ સાધુ, વિધિ વંદન જાવે;
અઠ્ઠમ તપ સંવત્સરી, પડિક્કમણું ભાવે. ૩.
સાધર્મિકજન ખામણાં એ, ત્રિવિધિશું કીજે;
સાધુમુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે.
૪. નવ વ્યાખ્યાને કલ્પસૂત્ર, વિધિપૂર્વક સુણીએ;
પૂજા નવ પ્રભાવના, નિજ પાતિક હણીએ. ૫.
પ્રથમ વીરચરિત્ર બીજ, પાર્શ્વચરિત્ર અંકૂર;
નેમચરિત્ર પ્રબંધ ખંધ, સુખસંપતિ પૂર. ૬.

ઋષભ ચરિત્ર પવિત્ર, પત્ર શાખા સમુદાય; સ્થવિરાવલિ બહુ કુસુમ પૂર, સરિખો કહેવાય. ૭. સમાચારી શુદ્ધતા એ, વર ગંધ વખાણો; શિવસુખ પ્રાપ્તિ ફલ સહી, સુરતરૂ સમ જાણો. ૮. ચૌદ પૂર્વધર શ્રીભદ્રબાહુ, જિણે કલ્પ ઉદ્ધરિઓ; નવમા પૂર્વથી યુગપ્રધાન, આગમ જલ દરિયો. ૯. સાત વાર શ્રીકલ્પસૂત્ર, જે સુણે ભવિ પ્રાણી; ગૌતમને કહે વીર જિન, પરણે શિવરાણી. ૧૦. કાલિકાલસૂરિ કારણે એ, પર્યુષણ કીધાં; ભાદરવા સુદિ ચોથમાં, નિજ કારજ સિધ્યાં. ૧૧. પંચમી કરણી ચોથમાં, જિનવર વચન પ્રમાણે; વીર થકી નવસે એંશી, વરસે તે આણે. ૧૨. શ્રીલક્ષ્મીસાગર સૂરીશ્વરૂ એ, **પ્રમોદસાગર** સુખકાર; પર્વ પર્યુષણ પાલતાં, હોવે જયજયકાર. ૧૩.

## ૨ શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય શણગારહાર, શ્રીઆદિ જીણંદ; નાભિરાયા કુલ ચંદ્રમા, મરૂદેવા નંદ.૧. કાશ્યપ ગોત્રે ઈક્ષ્વાકુ વંશ, વિનીતાનો રાય; ધનુષ પાંચસેં દેહમાન, સોવન સમ કાય. ૨. વૃષભ લંછન ધુર વંદીયે એ, સંઘ સકલ શુભ રીત; અઠ્ઠાઇ ઘર આરાધીયે, આગમ વાણી વિનીત.૩.

## ૩. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

પ્રણમું શ્રીદેવાધિદેવ, જિનવર શ્રીમહાવીર; સુર નર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ ધીર. ૧. પર્વ પર્યુષણ પુન્યથી, પામી ભવિ પ્રાણી; જૈન ધર્મ આરાધીયે, સમકિત હીત જાણી. ૨. શ્રી જિનપ્રતિમા પૂજીએ એ,કીજે જન્મ પવિત્ર;જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત. ૩.

## ૪. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

કલ્પતરૂ સમ કલ્પસૂત્ર, પૂરે મનવાંછિત; કલ્પસૂત્ર ધુરથી સુણો, શ્રીમહાવીર ચરિત્ર. ૧. ક્ષત્રિય કુંડ ગ્રામ્ય નયર, સિદ્ધારથ રાય; રાણી ત્રિશલા તણી કુખે, કંચન સમ કાય. ૨. પુષ્પોત્તરવરથી ચવ્યા એ, ઊપન્યા પુન્ય પવિત્ર; ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત. ૩.

## ૫. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

સુપન વિધિયે સૂત હોસ્યે, ત્રિભુવન શણગાર; તે દિનથી રિદ્ધે વધ્યા, ધન અખુટ ભંડાર. ૧. સાડાસાત દિવસ અધિક, જન્મ્યા નવ માસે; સુરપતિ કરે મેરૂશિખરે, ઓચ્છવ ઉલ્લાસે. ૨. કુંકુમ હાથ દીજીએ એ, તોરણ ઝાકમઝાળ; હર્ષે વીર હુલરાવીયે, વાણી વિનીત રસાલ. ૩.

## ૬. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

જિનની બ્હેન સુદર્શના, ભાઇ નંદિવર્દ્ધન;
રાણી યશોદા પદમણી, વીર સુકોમળ રત્ન. ૧.
દેઈ દાન સંવત્સરી, લેઈ દીક્ષા સ્વામી; કર્મ
ખપાવી હુઆ કેવળી, પંચમી ગતિ પામી. ૨.
દિવાળી દિવસ દિને એ, સંઘ સકલ શુભ રીત;
અઠ્ઠમ કરી તેલાધરે, સુણજો એકજ ચિત્ત. ૩.

## ૭. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

નવ ચૌમાસી તપ કર્યાં, ત્રણ માસી દોય;
દોય અઢી માસી કર્યાં, તીમ દોઢ માસી હોય.
૧. બહોંતેર પાસક્ષમણ કર્યાં, માસક્ષમણ કર્યાં
બાર, ખટ્ બે માસી તપ આદર્યાં, બાર અઠ્ઠમ
તપ સાર. ૨. ખટ્માસી એક તેમ કર્યાં, પણ
દીન ઉણ ખટ્માસ; બસેં ઓગણત્રીસ છઠ્ઠ

ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩. ભદ્રપ્રતિમા હોય તીમ, પારણુ દિન જાસ; દ્રવ્યાહાર પાનક કર્યો, ત્રણુસેં ઓગણુપચાસ. ૪. છદ્મસ્થ એણી પરે રહ્યા, સહ્યા પરીષહ ઘોર; શુકલધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ૫. શુકલધ્યાન અંતર રહ્યા એ, પામ્યા કેવલનાણુ, પદ્મવિજય કહે પ્રણુમતાં, લહીયે નિત્ય કલ્યાણુ. ૬.

## ૮. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણુ નીલો, નવકલ્પિ વિહાર; ચાર સામાન્તર થીર રહે, એહીજ અર્થ ઉદાર. ૧. આષાઢ શુદ ચઉદસ થકી, સંવત્સરી પચાસ; મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચૌમાસ. ૨. શ્રાવક પણુ સમતા ધરી, કરે ગુરૂનાં બહુમાન; કલ્પસૂત્ર સુવિહિત મુખે,

સાંભલે થઈ એક તાન. ૩. જિનવર ચૈત્ય જુહારીયે, ગુરૂભક્તિ વિશાલ;પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીયે શિવ વરમાળ. ૪. દર્પણુથી નિજરૂપનો, જુવે સુદષ્ટિ રૂપ, દર્પણ અનુભવ અર્પણે, જ્ઞાન રયણ મુનિ ભૂપ. ૫. આત્મ સ્વરૂપ વિલોકતાં એ, પ્રગટયો મિત્ર સ્વભાવ; રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬. નવ વખાણ પૂજી સુણો, શુકલ ચતુર્થી સીમા; પંચમી દિન વાંચે સુણે, હોય વિરોધી નિમા. ૭. એ નવ પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે; ભવભીરૂ મુનિ માનસે, ભાખ્યું અરિહાનાથે.૮. શ્રુતકેવલી વયણા સુણી, લહી માનવ અવતાર; શ્રીશુભવીરને શાસને, પામ્યા જય જયકાર.૯.

## ૯. શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય મંડણો, શ્રીઆદિ જિણંદ; પદ અરવિંદ નમે જાસ, સુર અસુર નરિંદ; કાયા પંચશય ધનુષ ઉચ્ચ, વૃષભાંક વિરાજે; ગૌમુખ જક્ષ ચકકેસરી, શાસનસૂરિ છાજે; નાભિ નરેસર વંશમાંએ, ઊગ્યો અભિનવ સૂર; ત્રિકરણ શુદ્ધે પૂજતાં, લચ્છિ લહે ભરપૂર. ૧. પૂરણ પુણ્યે પામીએ, પર્યુષણ પર્વ; પૂજા પોસહ કરો ભવિ, મૂકો મન ગર્વ; જીવ અમારી તણો પડહ, ભાવે વજડાવો; નવ નિધિ મંગલ માલિકા, જિમ સંપત્તિ પાવો; પૂજણું ને પ્રભાવનાએ, પચ્ચખાણ ઉદાર; પડિક્કમણું વલી કીજીએ, સાહમિવચ્છલ સાર. ૨. છટ્ઠ કરો ભવિ ભાવશુંએ, જિનપૂજા રચીજે;

અષ્ટોત્તરી ને સત્તરભેદ, યથાશક્તિ કરીજે;
વડા કલ્પે શ્રીકલ્પસૂત્ર, ઓચ્છવ શું આણી;
નાણે સોના રૂપ્યને, પૂજી સુણો પ્રાણી; પ્રથમ
ચરિત્ર વીરનું એ, જગ જનને સુખકાર; કલ્પ
અચ્છેરાં દશ કહ્યાં, ભવ સત્તાવીશ સાર. ૩.
ચઉદ સુપન ભવિ સાંભલો, લક્ષણ સંયુત્ત;
જનમ હુઓ શ્રીવીરનો, બીજું વાધ્યા સૂત;
છપ્પન દિગકુમરી કરે, ઓચ્છવ અભિરામ;
ઇંદ્ર સર્વે ઓચ્છવ કરી, કરે જિનગુણગ્રામ;
શ્રીસિદ્ધારથ નરપતિએ, જનમોચ્છવ કરેય;
ઇંદ્ર આણાઇં ધનદ દેવ, દ્રવ્યે ઘર ભરેય. ૪.
જિનક્રીડા દીક્ષા તણો, છે બહુ અવદાત;
કેવળજ્ઞાન લહી કરી, પામ્યો ભવપાર; બીજે
દિન શ્રીઇંદ્રભૂતિ, વરનાણ સંપન્ન; ઈત્યાદિક
સુણો વિસ્તારી, શ્રી વીરચરિત્ર; તેલાધર દિવસે

કરોએ, અઠ્ઠમ તપ મનોહાર; નાગકેતુ શ્રાવક-
પરે, જેમ હોય જય જયકાર ૫. પુરિસાદાણિ
પાર્શ્વનાથ, શ્રી નેમ ચરિત્ર; જિનપતિ કેરાં
આંતરાં, સુણી થઇને પવિત્ર; ઋષભ ચરિત્ર
સ્થવિરાવલી, યતિ સમાચારી; ભાવે સુણતાં
ભવ સમુદ્ર, તરસ્યે નર નારી; સંવત્સરીને દિન
કરો એ, મહા મહોત્સવ સાર; કલ્પસૂત્ર સાત
વાર મીત, સુણીએ સુખકાર. ૬. બાર બોલ
પટ્ટાવલી, ધુર સોહમસ્વામિ; પટ્ટ પરંપર વિજય
-માનસૂરિ શિષ્ય ધામી; કીજે ચૈત્ય પરિપાટિકા,
સાહમિ ખામીજે; પડિક્કમણું કરો ભાવસ્યું,
બહુ દાન જ દીજે; શ્રીવિજયઆણંદસૂરીશ્વરૂ
એ, તપગચ્છ તિલક સમાન; પંડિત હંસવિજય
તણો, ધીર કરે ગુણ ગાન. ૭.

## ૧૦. શ્રી દિવાળીપર્વનું ચૈત્યવંદન.

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા;
સોળ પહોર દીયે દેશના, ભવીક જીવને તાર્યા. ૧
ભુપ અઢાર ભાવે સુણે, અમૃત જીસી વાણી;
દેશના દેતાં રયણીએ, પરણ્યા શીવ રાણી. ૨
રાય ઉઠી દીવા કરે, અજવાલાને હેતે;
અમાવાસ્યા તે કહી, તે દીન દીવા કીજે. ૩
સ્વર્ગ થકી આવ્યા ઇંદ્ર, હાથે લેઈ દીવી;
મેરઈયા દીન સફળ ગ્રહી, લોક કહે સવી જીવી. ૪
કલ્યાણુક જાણી કરી, દીવા તે કીજે;
જાપ જપો જીનરાજનો, પાતીક સવી છીજે. ૫
બીજે દીન ગૌતમ સુણી, પામ્યા કેવળ જ્ઞાન;
બાર સહસ ગુણુણુ ગણો, ઘેર હોવે કોડી કલ્યાણુ. ૬
સુર નર કીન્નર સહુ મીલી, ગૌતમને આપે;

ભટ્ટારક પદવી દીયે, સહુ સાખે થાપે;
જુહાર ભટ્ટારક થકી, લોક કરે જુહાર;
બેને ભાઈ જમાડીયા, નંદીવર્ધન સાર;
ભાઇ બીજ તીહાં થકી, વીર તણો અધીકાર,
**જયવીજય** ગુરૂ સપંદા,મુજને દીયો મનોહાર.૭

## ૧૧. શ્રી દિવાળીપર્વનું ચૈત્યવંદન.

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી,
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંત સમય વિસારી. ૧
દેવશર્મા પ્રતિબોધવા, મોકલે મુજને સ્વામ,
વિશ્વાસિ પ્રભુ વીરજી, છેતર્યો મુજને આમ. ૨
હા હા વીર આ શું કર્યું, ભારતમાં અંધારૂં,
કુમતિ મિથ્યાત્વી વધી જશે,કોણ કરશે અજવાળું ૩
નાથ વિનાના સૈન્ય જીમ, થયા અમે નિરધાર,
ઈમ ગૌતમસ્વામી વલવલે,આંખે આંસુની ધાર. ૪

કોણ વીરને કોણ તું, જાણી એહવે વિચાર,
ક્ષપક શ્રેણીએ આરોહતાં, પામ્યા કેવલસાર. ૫
વીર પ્રભુ મોક્ષે ગયા, એ દિવાળી દિન જાણ,
ઓચ્છવરંગ વધામણાં, **જસ** નામે કલ્યાણ. ૬

# શ્રી પર્યુષણપર્વનાં સ્તવનો.

## ૧. શ્રી મહાવીર સ્વામીના પંચ-કલ્યાણકનું સ્તવન.

જંબુદ્વિપના ભરતમાં જો, રૂડું માહણ કુંડ છે ગામ જો; ઋષભદત્ત માહણ તિહાં વસે જો, તસ નારી દેવાનંદા નામ જો; ચરિત્ર સુણો જિનજી તણાં જો. ૧. જેમ સમકિત નિર્મળ થાય જો, અષ્ટ મહા સિદ્ધિ સંભવે જો; વળી પાતિક દૂર પલાય જો. ચરિત્ર૦ ૨ ઉજળી

છઠ અષાઢની જો, યોગે ઉત્તરા ફાલ્ગુની સાર જો; પુષ્પોત્તર સુવિમાનથી જો, ચ્યવી કુખે લીયો અવતાર જો. ચ૦ ૩ દેવાનંદા તેણી રયણીએ જો, સુતાં સુપન લહ્યાં દસ ચાર જો; ફલ પૂછે નિજ કંતને જો; કહે ઋષભદત્ત મન ધારજો. ચ૦ ૪ ભોગ અર્થ સુખ પામશું જો, તુમે લહેશો પુત્ર રતન જો, દેવાનંદા તે સાંભળી જો, કીધું મનમાં તહત્તિ વચન જો. ચ૦ ૫ સંસારીક સુખ ભોગવે જો, સુણો અચરીજ હુઓ તેણી વાર જો;સૌધર્મ ઇન્દ્ર તિહાં કને જો, જોઈ અવધિ તણે અનુસાર જો. ચ૦ ૬ ચરમ જિનેશ્વર ઉપન્યા જો, દેખી હરખ્યો ઇન્દ્ર મહારાજ જો; સાત આઠ પગ સામો જઈ જો, એમ વંદન કહે શુભ સાજ જો. ચ૦ ૭ શક્રસ્તવ વિધિશું કરીને, ફરી બેઠો

સિંહાસન જામ જો; મન વિમાસણમાં પડયું જો, ચિત્ત ચિંતવે સુરપતિ તામ જો. ચ૦ ૮ જિન ચક્રી હરિ રામજી જો, અંત પ્રાંત માહણ કુલે જોય જો; આવ્યા નહિ નહિ આવશે જો,એ તો ઉગ્ર ભોગ રાજકુલે હોય જો. ચ૦ ૯ અંતિમ જિનેશ્વર આવીયા જો,એ તો માહણ કુલમાં જેણ જો; એ તો અચ્છેરા ભૂત છે જો, થયું હુંડાસર્પિણી તેણ જો, ચ૦ ૧૦ કાલ અનંત જાતે થકે જો, એવાં દસ અચ્છેરાં થાય જો; ઇણ અવસર્પિણીમાં થયાં જો, જે કહીએ તે ચિત્ત લાયજો. ચ૦ ૧૧ ગર્ભહરણ ઉપસર્ગનો જો, મૂલ રૂપે આવ્યા રવિચંદ જો; નિષ્ફળ દેશના જે થઇ જો, ગયો સૌધર્મ અમરેન્દ્ર જો. ચ૦૧૨ એ શ્રી વીરની વારમાં જો, કૃષ્ણ અમરકંકા ગયા જાણજો; નેમિનાથને

વારે સહી જો, સ્ત્રી તીર્થમલ્લી ગુણખાણ જો.
ચ૦ ૧૩ એકસોને આઠ સિધ્યા ઋષભને જો,
વારે સુવિધિને અસંયતિ જો; શીતલનાથ વારે
થયું જો, કુલ હરિવંશની ઉત્પત્તિ જો. ચ૦
૧૪ એમ વિચાર કરે ઇન્દ્રલો જો, પ્રભુ નીચ
કુલે અવતાર જો; તેહનું કારણ શું આછે જો,
ઈમ ચિંતવે હૃદય મોઝાર જો. ચ૦ ૧૫

## ઢાળ બીજી.

ભવ મોટા કહીએ પ્રભુના સત્તાવીસ જો,
મરિચિ ત્રિદંડી તે માંહિ ત્રીજે ભવે રે જો;
તિહાં ભરત ચક્રીસર વંદે આવી જોય જો;
કુલનો મદ કરી નીચગોત્ર બાંધ્યું તે હવે રેજો.૧.
એ તો માહણ કુળમાં આવ્યા જિનવર દેવજો,
અતિ અણ જુગતુ એહ થયું થાશે નહિરે જો;
જે જિનવર ચક્રી આવે નીચ કુલ માંહી જો,

છે આચાર ધરૂં ઉત્તમ કુલે સહી રે જો ૨.
એમ ચિંતિ તેડયો હરિણ ગમેષી દેવ જો,
કહે માહણ કુંડ જઇને, એ કારજ કરોરે જો;
છે દેવાનંદાની કુખે ચરમ જિણંદ જો;
હર્ષ ધરીને પ્રભુને, તિહાંથી સંહરો રે જો ૩.
નયર ક્ષત્રિય કુંડ રાય સિદ્ધારથ ગેહ જો,
ત્રિશલા રાણી તેહની છે રૂપે ભલી રે જો;
તસ કુખે જઈ સંક્રમાવો પ્રભુને આજ જો;
ત્રિસલાનો જે ગર્ભ છે તે માહણ કુલેરે જો ૪.
જેમ ઈન્દ્રે કહ્યું તેમ કીધું તતક્ષણ તેણ જો;
બ્યાસી રાતને અંતરે પ્રભુને સંહર્યા રે જો,
માહણી જાણે સુપનાં ત્રિશલા હરિને લીધ જો;
ત્રિશલા દેખી ચૌદ સુપન મનમાં ધર્યારે જો.૫
ગજ વૃષભ સિંહને લક્ષ્મી ફૂલની માળ જો;
ચાંદો સુરજ ધ્વજ કુંભ પદ્મ સરોવરૂ રે જો;

સાગર ને દેવ વિમાન ને રત્નની રાશી જો,
ચૌદમે સુપને દેખી અગ્નિ મનોહરૂ રે જો ૬.
શુભ સુહણાં દેખી હરખી ત્રિશલા નાર જો,
પ્રભાતે ઉઠીને પિયુ આગળ જઈ કહે રે જો;
તે સાંભળી દિલમાં રાય સિદ્ધારથ નેહ જો,
સુપન પાઠકને તેડી પૂછે ફલ લહે રે જો. ૭
તુમ હોસે રાજ અરથને સુત સુખ ભોગ જો,
સુણી ત્રિશલા દેવી, સુખે ગર્ભ પોષણ કરેરે જો;
તવ માતા હેતે પ્રભુજી રહ્યા સંલીન જો,
તે જાણીને ત્રિશલા દુઃખ દિલમાં ધરેરે જો૮.
મેં કીધાં પાપ જ ઘોર ભવો ભવ જેહ જો,
દૈવ અટારો દોષી દેખી, નવિ શકે રે જો;
મુજ ગર્ભ હર્યો જે કિમ પામું હવે તેહ જો,
રંક તણે ઘેર રત્ન ચિંતામણિ કિમ ટકેરેજો.૯.
પ્રભુજીએ જાણી તતક્ષણ, દુઃખની વાત જો,

મોહ વિટંબન જાલિમ, જગમાં જે લહુ રે જો,
જુઓ દીઠા વીણ પણ, એવડો જાગે મોહ જો;
નજરે બાંધ્યાં પ્રેમનું કારણ, શું કહું રે જો; ૧૦
પ્રભુ ગર્ભ થકી હવે, અભિગ્રહ લીધો એહ જો;
માત પિતા જીવતાં સંયમ, લેશું નહિ રે જો;
એમ કરૂણા આણી, તુરત હલાવ્યું અંગ જો,
માતાને મન ઉપન્યો હર્ષ, સુણો સહી રે જો.૧૧
અહો ભાગ્ય અમારૂં, જાગ્યું સહિયર આજ જો;
ગર્ભ અમારો ચાલ્યો, સહુ ચિંતા ગઇ રે જો;
એમ સુખભર રહેતાં, પુરણ હુવા નવમાસ જો;
તે ઉપર વળી સાડી સાત રમણી થઇરે જો ૧૨.
તવ ચૈત્રી તણી શુદિ, તેરસ ઉત્તરા જોગ જો;
જનમ્યા શ્રી જિનવીર, હુઈ વધામણી રે જો;
સહુ ધરણી વિકસી, જગમાં થયો પ્રકાશ જો;
સુરનરપતિ ધરે વૃષ્ટિ કરે સોવન તણીરે જો.૧૩.

## ઢાળ ત્રીજી.

જનમ સમય શ્રીવીરનો જાણી, આવી છપ્પન કુમારી રે; જગજીવન જિનજી, જનમ મહોત્સવ કરી ગીતજ ગાયે; પ્રભુજીને જાઉં બલીહારી રે. જગજીવન જિનજી ૧. તત્ક્ષણુ ઇન્દ્ર સિંહાસન હાલ્યું, સુઘોષા ઘંટા વજડાવે રે, જગ૦ ૨. ઇન્દ્ર પંચ રૂપે પ્રભુજીને, સુરગિરિ ઉપર લાવે રે. જગ૦ યત્ન કરી હૈડામાં રાખે, પ્રભુજીને શીશ નમાવે રે. જગ૦ ૩. એક કોડી આઠ લાખ કળશલા, નિર્મળ નીરે ભરીયા રે. જગ૦ નાનો બાલક કિમ સહશે, ઇન્દ્રે શંસય ધરીયા રે. જગ૦ ૪. અતુલ બલિ જિન અવધે જોઈ, મેરૂ અંગુઠે ચંપ્યો રે. જગ૦ પૃથ્વી હાલ કલ્લોલ થઈ તવ, ધરણી-

ઘર તિહાં કર્યો રે. જગ૦ ૫. જિનનું બલ દેખીને સુરપતિ, ભક્તિ કરીને ખમાવે રે. જગ૦ ચાર વૃષભનાં રૂપ કરીને, જિનવરને નવરાવે રે; જગ૦ ૬. અમૃત અંગુઠે થાપીને, માતા પાસે મેલે રે. જગ૦ દેવ સહુ નંદીસર જાવે, આવતાં પાતિક ઠેલે રે. જગ૦ ૭. હવે પ્રભાતે સિદ્ધારથ રાજા, અતિ ઘણો ઓચ્છવ મંડાવે રે. જગ૦ ચકલે ચકલે નાચ કરાવે, જગતના દાણ છંડાવે રે. જગ૦ ૮ બારમે દિવસે સ્વજન સંતોષી, નામ દીધું વર્ધમાન રે. જગ૦ અનુક્રમે વધતા આઠ વરસના, હુવા શ્રી ભગવાન રે. જગ૦૯. એક દિન પ્રભુજી રમવા ચાલ્યા, તેવ તેવડા સંઘાતી રે, જગ૦ ઈન્દ્ર મુખે પ્રશંસા નિસુણી; આવ્યો સુર મિથ્યાત્વીરે જગ૦ ૧૦. પન્નગ રૂપે

ઝાડે વળગ્યો, પ્રભુજીએ નાંખ્યો ઝાલી રે; જગ૦ તાડ સમાન વળી રૂપ જ કીધું, મુઠીએ નાંખ્યો ઉછાળી રે. જગ૦ ૧૨. ચરણે નમીને ખમાવે તે સુર, નામ ધરે મહાવીર રે. જગ૦ જેહવા તુમને ઇન્દ્રે વખાણ્યા, તેહવા છો પ્રભુ ધીર રે. જગ૦ ૧૨. માતા–પિતા નિશાળે ભણવા, મુકે બાળક જાણી રે. જગ૦ ઇન્દ્ર આવી તીહાં પ્રશ્ન જ પૂછે, પ્રભુ કહે અર્થ વખાણી રે. જગ૦ ૧૩. યૌવન વય જાણી પ્રભુ પરણ્યા, નારી યશોદા નામે રે. જગ૦ અઠાવીસ વર્ષે પ્રભુજીના, માત પિતા સ્વર્ગ પામે રે. જગ૦ ૧૪. ભાઈ તણો અતિ આગ્રહ જાણી, દોય વરસ ઘર વાસી રે. તેહવે લોકાંતિક સુર બોલે, પ્રભુ કહો ધર્મ પ્રકાશી રે. જગ૦ ૧૫.

## ઢાળ ૪ થી

પ્રભુ આપે વરસી દાન, ભલું રવિ ઉગતે જિનવરજી; એક કોડી ને આઠ લાખ, સોનૈયા દિન પ્રત્યે જિનવરજી; માગસર વદિ દસમી, ઉત્તરાયોગે મન ધરી જિનવરજી; ભાઇની અનુમતી, માંગીને દીક્ષા વરી જિનવરજી. ૧. તેહ દિવસ થકી પ્રભુજી, ચઉ નાણી થયા જિનવરજી; સાધિક એક વરસ તે, ચીવરધારી પ્રભુ રહ્યા જિનવરજી; પછી દીધું બંભણને બે વાર, ખંડોખંડે કરી જિનવરજી; પ્રભુ વિહાર કરે એકાકી, અભિગ્રહ ચિત્ત ધરી. જિન-વરજી ૨. સાડા બાર વરસમાં, ઘોર પરિષહ જે સહ્યા. જિનવરજી; શુલપાણિ ને સંગમ દેવ, ગોશાળાના કહ્યા જિનવરજી; ચંડકોશીને

ગોવાળે, ખીર રાંધી પગ ઉપરે જિનવરજી; કાને ખીલા ખોસ્યા, તે કષ્ટ સહુ પ્રભુ ઉદ્ધરે જિનવરજી. ૩. લેઈ અડદના બાકુલા, ચંદનબાળા તારીયા; જિનવરજી; પ્રભુ પર ઉપગારી, સુખ દુઃખ સમ ધારીયા; જિનવરજી; છમાસી બેને નવ ચોમાસી કહીયે રે; જિનવરજી; અઢી માસી ત્રણ માસી, દોઢ માસી બે બે લહીયે; જિનવરજી. ૪. ષટ્ કીધાં બે બે માસ, પ્રભુ એ સોહામણા જિનવરજી; બાર માસને પખ, બહાંતેર તે રળીયામણા જિનવરજી; છઠ બસેં ઓગણત્રીશ, બાર અઠમ વખાણીયે; જિનવરજી; ભદ્રાદિક પ્રતિમા દિન, બે ચૌદશ જાણીયે; જિનવરજી. ૫. સાડા બાર વરસમાં, તપ કીધાં વિણુ પાણીએ જિનવરજી; પારણાં ત્રણસેં, ઓગણુપચાસ, તે જાણીએ જિનવરજી; તવ

કર્મ ખપાવી, ધ્યાન શુકલ મન ધ્યાવતા જિનવરજી; વૈશાખ શુદ્ધિ દશમી, ઉત્તરાયોગે સોહાવતા જિનવરજી. ૬. શાલિ વૃક્ષ તળે, પ્રભુ પામ્યા કેવલ નાણ રે જિનવરજી; લોકાલોક તણા પ્રકાશી, થયા પ્રભુ જાણ રે, જિનવરજી; ઈન્દ્રભુતિ પ્રમુખ, પ્રતિબોધીને ગણધર કીધ રે જિનવરજી; સંઘ સ્થાપના કરીને, ધર્મની દેશના દીધ રે જિનવરજી. ૭. ચૌદ સહસ ભલા અણગાર, પ્રભુને શોભતા જિનવરજી; વળી સાધવી સહસ્ર છત્રીસ, કહી નિર્લોભતા જિનવરજી; ઓગણસાઠ સહસ, એક લાખ તે શ્રાવક સંપદા જિનવરજી; તીન લાખ ને સહસ અઢાર. તે શ્રાવિકા સંમુદા; જિનવરજી. ૮. ચૌદ પૂરવ ધારી ત્રણસેં, સંખ્યા જાણીએ જિનવરજી; તેરસેં ઓહી નાણી, સાતસેં

કેવલી વખાણીએ જિનવરજી; લબ્ધિ ધારી સાતસેં, વિપુલ મતિ વળી પાંચસેં જિનવરજી. વળી ચારસો વાદી, તે પ્રભુજી પાસે વસે. જિનવરજી ૯. શિષ્ય સાતસો ને વળી, ચૌદસો સાધવી સિદ્ધ થયાં જિનવરજી; એ પ્રભુજીનો પરિવાર, કહેતાં મન ગહ ગહ્યાં જિનવરજી; પ્રભુજીએ ત્રીસ વરસ, ઘર વાસે ભોગવ્યાં; જિનવરજી; છદ્મસ્થ પણામાં બાર, વરસ તે ભોગવ્યાં; જિનવરજી. ૧૦. ત્રીસ વરસ કેવલ, બેંતાલીસ વરસ સંયમપણું જિનવરજી; સંપૂરણ બહોંતેર વરસ, આયુ શ્રી વીર તણું જિનવરજી; દિવાળી દિવસે સ્વાતિ, નક્ષત્ર સોહંકરૂં જિનવરજી; મધરાતે મુક્તિ પહોંત્યા, પ્રભુજી મનોહરૂં. જિનવરજી. ૧૧. એ પાંચ કલ્યાણક ચોવીસમા, જિનવર તણાં જિનવરજી; તે ભણતાં

ગણુતાં હરખ, હોય મનમાં ઘણું જિનવરજી;
જિન શાસન નાયક, ત્રિશલાસુત ચિત્તરંજનો
જિનવરજી; ભવિયણુને શિવ સુખકારી, ભવ
ભય ભંજનો જિનવરજી. ૧૨.

—: કળશ :—

જયવીર જિનવર, સંઘ સુખકર;
થુણ્યો અતિ ઉત્સુક ધરી, સંવત
સત્તર એકાદશીએ, સુરત ચોમાસું કરી;
શ્રી સહજસુંદર તણો સેવક,
ભક્તિ શું એણી પેરે ભણે,
પ્રભુજી શું પુરણ પ્રેમ પામી,
નિત્ય લાભ વાંછિત લહે.

## ૨. અઠ્ઠાઈનું સ્તવન. (ઢાળ નવ.)

દુહાઃ–શ્રી સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ
જિનચંદ; પરમ પંચ પરમેષ્ઠિમાં, તાસુ ચરણ

સુખકંદ. ૧. ત્રિગુણ ગોચર નામ જે, સુબુદ્ધ ઇશાન માને જેહ; થયા લોકોત્તર તત્ત્વથી, તે સર્વે જિન ગેહ. ૨. પંચ વર્ણ અરિહંત શું, પંચ કલ્યાણક ધ્યેય, ષડ અઠ્ઠાઈ સ્તવના રચું, પ્રણમી અનંત ગુણગેહ. ૩.

## ઢાળ પહેલી

(કપૂર હોવે અતિ ઉજલો રે-એ દેશી.)

ચૈત્ર માસ સુદિ પક્ષમાં રે, પ્રથમ અઠ્ઠાઈ સંજોગ; જિહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે, ભવિકા પર્વ અઠ્ઠાઈ આરાધ, મનવાંછિત સુખસાધ રે. ભવિકા૦ ૧. પંચ પરમેષ્ઠિ ત્રિકાલના રે, ઉત્તર ચઉ ગુણ કંત; શાશ્વતપદ સિદ્ધચક્રને રે, વંદતાં પુણ્ય મહંત રે ભવિકા૦ ૨. લોચન કર્ણયુગલ મુખે રે,

નાસિકા અગ્ર નીલાડ; તાલુ શિર નાભિ હૃદે રે, ભ્રમુહ મધ્યે ધ્યાન પાઠ રે. ભવિકા૦ ૩. આલંબન સ્થાનક કહ્યા રે, જ્ઞાનીએ દેહ મોઝાર; તેહમાં વિગત વિષય પરે રે ચિત્તમાં એક આધાર રે. ભવિકા૦ ૪. અષ્ટ કમલ દલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ; બાહિર યંત્ર રચી કરી રે, ધારો અનંત અનુભવ રે. ભવિકા૦ ૫. આસો સુદિ સાતમ થકી રે, બીજી અઠ્ઠાઈ મંડાણ, બસેં તેંતાલીસ ગુણે કરી રે, અસિઆઉસાદિક ધ્યાન રે. ભવિકા૦ ૬. ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર; કરતાં દેવ નંદીશ્વરે રે, નર નિજ ઠામ સુપાત્ર રે. ભવિકા૦ ૭.

## ઢાળ બીજી

( સિદ્ધચક્ર પદ વંદો-એ દેશી )

અષાઢ ચોમાસાની અઠ્ઠાઈ, જિહાં અભિગ્રહ અધિકાઈ; કૃષ્ણ કુમારપાળ પરે પાળો, જીવદયા ચિત્ત લાઈ રે; પ્રાણી અઠ્ઠાઈ મહોત્સવ કરિએ સચિત આરંભ પરિહરિએ રે. પ્રા૦ ૧. દિસિ ગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક; અછતી વસ્તુ પણ વિરતિએ બહુ ફલ, વંકચૂલ સુવિવેક રે. પ્રા૦ ૨. જે જે દેહ ગ્રહીને મૂકયા, જેહથી તે હિંસા થાય; પાપ આકર્ષણ અવ્રતિ યોગે, તે જીવે કર્મ બંધાય રે. પ્રા૦ ૩. સાયક દેહતા જીવ જે ગતિમાં, વસીયા તસ હોય કર્મ, રાજા રંકને કિરીયા સરીખી,ભગવતી અંગનો મર્મ રે. પ્રા૦ ૪. ચોમાસી આવશ્યક

કાઉસ્સગ્ગના, પંચ શત માને ઉસાસા; છઠતપની આલોયણ કરતાં, વિરતિધર્મ ઉજાસા રે પ્રા૦૫.

## ઢાલ ત્રીજી

(જિન રયણીજી, દસ દિસિ નિર્મલતા ધરો-એ દેશી)

કાર્તિક સુદિમાંજી, ધર્મ વાસર અડધારીએ; તીમ વલી ફાલ્ગુણેજી, પર્વ અઠાઈ સંભારીએ; ત્રણ અઠ્ઠાઈજી, ચઉમાસી ત્રણ કારણે, ભવિ જીવનાજી, પાતિક સર્વ નિવારણે. ૧ નિવારણી પાતક તણી એ જાણી, અવધિ જ્ઞાને સુરવરા; નિકાય ચારના ઇંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા; અઠ્ઠાઇ મહોત્સવ કારણ સમયે, શાશ્વતા એ દેખીએ; સવી સજ્જ થાયે દેવ દેવી, ઘંટનાદ વિસેસીએ. ૨ વલી સુરપતિજી, ઉદ્ઘોષણા સુરલોકમાં; નીપજાવીજી, પરિકર સહિત અશોકમાં; દ્વીપ આઠમેજી,

નંદીશ્વર સુર આવીયા; શાશ્વતી પડિમાજી, પ્રણમી વધાવે ભાવીયા. ૩. ભાવિયા પ્રણમી વધાવે પ્રભુને, હર્ષ બહુલે નાચતા; બત્તીસ-વિધનાં કરીયાં નાટિક, કોડી સુરપતિ માચતા; હાથ જોડી માન મોડી, અંગ ભાવ દેખાવતી; અપ્સરા રંભા અતિ અચંભા, અરિહંત ગુણ આલાવતી. ૪. ત્રણ અઠ્ઠાઈમાંજી, ષટ્ કલ્યાણક જિન તણા; તથા આલયજી, બાવન જિનના બિંબ ઘણા; તસ સ્તવનાજી, અદ્ભુત અર્થ વખાણતાં; ઠામે પહોંચેજી, પછી જિન નામ સંભારતાં. ૫. સંભારતાં પ્રભુનું નામ નિશદિન, પર્વ અઠ્ઠાઈ મન ધરે, સમકિત નિર્મલ કરણ કારણ, શુભ અભ્યાસે અનુસરે; નર નારી સમક્તિવંત ભાવે, એહ પર્વ આરાધશે; વિઘ્ન નિવારે તેહના સવિ, સૌભાગ્ય લક્ષ્મી વાધશે ૬.

## ઢાળ ચોથી

( આદિ જિણંદ મયા કરો–એ દેશી )

પર્વ પર્યુષણમાં સદા, અમારી પડહો વજડાવે રે; સંઘ ભક્તિ દ્રવ્ય ભાવથી, સ્વામીવત્સલ સુમંડાવે રે, મહોદય પર્વ મહિમાનિધિ. ૧. સ્વામીવત્સલ એકણુ પાસે, એકત્ર ધર્મ સમુદાય રે, બુદ્ધિ તુલાએ તોલીએ, તુલ્ય લાભ ફલ થાય રે. મહો૦ ૨. ઉદાયી ચરમ રાજરૂષિ, તેમ કરો ખામણા સત્ય રે; મિચ્છામિ દુક્કડં દેઇને, ફરી સેવે પાપવત્તરે. મહો૦ ૩. તે કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહિ રે; ચૈત્ય પરિપાટી કહી, પૂજા ત્રિકાલ ઉચ્છાંહી રે. મહો૦ ૪. છેલ્લી ચારે અઠ્ઠાઈએ, મહોટો મહોત્સવ રચે દેવા રે;

જીવાભિગમે એમ ઉચરે, પ્રભુ શાસનના એ મેવા રે. મહો૦ ૫.

## ઢાળ પાંચમી

( અરણિક મુનિવર ચાલ્યા ગોચરી-એ દેશી )

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરોધ રે; કારક સાધક પ્રભુના ધર્મનો, ઇચ્છા રોધે હોય શુદ્ધ રે, તપને સેવો રે કંતા વિરતિના. ૧. છુટે સો વર્ષે રે કર્મ અકામથી, નારકી તે તો સકામે રે; પાપ રહિત હોય નવકારસી થકી, સહસ તે પોરિસી ઠામે રે. તપ૦ ૨. વાધંતો વધતો રે તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદાર રે; દશ લાખ કોડી વર્ષનું આઉખું, દુરિત મીટે નિરાધાર રે. તપ૦ ૩. પચાસ વર્ષ સુધી તપ્યાં લખમણાં, માયા તપ નવિ શુદ્ધ રે; અસંખ્ય ભવ ભમ્યા એક

કુવચનથી, પદ્મનાભ વારે સિદ્ધ રે. તપ૦ ૪. આહાર નિરિહંતા રે સમ્યક્ તપ કહ્યો, જુઓ અભ્યંતર તત્ત્વ રે; ભવોદધિ સેતુ રે અઠ્ઠમ તપ ગણિ, નાગકેતુ ફળ પત્ત રે. તપ૦ ૫.

## ઢાળ છઠ્ઠી

( સ્વામી સીમંધરા વિનતિ–એ દેશી )

વાર્ષિક પડિકમણા વિષે, એક હજાર શુભ આઠ રે; શ્વાસ ઉશ્વાસ કાઉસ્સગ્ગ તણા, આદરી ત્યજો કર્મ આઠ રે. પ્રભુ તુમ શાસન અતિ ભલું. ૧. દુગ લખ ચઉ સય અડ કહ્યા, પલ્ય પણયાલીસ હજાર રે; નવ ભાંગે પલ્યના ચઉ ગ્રહ્યા, શ્વાસમાં સુર આયુ સાર રે. પ્રભુ૦ ૨. ઓગણીસ લાખને ત્રેંસઠી, સહસ બસેં સડસઠી રે; પલ્યોપમ દેવનું આઉખું, નવકાર

કાઉસ્સગ્ગ જીઠ રે. પ્રભુ૦ ૩. એકસઠ લાખને પણુતીસા, સહસ બસેં દશ જાણુ રે; એટલા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસ્સગ્ગ માન રે. પ્રભુ૦ ૪. ધેનુ ધણ રૂપે રે જીવના, અચલ છે આઠ પ્રદેશ રે; તેહ પરે સર્વ નિર્મલ કરે, પર્વ અઠ્ઠાઈ ઉપદેશ રે. પ્રભુ૦ ૫.

## ઢાળ સાતમી

( લીલાવંત કુંવર ભલો—એ દેશી )

સોહમ કહે જંબુ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત, અર્થ પ્રકાશ્યો વીરજી, તેમ મેં રચિઓ સિદ્ધાંત રે. વિ૦ પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧. ષડ લાખ ત્રણસો તેત્રીસ, એગુણાસાઠ હજાર રે. વિ૦; પીસ્તાલીસ આગમતણી, સંખ્યા જગ આધાર રે વિ૦ પ્રભુ૦ ૨.

આથમ્યે જિન કેવલ રવિ, સુત્ત દીપકથી વ્યવ-હાર રે, વિ૦; ઉભય પ્રકાશક સુત્રનો, સંપ્રતિ બહુ ઉપગાર રે વિ૦ પ્રભુ૦ ૩. પુણ્યક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહિ નવકાર રે વિ૦ શુક્લ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસુત્ર તેમ સાર રે વિ૦ પ્રભુ૦ ૪. વીર વર્ણન છે જેહમાં, શ્રી તપ તસુ સેવ રે વિ૦; છઠ તપે કલ્પસુત્ર સુણે મુદા, ઉચિત વિધિ તતખેવ રે વિ૦ પ્રભુ૦ ૫.

## ઢાળ આઠમી

(તપશું રંગ લાગ્યો–એ દેશી)

નેવું સહસ સંપ્રતિ નૃપે રે, ઉતર્યા જૈન પ્રાસાદ રે; છત્રીસ સહસ નવા કર્યા રે, નિજ આયુ દિનવાદ રે. મનમેં મોદે રે, પૂજો પૂજો રે મહોદય પર્વ મહોત્સવ મોટે રે. ૧. અસંખ્ય

ભરતના પાટવી રે, અઠ્ઠાઈ ધર્મના કામિ રે; સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે, અજરામર શુભ ઠામ રે. મનમેં૦ ૨. યુગપ્રધાન પુરવ ધણી રે, વયરસ્વામી ગુણધાર રે; નિજ પિતા મિત્ર પાસે જઈ રે, ચાચ્યાં ફુલ તૈયાર રે. ૩. મનમેં૦ વીસ લાખ ફૂલ લેઈને રે, આવ્યા ગિરિ હિમવંત રે; શ્રી દેવી હાથે લીધા રે, મહા કમલ ગુણવંત રે. મનમેં૦ ૪. પછી જિનરાગીને સોંપીયા રે, સુભિક્ષનયરી મોઝાર રે; સુગતમત ઉછે દિને રે, શાસન શોભા અપાર રે. મનમેં૦ ૫.

## ઢાળ નવમી

(ભરત નૃપ ભાવશું-એ દેશી)

પ્રાતિહાર્ય અડ પામીયે રે, સિદ્ધ પ્રભુના ગુણ આઠ હર્ષ ધરી સેવીયે એ; જ્ઞાન દર્શન ચારિત્રનાં એ, આઠ આચારના પાઠ. હર્ષ૦

સેવો સેવો પર્વમહંત. હર્ષ૦૧. પવયણ માતા સિદ્ધિનું એ, બુદ્ધિ ગુણા અડ દષ્ટ, હર્ષ૦; ગણી સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દીએ પુષ્ટ. હર્ષ૦૨. આઠ કર્મ અડ દોષને એ, અડ મદ પરમાદ. હર્ષ; પરિહરિ આઠ આઠ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ. હર્ષ૦ ૩. ગુર્જર દીલ્હી દેશમાં એ, અકબરશાહ સુલતાન. હર્ષ૦; હીરજી ગુરૂના વયણથી એ, અમારી પડહ વજાવ. હર્ષ૦ ૪ સેનસૂરિ તપગચ્છમણિ એ, તિલક આણંદ મુણિંદ. હર્ષ૦; રાજ્યમાન રિદ્ધિ લહે એ, સૌભાગ્ય લક્ષ્મી સૂરિંદ. હર્ષ૦ ૫. સેવો સેવો પર્વ મહંત, હર્ષ૦, પૂજો જિનપદ અરવિંદ, હર્ષ૦; પુણ્ય પર્વ સુખકંદ; હર્ષ૦, પ્રગટે પરમાનંદ હર્ષ૦, કહે એમ લક્ષ્મીસૂરિંદ હર્ષ૦. ૬.

## કલશ

એમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામે અઠ્ઠાઇના ગુણ કહ્યા; ભવિ જીવ સાધો નિત્ય આરાધો, આત્મ ધર્મે ઉમહ્યાં. ૧ સંવત્ જિન અતિશય વસુ સસી (૧૮૩૪) ચૈત્રી પુનમે ધ્યાઇયા; સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ બહુ, સંઘ મંગલ પાઇયા. ૨.

---

## ૨. શ્રી મહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું બાર ઢાળનું સ્તવન.

### ઢાળ પહેલી

(પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત–એ દેશી)

સરસતિ ભગવતિ દીયો મતિ ચંગી, સરસ સુરંગી વાણ; તુજ પસાય માય ચિત્ત ધરી હું,

જિનગુણ રયણુની ખાણુ. ૧. ગિરૂઆ ગુણુ વીરજી ગાઇશું ત્રિભુવનરાય; તુજ નામે ઘર મંગલમાલા, ચિત્ત ધરે બહુ સુખ થાય. ગિ૦ ૨. જંબુદ્વીપે ભરત ક્ષેત્રમાંહિ, નયર માહણુકુંડ ગામ; રૂષભદત્ત વર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા નામ. ગિ૦ ૩. સુર વિમાન વર પુષ્પોત્તરથી, ચવિ પ્રભુ લીયે અવતાર; તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર. ગિ૦ ૪. ધૂરે મયગલ મલપંતો દેખે, બીજે વૃષભ વિશાલ; ત્રીજે કેસરી લક્ષ્મી ચોથે, પાંચમે ફૂલની માલ. ગિ૦ ૫. ચંદ્ર સૂર્ય ધ્વજ કલશ પઉમસર, દેખે દેવ વિમાન; રયણુરેહા રયણાસર રાજે, ચૌદમે અગ્નિ પ્રધાન. ગિ૦ ૬. આનંદભર તવ જાગી સુંદરી, કંતને કહે પરભાત; સુણી વિપ્ર કહે તુજ સુત હોશે

ત્રિભુવન માંહે વિખ્યાત. ગિ૦૭. અતિ અભિમાન કીયો મરિચિ ભવે, જુઓ જુઓ કરમ વિચાર; તાત સુતા વર તિહાં થયા કુંવર, વલી નીચ કુલે અવતાર. ગિ૦ ૮. ઈણ અવસર ઇંદ્રાસન ડોલે, નાણે કરિ હરિ જોય; માહણ કુખે જગ ગુરૂ પેખે, નમી કહે અઘટતું હોય. ગિ૦ ૯. તતક્ષણ હરિ હરણેંદ્ર તેડાવી, મોકલિયો તેણે ઠાય; માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહું બદલી સુર જાય. ગિ૦ ૧૦. વલિ નિશિભર તે દેવાનંદા, સુપન લહે અસાર; જાણ્યું સુપન ત્રિશલા કર ચઢિયાં, જઇ કહે નિજ ભરતાર. ગિ૦ ૧૧. કંથ કહે તું દુઃખ હર સુંદરી, મુજ મન અચરિજ હોય; મરૂસ્થલ રણમાં કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટલ્યો સોય. ગિ૦ ૧૨.

## ઢાળ બીજી.

નયરિ ક્ષત્રિકુંડ નરપતિ, સિદ્ધારથ ભલાએ; આણ ન ખંડે રે તસ તણી, જગ જસ નિર્મલો એ. ૧. તસ પટરાણી ત્રિશલા સતી, કુખે જગપતિ એ; પરમ હર્ષ હિયડે ધરિ, ઠવિયા સુરપતિ એ. ૨. સુખ સેજે પોઢી દેવી, તો ચૌદ સુપન લહે એ; જાગતી જિન ગુણ ગાવતી, હર્ષતી ગહગહે એ. ૩. રાજહંસ ગતિ ચાલતી, પિયુ કને આવતી એ; પ્રહ ઉગમતે સૂર તો, વિનવે નિજ પતિ એ. ૪. વાત સુણી રાય રંજિયો, પંડિત તેડીયા એ; તેણે સમે સુપન વિચાર તો, પુસ્તક છોડીયાં એ. ૫. બોલે મધુરી વાણ તો, ગુણનિધિ સુત હોશે એ;સુખ સંપત્તિ ઘરે વાધશે, સંકટ ભાંજશે એ. ૬. પંડિતને રાય તુઠિયા લચ્છી દીયે ઘણી એ; કહે એ વાણી સફલ

હોજો, અમને તુમ તણી એ ૭. નિજપદ પંડિત સંચર્યા, રાય સુખે રહે એ; દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહે એ. ૮. માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીં એ; સાત માસ વાડા વોલીયા, માય ચિંતા લહીએ. ૯. સહીયરને કહે સાંભલો, કુણે મહારો ગર્ભ હર્યો એ, હું રે ભોલી જાણું નહીં, ફોગટ પ્રગટ કર્યો એ. ૧૦. સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટલે એ; તવ જિન જ્ઞાન પ્રયુંજીયો, ગર્ભ તે સલસલે એ. ૧૧. માત પિતા પરિવારનું, દુઃખ નિવારિયું એ; સંયમ ન લેઉં માય તાય છતાં, જિન નિર્ધારિયું એ. ૧૨ અણદીઠે મોહ એવડો તે કિમ વિછોહ ખમે એ; નવ માસ વાડા ઉપરે, દિન

સાડા સાતમે એ. ૧૩. ચૈત્ર શુકલ દિન તેરસે, શ્રીજિન જનમીઆ એ; સિદ્ધારથ ભૂપતિ ભલો, ઓચ્છવ તવ માંડિયા એ. ૧૪.

## ઢાળ ત્રીજી.

( વસ્તુની દેશી )

પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો, જગત શણુ-ગાર; શ્રીસિદ્ધારથ નૃપ કુલ તિલો, કુલ મંડણુ કુલ તણો દીવો; શ્રીજિનધર્મ પસાઉલે, ત્રિશલા દેવી સુત ચિરંજીવો; એમ આશીષ દીયે ભલી, આવી છપન્ન કુમારી, સૂતિકર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નારી. ૧.

## ઢાળ ૪ થી

ચલ્યું રે સિંહાસન ઇંદ્ર, જ્ઞાને નિરખતા એ; જાણી જન્મ જિણુંદ, ઇંદ્ર તવ હરખતા એ.

૧. આસનથી રે ઉઠેવ, ભકિત હૃદયે ઘણી એ;
વાજે સુઘોષા ઘંટ, સઘલે રણઝણે એ. ૨.
ઇંદ્ર ભુવનપતિ વીશ, વ્યંતર તણાએ; બત્રીશ
રવિ શશિ દોય, દશ હરિ કલ્પના એ. ૩.
ચોસઠ ઇંદ્રિ મિલેવી, પ્રણમી કહે એ; રત્નગર્ભા
જિનમાત, દુજી એસી નહીં એ. ૪. જન્મમહો-
ત્સવ કરે દેવ, સરવે આવીયા એ; માયને
દેઇ નિંદ્રા મંત્ર, સુત લેઇ મેરૂ ગયા એ. ૫.
કંચન મણિ રે ભૃંગાર, ગંધોદક ભર્યા એ;
કિમ સહેશે લઘુ વીર, હરિ શંકા ધરે એ ૭.
ચરણ અંગુઠે મેરૂ, ચાંપી નાચિયો એ; મુજ
શિર પગ ભગવંત, ઈમ કહી માચિયો એ. ૮.
ઉલટયા સાયર સાત, સરવે, જલ હલ્યા એ;
પાયાલે નાગિંદ્ર, સઘલા સલવલ્યા એ. ૯.
ગિરિવર ત્રટે ટૂંક, ગડગડે ઘણું એ; ત્રણ ભુવ-

નના લોકે, કંપિત લડથડયા એ. ૧૦. અનંત બલ અરિહંત, સુરપતિ કહે એ; મુજ મન મૂરખ મૂઢ, એટલું નવિ લહે એ; ૧૧. પ્રદ-ક્ષિણા દેઈ ખામેય, મહોત્સવ કરે એ; નાચે સુર ગાએ ગીત, પુણ્ય પોતે ભરે એ. ૧૨. ઈણ સમે સરગની લીલ, તૃણ સમ ગણે એ; જિન મૂકી માયને પાસ, પદ ગયા આપણે એ. ૧૩. માય જાગી જુએ પુત્ર સુરવર પૂજિયો એ; કુંડલ દોઈ દેવદૂષ્ય, અમિય અંગુઠે દીયો એ. ૧૪. જન્મમહોત્સવ કરે તાત, રિદ્ધિયે વાધીયો એ; સ્વજન સંતોષી નામ, વર્દ્ધમાન થાપીયો એ. ૧૫.

## ઢાળ પાંચમી

પ્રભુ કલ્પતરૂ પરે વાધે, ગુણ મહિમા પાર ન લાધે, રૂપે અદ્‌ભુત અનુપમ અકલ, અંગ

લક્ષણ વિદ્યા સકલ. ૧. મુખ ચંદ્ર કમલ દલ નયણાં, શ્વાસ સુરભિગંધ મીઠાં વયણાં; હેમવર્ણ તનું સોહાવે. અતિ નિરમલ નીરે નવરાવે. ૨. તપ તેજે સૂર્ય સોહે, જોતાં સુર નરનાં મન મોહે; રમે રાજકુંવર શું વનમાં, માયતાયને આનંદ મનમાં ૩. પ્રભુ અતુલ મહાબલ વીર, ઇંદ્ર સભામાંહે કહે જિન વીર; એક સૂર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને રમવાને. ૪. સુર અહિં થઈ આમલિયો રાખે, પ્રભુ હાથે ઝાલી દૂર નાખે; વલી બાલક થઇ આવી રમીયો, હારી વીરને ખાંધે લઈ ગમીયો. ૫. માય તાય દુઃખ ધરી કહે મિત્ર, વર્ધમાનને લઈ ગયો શત્રુ; જોતા સુર વાધે ગગને મિથ્યાત્વી, વીરે મુઠીયે હણ્યો પડયો ધરતી. ૬. નમી નામ દીધું મહાવીર, જેહવો ઇન્દ્રે કહ્યો તેહવો ધીર; સૂર

વલીયો ને પ્રભુ આવ્યા રંગે, માય તાયને ઉલટ અંગે. ૭.

## ઢાલ છઠ્ઠી

(વસ્તુની દેશી)

રાય ઓચ્છવ રાય ઓચ્છવ, કરે મનરંગ, લેખન શાલા સુત ઠવે, વીર જ્ઞાન સયલ જાણે; તવ સુધર્માં ઇંદ્ર આવી કરી પૂછે, ગ્રંથ સામી વખાણે; જૈન વ્યાકરણ તિહાં કીયો, આણંદે સુરરાય; વચન વિશેષ ભારતી, પંડયો વિસ્મય થાય ૧.

## ઢાળ સાતમી

યૌવન વય જિન આવિયા એ, રાયે કન્યા યશોદા પરણાવીયાં એ, વિવાહ મહોત્સવ શુભ કીયા એ, સવિ સુખ સંસારનાં વિલસીયાં એ.

૧. અનુક્રમે હુઇ એક કુંવરી એ, ત્રીશ વરસ જિનરાજ લીલા કરી એ; માતપિતા સદ્ગતિ ગયાં એ, પછી વીર વૈરાગે પૂરિયા એ. ૨. મયણરાય મનશું જીતિયો એ, વીરે અથીર સંસાર મન ચિંતિયો એ; રાજરમણી ઋદ્ધિ પરિહરી એ, કહે કુટુંબને લેશું સંયમસિરી એ. ૩.

## ઢાળ આઠમી

પિતરીયો સુપાસ રે, ભાઈ નંદીવર્દ્ધન; કહે વત્સ એમ ન કીજિયે એ. ૧. આગે માય તાય વિચ્છોહ રે, તું વલી વ્રત લીયે; ચાઢે ખાર ન દીજીયે એ. ૨. નીર વિણ જિમ મત્સ્ય રે, વીર વિના તિમ; ટલવલતું સહુ એમ કહે એ. ૩. કૃપાવંત ભગવંત રે, નેહ વચને કહી, બે વરસ ઝાઝેરાં રહે એ. ૪.

ફાસુ લીયે અન્ન પાન રે, પરઘર નવિ જીમે; ચિત્ત ચારિત્ર ભાંવે રમે એ. ૫. ન કરે કાજની રીત રે, સુર લોકાંતિક, આવી કહે સંયમ સમે એ. ૬. બુઝ બુઝ ભગવંત રે, છોડી વિષય સુખ; આ સંસાર વધારણો એ. ૭.

## ઢાલ નવમી.

આલે આલે ત્રિશલાનો કુંવર, રાજા સિદ્ધારથનો નંદન; દાન સંવત્સરી એ ૧. એક કોડી આઠ લાખ દિન પ્રતે એ, કનક રયણ રૂપા મોતી તો; મૂઠીસું ભરી ભરી એ. ૨. ધણ કણ ગજ રથ ઘોડલા એ, ગામ નયર પુર દેશ તો; મનવાંછિત ફલ્યાં એ. ૩. નિરધન તે ધનવંત થયા એ, તસ ઘરે ન ઓલખે નારી તો; સમ કરે વલી વલી એ. ૪ દુઃખ

દારિદ્ર હરે જગત તણા એ, મેઘ પરે વરસી દાન તો; પૃથ્વી અઋણુ કરી એ. ૫. બહુ નર નારી ઉત્સવ જુએ એ, સુરનર કરે રે મંડાણ તો; જિન દીક્ષા વરી એ. ૬. વિહાર કરમ જગગુરૂ કિયો એ, કેડે આવ્યો બ્રાહ્મણ મિત્ર તો; નારી સંતાપિયો એ. ૭. જિન જાચક હું વીસર્યો એ, પ્રભુ ખંધ થકી દેવદૂષ્ય તો, ખંડ કરી દીજીએ એ. ૮.

## ઢાળ દશમી.

( છઠ્ઠી ભાવના મન ધરો-એ દેશી )

જસ ઘર કરે પ્રભુ પારણું, સુર તિહાં કંચન વરસે અતિ ઘણું, આંગણું દીપે તેજે તેહ તણું એ. ૧. દેવદુંદુભિ વાજે એ તિણ નાદે, અંબર ગાજે એ છાજે એ; ત્રિભુવનમાં

સોહામણું એ. ૨. (ત્રોટક) સોહામણું પ્રભુ તપ તપે બહુ, દેશ વિદેશે વિચરતાં; ભવ્ય જીવને ઉપદેશ, દેઈ, સાતે ઈતિ શમાવતા. ૩. ષટ્ માસ વનમેં કાઉસ્સગ્ગે રહ્યા, જિન કર્મ કઠીન દહે સહી; ગોવાલ ગોકુલ ભળાવીયા, વીર મુખે બોલ્યા નહીં. ૪. (ઢાલ) ગોકુલ સવિ દહ દિશિ ગયા, તિણે આવી કહે મુનિ કિહાં ગયા; ઋષિરાય ઉપર મૂરખ કોપીયા એ. ૫. ચરણ ઉપર રાંધી ખીર, તેણે ઉપસર્ગે ન ચલ્યા ધીર; મહાવીર શ્રવણે ખીલા ઠોકીયા એ. ૬. (ત્રોટક) ઠોકીયા ખીલા દુઃખે પીલ્યા, કો ન લહે તિમ કરી ગયા; જિનરાયને મન શત્રુ મિત્ર સરિખા, મેરૂ પરે ધ્યાને રહ્યા. ૭. ઉન્હી વરસે મેઘ બારે, વીજળી ઝબકે ઘણી; બેઉ ચરણ ઉપર ડાભ ઊગ્યા, ઇમ સહે ત્રિભુવન ધણી. ૮.

(ઢાલ) ઈક દિન ધ્યાન પૂરૂં કરી, પ્રભુ નયરીયે પહોતા ગોચરી; તિહાં વૈદ્યે શ્રવણે ખીલા જાણીયા એ. ૯. પારણું કરી કાઉસ્સગ્ગે રહ્યા, તિહાં વૈદ્યે સંચ ભેલા કીયા; બાંધીયા વૃક્ષે દોર ખીલા તાણીયા એ. ૧૦ (ત્રોટક) તાણી કાઢયા દોય ખીલા, વીર વેદના થઈ ઘણી; આક્રંદતાં ગિરિ થયો શતખંડ, જુઓ ગતિ કરમ તણી. ૧૧. બાંધે જીવડો કર્મ હસતાં, રોવંતાં છૂટે નહીં; ધન્ય ધન્ય મુનિવર રહે સમચિત, ઇમ કર્મ ત્રુટે સહી. ૧૨.

## ઢાળ અગિયારમી

જુઓ જુઓ કરમે શું કીધું રે, અન્ન વરસ રૂષભે ન લીધું રે, કરમ વશે મ કરો ખેદ રે, મલ્લિનાથ પામ્યા સ્ત્રીવેદ રે. ૧. કર્મે

ચક્રી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરકે એ પડિયો રે; ભરત બાહુબલ શું લડિયો રે, ચક્રી હરિરાય જસ ચડિયો રે. ૨. સનત્કુમારે સહ્યા રોગ રે, નલ દમયંતી વિયોગ રે; વાસુદેવે જરાકુંવરને માર્યો રે, બલદેવ મોહનીયે ધાર્યો રે. ૩. ભાઈ શબ મસ્તકે વહીયો રે, પ્રતિબોધ સુર મુખે લહિયો રે; શ્રેણિક નરકે એ પહુત રે, વન ગયા દશરથ પુત રે. ૪. સત્યવંત હરિશ્ચંદ્ર ધીર રે, ડુંબ ઘરે શિર વહ્યું નીર રે; કુબેરદત્તને કુયોગ રે, બેન વલી માતાશું ભોગ રે. ૫. પર હસ્તે ચંદનબાલા રે, ચઢયું સુભદ્રાને આલ રે; મયણરેહા મૃગાંક લેખા રે, દુઃખ ભોગવ્યાં તે અનેકા રે. ૬. કરમે ચંદ્ર કલંકયો રે, રાય રંક કોઇ ન મૂકયો રે; ઇંદ્ર અહલ્યા શું લુબ્ધ્યો રે, રત્નાદેવી ઇશ વશ કીયો રે. ૭. ઈશ્વર નારીયે

નચાવ્યો રે, બ્રહ્મા ધ્યાનથી મુકાવ્યો રે; અહો અહો કર્મ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્દ્ધમાન રે. ૮.

## ઢાળ બારમી

ઈમ કર્મ ખપાવી, ધીર પુરૂષ મહાવીર; બાર વરસ તપ્યું તપ, તે સઘલું વિણુ નીર. ૧. શાલિવૃક્ષ તળે પ્રભુ, પામ્યા કેવળ-જ્ઞાન; સમોસરણુ રચ્યું સુર, દેશના દીયે જિનભાણુ. ૨. અપાપાનયરી, યજ્ઞ કરે વિપ્ર જેહ; સર્વ બુઝવી દીક્ષા દીયે, વીરને વન્દે તેહ. ૩. ગૌતમ ઋષિ આદે, ચારસેં ચાર હજાર; સહસ ચઉદ મુનીશ્વર, ગણુધર વર અગ્યાર. ૪. ચંદનબાલા પ્રમુખ, સાધવી સહસ છત્રીશ; દોઢ લાખ સહસ નવ, શ્રાવક દે

આશીષ. ૫. ત્રણ્ય લાખ શ્રાવિકા, ઉપર સહસ અઢાર; સંઘ ચતુર્વિધ સ્થાપ્યો, ધન ધન જિન પરિવાર. ૬. પ્રભુ અશોક તરૂ તલે, ત્રિગડે કરે વખાણ; સુણે પરષદા બારે, યોજન વાણી પ્રમાણ. ૭. ત્રણ છત્ર સોહે શિર, ચામર ઢાલે ઈંદ્ર; નાટક બદ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ. ૮. ફુલપગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ; નમે સકલ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ. ૯. ચિહું રૂપે સોહે, ધર્મ પ્રકાસે ચાર; ચોવીસમો જિનવર, આપે ભવનો પાર. ૧૦. પ્રભુ વરસ બહોંતેર, પાલી નિર્મલ આય; ત્રિભુવન ઉપગારી, તરણ તારણ જિનરાય. ૧૧. કાર્ત્તિક માસે દિન, દીવાલી નિર્વાણ; પ્રભુ મુકતે પહોંત્યા, પ્રણમે નિત્ય કલ્યાણ. ૧૨.

## કલશ

એ વીર જિનવર સયલ સુખકર, નામે નવ નિધિ સંપજે; ઘર ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એક મને જે નર ભજે; તપગચ્છ ઠાકર ગુણ વીરાગર, હીરવિજય સૂરીશ્વરૂ; હંસ વંદે મન આણંદે, કહે ધન એ મુજ ગુરૂ. ૧.

---

## ૩. શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશભવનું પંચઢાળિયું.

### દોહા

શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય; ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧. સમકિત પામે જીવ તે, ભવ ગણતી એ ગણાય; જો વળી સંસારે ભમે, તો પણ

મુકતે જાય. ૨. વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત, પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૨.

## ઢાળ પહેલી

(કપૂર હોયે અતિ ઉજલો રે–દેશી.)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર; કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે. પ્રાણી ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગ રે પ્રાણી૦ ૧. મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય; દાન દેઈ ભોજન કરૂં રે, તો વાંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨. મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ; પૂછે કેમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે. પ્રાણી૦ ૩. હરખ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;

ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરૂં આજ રે. પ્રાણી૦ ૪. પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ; સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫. દેવ ગુરૂ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર; પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬. શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સર્ગ મઝાર; પલ્પોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે પ્રાણી૦ ૭. નામે મરીચી જોવને રે, સંયમ લીએ પ્રભુ પાસ; દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રાણી૦ ૮.

## ઢાળ બીજી

(વિવાહલાની દેશી.)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીસર

ભેળા, જળ થોડે સ્નાન વિશેષ, પગ પાવડી ભગવે વેષ. ૧. ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી; વળી છત્ર વિલેપન અંગે, થુલથી વ્રત ધરતો રંગે. ૨. સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે; સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩. જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ; વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪. ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે, મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫. તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો; નવિ વંદુ ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬. એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે; મ્હારે ત્રણ પદવીની

છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭. અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ મ્હારૂં કહીશું; નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮. એક દિન તનું રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે; ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯. દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચી લીયો પ્રભુ પાસે; રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦. તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચી એમ; મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧. મરીચી કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા જોવન વયમાં; એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨. લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગે સધાય; દશ સાગર જીવિત

ત્યાંહી, શુભ વીર સદા સુખ માંહી. ૧૩.

## ઢાળ ત્રીજી

(ચોપાઈની દેશી.)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ; એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧. કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર; બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડિક વેષ ધરાય. ૨. સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિ વેશે ગયો; અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મૂઓ. ૩. મધ્ય સ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ; લાખ છપ્પન પૂરવાયુરી, અગ્નિભૂતિ ત્રિદંડિક મરી. ૪. ત્રીજે સરગ મધ્યાયુ ધરી, બારમે ભવ

શ્વતાંબીપુરી; પુરવ લાખ ચુમ્માલીસ આય, ભારદ્વિજ ત્રિદંડિક થાય. ૫. તેરમે ચોથે સ્વર્ગે રમી, કાલ ઘણો સંસારે ભમી; ચઉદમે ભવ રાજગૃહી જાય; ચોત્રીસ લાખ પૂર્વને આય. ૬. થાવર વિપ્રિ ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો; સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭. સંભૂતિ મુનિ પાસે અણગાર; દુક્કર તપ કરી વરસ હજાર; માસખમણ પારણધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮. ગાયે હણ્યા મુનિ પડીયા વશા, વિશાખાનંદી પિતરિયો હસ્યા; ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯. તપ બળથી હોજ્યો બળ ધણી, કરી નિયાણું મુનિ અણુસણી; સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

## ઢાળ ચોથી

(નદી યમુના કે તીર, ઉડે દોય પંખીયાં–એ દેશી)

અઢારમે ભવે સાત સુપને સૂચિત સતી, પોતનપુરીએ પ્રજાપતિ રાણી મૃગાવતી; તસ સુત નામે ત્રિપૃષ્ઠ વાસુદેવ નીપન્યા; પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ૧. વીશમે ભવ થઇ સિંહ ચોથી નરકે ગયા, તિહાંથી ચવી સંસારે ભવ બહુળા થયા; બાવીસમે નર ભવ લહી પુણ્ય દશા વર્યા, ત્રેવીશમે રાજધાની મુકામે સંચર્યા. ૨. રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા, લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા; પ્રિય મિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી, કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩. મહા શુક્ર થઈ દેવ ઇણે ભરતે ચવી, છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી; ભદ્રા માય લખ પચવીશ

વરસ સ્થિતિ ધરી, નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪. અગિયાર લાખ ને એંશી હજાર છસ્સેં વળી, ઉપર પીસ્તાલીસ અધિક પણ દિન રૂળી; વીશસ્થાનક માસક્ષમણે જાવજ્જીવ સાધતા, તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫. લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા, છવીશમે ભવ પ્રાણુત કલ્પે દેવતા; સાગર વીસનું જીવિત સુખભર ભોગવે, શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬.

## ઢાળ પાંચમી

(ગજરામારૂજી ચાલ્યા ચાકરી રે-એ દેશી.)

નયર માહણકુંડમાં વસે રે, મહારિદ્ધિ રૂષભદત્ત નામ; દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે; પેટ લીધો પ્રભુ વિસ-

રામ. ૧. ખ્યાશી દીવસને અંતરે રે, સુર હરિણગમેષી આય; સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ત્રિ૦ ૨. નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ; પરણી યશોદા જોવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ના૦ ૩. સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ; બાર વરસે હુઆ કેવળી રે, શિવ વહુનું તિલક શિર દીધ રે. શિ૦ ૪. સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા રૂષભદત્ત પ્યાર; સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ ૫. ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર; છત્રીસ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. બીજો૦ ૬. ત્રીસ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ; બહોંતેર વરસનું આવખું રે,

દીવાળીયે શિવપદ લીધ રે. દીવા૦ ૭. અગુરૂ લઘુ અવગાહને રે, કીયો સાદી અનંત નિવાસ; મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. તન૦ ૮. તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ; તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તમારી આશ રે. અમે૦ ૯. અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠા ગુરૂ ઉપદેશ; લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. નવિ૦ ૧૦. મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ; દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભ વીર સદા સુખવાસ રે. શુભ૦ ૧૧.

## કળશ

ઓગણીશ એકે (૧૯૦૧) વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો; મેં થુણ્યો લાયક વિશ્વ-

નાયક, વર્દ્ધમાન જિનેશ્વરો; સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો; શુભવિજય પંડિત ચરણ સેવક, વીરવિજય જય જય કરો.૧.

## ૪. શ્રી મહાવીર સ્વામીનું પંચ કલ્યાણકનું ત્રણ ઢાળનું સ્તવન

### (દુહા)

શાસન નાયક શિવ કરણ, વંદું વીર જિણંદ; પંચ કલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ. ૧. સુણતાં થુણતાં પ્રભુ તણાં, ગુણ ગીરૂઆ એકતાર; ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર.

## ઢાળ પહેલી

(બાપડી સુણ જીભલડી–એ દેશી.)

સાંભળજો સસનેહિ સયણાં, પ્રભુનું ચરિત્ર ઉલ્લાસે; જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશે રે. સાં૦ ૧. જંબુદ્રીપે દક્ષિણ ભરતે, માહણકુંડ ગામે; ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે. સાં૦ ૨. અષાઢ વદ છઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા; ઉત્તરાફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયા રે. સાં૦ ૩. તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે; પ્રભાતે સુણી કંથ રૂષભદત્ત, હિયડા માંહી હરખે રે. સાં૦ ૪. ભાખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ, તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે. સાં૦ ૫. ભોગ ભલા ભોગ-

વતા વિચરે, એ હવે અચરિજ હોવે; શતક્રતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે. સાં૦ ૬. કરી વંદનને ઇન્દ્ર સન્મુખ, સાત આઠ પગ આવે; શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે. સાં૦ ૭. સંશય પડિયો એમ વિમાસે, જિન ચક્રી હરિ રામ; તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉગ્ર ભોગ વિણ ધામે રે. સાં૦ ૮. અંતિમ જિન માહણકુંડ આવ્યા, એહ અચ્છેરૂં કહીએ; ઉત્સર્પિણી અવસર્પિણી અનંતિ, જાતાં એહવું લહીએ રે. સાં૦ ૯. ઈણ અવસર્પિણી દશ અચ્છેરાં, થયાં તે કહીએ તેહ; ગર્ભહરણ ગોસાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે. સાં૦ ૧૦. મૂલ વિમાને રવિ શશી આવ્યા, ભમરાનો ઉત્પાત; એ શ્રી વીરજિણેસર વારે, ઉપના પંચ વિખ્યાત રે.

સાં૦ ૧૧. સ્ત્રી તીર્થ મલ્લિજિન વારે, શીતલને હરિવંશ; રૂષભને અઠોત્તરસો સીધા; સુવિધિ અસંજતિ સંસ રે. સાં૦ ૧૨. શંખ શબ્દ મીલીયા હરિ હરસ્યું, નેમીસરને વારે; તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારે રે. સાં૦ ૧૩.

## ઢાળ બીજી

(નદી યમુનાકે તીર–એ દેશી.)

ભવ સત્તવીશ સ્થુલમાંહિ ત્રીજે ભવે, મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે; નીચ ગોત્ર કરમ બાંધ્યું તિહાં તે થકી, અવતરીયા માહણ કુલ અંતિમ જિનપતિ. ૧. અતિ અઘટતું એહ થયું થાશે નહીં, જે પ્રસવે જિન ચક્રી નીચ કુલે નહીં; ઈહાં

મારો આચાર ધરૂં ઉત્તમ કુલે, હરીણ ગમેષી દેવ તેડાવે એટલે. ૨. કહે માહણકુંડ નયરે જાઇ ઉચિત કરો, દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો; નયર ક્ષત્રીયકુંડ રાય સિદ્ધારથ ગેહિની, ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની. ૩. ત્રિશલા ગર્ભ લઈને ધરો માહણી ઉરે, ખ્યાસી રાત વસીને કહ્યું તીમ સુર કરે; માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યાં, ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યાં. ૪. હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂ, શશી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂ; દેવવિમાન રયણ પુંજ અગ્નિ વિમલ હવે, દેખે ત્રિશલા એહ કે પીઉને વિનવે. ૫. હરખ્યો રાય સુપન પાઠક તેડાવીયા, રાજભોગ સુત ફલ સુણી તે વધાવિયા; ત્રિશલારાણી

વિધિસ્યું ગર્ભ સુખે હવે, માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે. ૬. માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે, કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે; ગર્ભ હર્યો મુજ કોણ હવે કેમ પામીએ, દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭. અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમેં, અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં; તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું, માતપિતા જીવતાં સંયમ નવિ ગ્રહું. ૮. કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ, બોલી ત્રિશલા માતા હિયે ઘણું હિસતી; અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલવલ્યો, સેવ્યો શ્રી જૈનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો. ૯. સખીય કહે શીખામણ સ્વામીની સાંભલો, હળવે હળવે બોલો હસો રંગે ચલો, ઈમ

આનંદે વિચરતા ડોહલા પુરતે, નવ મહીના ને સાડા સાત દિવસ થતે. ૧૦. ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા, જોગે જનમ્યા વીર કે તવ વિકસી ધરા; ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણા, સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા. ૧૧. આવી છપ્પન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે, ચલ્યું રે સિંહાસન ઇંદ્ર કે ઘંટા રણઝણે; મળી સુરની કોડ કે સુર વર આવીયો, પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨. એક ક્રોડ સાઠ લાખ કલશ જલશું ભર્યા, કિમ સેહેસ્યે લઘુ વીર કે ઇંદ્ર સંશય ધર્યા; પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ગડગડે, ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે. ૧૩. અનંત બળી પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ, ચાર વૃષભનાં રૂપ કરી જલ

નામીઓ; પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે, ધરી અંગુઠ અમૃત ગયા નંદીશ્વરે. ૧૪.

## ઢાળ ત્રીજી

(હમચડીની દેશી)

કરી મહોત્સવ સિદ્ધારથ ભૂપ, નામ ધારે વર્ધમાન; દિન દિન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા અસમાન રે. હમચડી. ૧. એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જાવે; ઇંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવે રે. હમચડી. ૨. અહિ રૂપે વિંટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાલી; સાત તાડનું રૂપ કર્યું તબ, મુઠે નાખ્યો વાલી રે. હમચડી. ૩. પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર; જેવો ઇંદ્રે વખાણ્યો

સ્વામી, તેવો સાહસ ધીર રે. હમચડી. ૪. માતપિતા નિશાળે મૂકે, આઠ વરસના જાણી; ઇંદ્ર તણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી રે. હમચડી. ૫. અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી; અઠ્ઠા-વીસ વરસે પ્રભુનાં, માતપિતા નિર્વાણી રે. હમચડી. ૬. દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ઘર વાસે વસીયા; ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયા રે. હમચડી. ૭. એક ક્રોડ આઠ લાખ સોનઇયા, દિન દિન પ્રભુજી આપે; ઈમ સંવત્સરી દાન દેઈને, જગના દારિદ્ર કાપે રે. હમચડી. ૮. છાંડયાં રાજ અંતે ઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી; મૃગ-શીર વદ દસમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે. હમચડી. ૯. ચઉના રાણી તિન દિનથી

પ્રભુજી, વરસ દીવસ ઝાઝેરો; ચિવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરી રે. હમચડી. ૧૦. ઘોર પરસિહ સાડા બારે, વરસ જે જે સહીયા; ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાયે કહીયા રે. હમચડી. ૧૧. શૂલપાણિ ને સંગમદેવે, ચંડકોશી ગોસાલે; દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલે રે. હમચડી. ૧૨. કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મૂકી રાઢી, જે સાંભલતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શીલા ફાટી રે. હમચડી. ૧૩. તે તે દુષ્ટ સહુ ઉધરીયા, પ્રભુજી પર ઉપગારી, અડદ તણા બાકુલા લઈને, ચંદનબાલા તારી રે. હમચડી. ૧૪. દોય છ માસી નવ ચઉમાસી, અઢી માસી ત્રણ માસી; દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસી રે. હમચડી. ૧૫.

બાર માસ ને પખ બહોંતેર, બસે ઓગણ-ત્રીસ વખાણું; બાર અઠ્ઠમ ભદ્રાદિ પ્રતિમા, દિન દોઈ ચાર દશ જાણું રે. હમચડી. ૧૬. ઈમ તપ કીધાં બારે વરસે, વીણ પાણી ઉલ્લાસ; તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસેં ઓગણપચાસ રે. હમચડી. ૧૭. કર્મ ખપાવી વૈશાખ માસે, સુદ દશમી શુભ જાણ; ઉત્તરા યોગ શાલિ વૃક્ષ તલે, પામ્યા કેવલનાણ રે. હમચડી. ૧૮. ઇંદ્ર ભૂતિ આદિ પ્રતિ-બોધ્યા, ગણધર પદવી દીધી; સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે. હમ-ચડી. ૧૯. ચઉદ સહસ અણગાર, સાધ્વી સહસ છત્રીસ કહીજે; એક લાખ તે સહસ ગુણસઠી, શ્રાવક શુદ્ધ કહીજે રે. હમચડી. ૨૦. તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા

જાણી; ત્રણસેં ચઉદ પૂર્વ ધારી, તેરસેં ઓહી-નાણી, રે. હમચડી. ૨૧. સાત સયાં તે કેવલ-નાણી, લબ્ધિધારી પણ તેતા; વિપુલ મતિયાં પાંચસેં કહીયાં, ચારસેં વાદી જિત્યા રે. હમચડી. ૨૨. સાતસેં અંતે વાસી સીધ્યા, સાધ્વી ચઉદસેં સાર; દિન દિન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવાર રે. હમચડી. ૨૩. ત્રીસ વરસ ઘર વાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે; તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણા મધે રે. હમચડી. ૨૪. વરસ બહોંતેર કેરૂં આયુ, વીર જિણંદનું જાણો, દીવાલી દિન સ્વાતી નક્ષત્રે, પ્રભુજીનો નિરવાણ રે. હમચડી. ૨૫. પંચ કલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે; સંઘ તણે આગ્રહ હરખ ભરીમે, સુરત રહી ચોમાસું રે. હમચડી. ૨૬.

## કલશ

ઇમ ચરમ જિનવર સયલ સુખકર, થુણ્યો અતિ ઉલટ ધરી; અષાઢ ઉજ્જવલ પંચમી દિન, સંવત શત ત્રિહોંતરે; ભાદરવા શુદ પડવા તણે દિન, રવિવારે ઉલટ ભરી, વિમલવિજય ઉવજ્ઝાય પદકંજ, ભ્રમર સમ શુભ શિષ્ય એ; **રામવિજય** જિનવર નામે, લહે અધિક જગીસ એ. ૨૭.

---

## ૫. શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન

### ઢાળ પહેલી

(ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે–એ દેશી)

પહેલાં તે સમરૂં રે પાસ શંખેશ્વરો રે, વળી શારદ સુખકંદ; નિજ ગુરૂ કેરા રે ચરણ

કમળ નમી રે, થુણશું વીર જિણંદ. ભવિ તુમે સુણો સત્તાવીશ ભવ જોટકા રે. ૧. નયસાર નામે રે અપર વિદેહમાં રે, મહીપતિને રે આદેશ; કાષ્ટ લેવાને રે વન ગયો પરિકરે રે, ગિરિ ગહવરને પ્રદેશ. ભવિ૦ ૨. આહાર વેળાયે રે રસવતી નીપની રે, દાન રૂચી ચિત્ત લાવ; અતિથિ જુએ રે એણે અવસરે રે, ધરી અંતરંગથી ભાવ. ભવિ૦ ૩. પુન્ય સંયોગે રે મુનિવર આવીયા રે, મારગ ભૂલ્યા છે તેહ; નીરખી ચિંતે રે ધન્ય મુજ ભાગ્યને રે, રોમાંચિત થયો દેહ. ભવિ૦ ૪. નિરવદ્ય આહાર દેઇને ઇમ કહે રે, નિસ્તારો મુજ સ્વામ; યોગ્ય જાણીને રે મુનિ દીયે દેશના રે, સમકિત લહ્યો અભિરામ. ભવિ૦ ૫. મારગ દેખાડી વાંદીને વળ્યો રે, સમરંતો નવકાર; દેવગુરૂ

ધર્મ તત્ત્વને આદર્યાં રે, શાશ્વત સુખ દાતાર. ભવિ૦ ૬. પહેલે ભવે ઇમ ધર્મ આરાધીને રે, સૌધર્મે થયો દેવ; એક પલ્યોપમ આઉખું ભોગવી રે, બીજે ભવ સ્વયમેવ. ભવિ૦ ૭. ત્રીજે ભવ ચક્રી ભરતેસરૂ રે, તસ હુઓ મારચિકુમાર; પ્રભુ વચનામૃત સાંભળી રંગથી રે, દીક્ષિત થયો અણુગાર. ભવિ૦ ૮.

## ઢાળ બીજી

( સંભવ જિનવર વિનતિ–એ દેશી. )

એક દિન ગ્રીષ્મ કાળમાં, વિચરંતો સ્વામી સાથ રે; વસતો ગુરૂકુલ વાસમાં, ગાતો જિન ગુણ ગાથ રે; ત્રીજો ભવ ભવિ સાંભળો. ૧. તપ તપતો અતિ આકરો, મેલે મલીન છે દેહ રે; શ્રમણુપણું દુષ્કર ઘણું, જળવાયે નહિ

તેહ રે. ત્રીજો૦ ૨. ઘર જાવું જુગતું નહિ,
ઇમ ધારીને વિરચે રે; વેષ નવો ત્રિદંડીનો,
ચંદને દેહ તે ચરચે રે. ત્રીજો૦ ૩. કર કમલે
ગ્રહું દંડને, ભગવું કપડું કરવું રે; પાયે પન હી
પેરણે, માથે છત્રને ધરવું રે. ત્રીજો૦ ૪.
પરિમિત જળશું સ્નાન હો, મુંડ જટા જુટ
ધારૂં રે; રાખું જનોઈ સુવર્ણની, પ્રાણી થુલ
ન મારૂં રે. ત્રીજો૦ ૫. વેષ કરીને કુલિંગિનો,
ધર્મ કહે વલી સાચો રે; વાણી ગુણે પડિ-
બોહતો, જે હવો હીરો જાચો રે. ત્રીજો૦ ૬.
જાણી દીક્ષા યોગ્યને, આણી મુનિને આપે રે;
જણ જણ આગળ રાગથી, સાધુ તણા ગુણ
થાપે રે. ત્રીજો૦ ૭. આદિ જિણંદ સમોસર્યા,
સાકેત નયર ઉદ્યાને રે; ભરતજી વંદન સંચર્યા,

વાંદે હરખ અમને રે. ત્રીજો૦ ૮. ભરત ભણે એ પરષદે, કોઇ અછે તુમ સરખો રે; સ્વામી કહે સુણ રાજીયા, તુમ સુત મરિચિ એ પરખો રે. ત્રીજો૦ ૯. વાસુદેવ પહેલો હોશે, ચક્રવર્તિ મુકાયે રે; તીર્થપતિ ચોવીસમો, નામે વીર કહાયે રે. ત્રીજો૦ ૧૦. પુલકિત થઈ પ્રભુ વાંદીને, મરિચિ નિકટે પહોતો રે; ત્રણ પ્રદક્ષિણા દેઇને, વંદે મન ગંહ ગહતો રે. ત્રીજો૦ ૧૧. ગુણ સ્તવના કરી ઈમ કહે, વંદુ છું એ મરમ રે; વાસુદેવ ચક્રી થઈ, થાશો જિનપતિ ચરમ રે. ત્રીજો૦ ૧૨. જિન વચનામૃત હાખવી, રંગે ઉલટ આણી રે; પ્રણમી ભરત ઘરે ગયો, મરિચિને ગુણનિધિ જાણી રે. ત્રીજો૦ ૧૩.

## ઢાળ ત્રીજી

(અનંત વીર જ અરિહંત સુણો મુજ વિનતિ)

મરિચિ મન ઈમ ચિંતવે, ભરત વચન સુણી; મુજ સમ અવર ન કોય, અછે જગમાં ગુણી; જેટલા લાભ જગતમાં, છે તે મેં લહ્યા; અહો એ આદિ જિણંદે, તે નિજ મુખ કહ્યા. ૧. રત્નાકર મુજ વંશ, અનોપમ ગુણમિતા; દાદો જિનમાં મુખ્ય, ચક્રીમાં મુજ પિતા; અહો ઉત્તમ કુળ માહરૂં, હું સહુમાં શીરે; ધન ધન મુજ અવતાર. હરિમાં હું ધુરે. ૨. ચક્રવર્તિ થઈ ચરમ, જિનેસર થાઈશું; કનક કમલ પર નિજ પદ, કમલને ઠાઈશું; સુરનર કોડા કોડી, મલી મુજ પ્રણમશે; પ્રાતિહાર જ આઠશું, સમયસરણ હુશે. ૩. મદ કરવાથી નીચ ગોત્ર, ઈમ બાંધીચું; ભવો ભવ નીચ

કરમનું, ફળ ઇમ સાંધીયું; એક દિન રોગ ઉદયથી, મન ઈમ ચિંતવે; સેવા કારક શિષ્ય કરૂં, કોઇક હવે. ૪. સાર ન પૂછે એ મુનિ, પરિચિત છે ઘણા; ડુંગરા દૂર થકી, દીસે રળીયામણા; એહવે કપિલ નામે એક, નૃપ સુત આવીયો; તેહને મરિચિયે પ્રભુનો, ધર્મ સુણાવીયો. ૫. યોગ્ય જાણી કહે જાઓ, મુનિ પાસે તુમે; દીક્ષા લો શુભ ભાવથી, કહીયે છીયે અમે; કપિલ કહે તવ ધર્મ, નથી શું તુમ ગચ્છે; મનથી ચિંતે અયોગ્ય, એ મુજ લાયક અછે. ૬. મરિચિ કહે ભો કપિલ, ઈહાં પણ ધર્મ છે; ચિત્ત રૂચે તિહાં સેવીયે, એ હિત મર્મ છે; ઈમ ઉત્સુત્ર કહ્યાથી, સંસાર વધારીયો; સાગર કોડા કોડી, અપાર અવારીયો. ૭. ચોરાશી લાખ પૂર્વનું, આયુષ્ય

ભોગવી; અંતે અનાલોચિત, ત્રીજે ભવથી ચવી; દશ સાગર ભવ ચોથે, પંચમ સ્વર્ગથી; ઉપનો પંચમ ભવ, હવે બ્રાહ્મણ ગર્વથી. ૮. એંશી પૂરવ લખ આઉખે, કૌશિક દ્વિજ થયો, થુણા નયરીયે છઠે, ભવ ભમતાં ગયો; બહોંતેર લાખ પૂર્વાયુ, પુષ્પ દ્વિજ નામથી; અંતે ત્રિદંડી થઇને મુઓ, તે અકામથી. ૯. સાતમે સોહમ ચૈત્ય પુરે, ભવ આઠમે; અગ્નિદ્યોત દ્વિજ લખ પૂર્વાયુ સાઠમેં; અંતે ત્રિદંડી થઈને, હવે નવમે ભવે; ઇશાને અમૃત સુખકે, રંગે અનુભવે.૧૦

## ઢાળ ચોથી

(સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા–એ દેશી)

અગ્નિભુતિ દ્વિજ દશમે આયો, મંદર-પુરમાં તેહ સુહાયો; લાલન તેહ સુહાયો,

છપ્પન લાખ પુરવ આયુ ધરતો; અંતે ત્રિદંડીયો થઈને તે મરતો, લાલન થઇને તે મરતો. ૧. અગિયારમેં ભવે સનતકુમાર, બારમે શ્વેતાંબી થયો અવતાર; લાલન થયો અવતાર; ભારદ્વાજ દ્વિજ અંતે ત્રિદંડી; ચુમાલીશ લાખ પૂર્વાયુ મંડી. ૨. લાલન પૂર્વાયુ મંડી. તેરમે ભવ થયો માહેન્દ્ર દેવ, ચૌદમે થાવર બ્રાહ્મણ હોવ; લાલન બ્રાહ્મણ હોય, ચોત્રીશ લાખ પૂર્વાયુ પાળી, ત્રિદંડીયો થઈ કાયાને ગાળી, લાલન કાયાને ગાળી. ૩. પંદરમે ભવે પાંચમે સ્વર્ગે, તિહાંથી ચવી ભમીયો ભવ વરગે; લાલન ભમીયો ભવ વરગે, સોળમે ભવ વિશ્વ ભૂતિ નામે, ક્ષત્રિય સુત ઉપનો તે સકામે, લાલન ઉપનો તે સકામે. ૪. વિશાખાભૂતિ ધારણીનો જાયો, સંભૂતિ સાધુએ તેહ વંદાયો; લાલન તેહ

વંદાયો, સહસ વરસ જિણે ચરણ આરાધી; તપસી થયો અતિ વિરમી ઉપાધી, લાલન વિરમી ઉપાધી; ૫. એકદિન મથુરામાં ગોચરી ચાલ્યો, વર યાત્રાયે જાતાં ભાઈએ ભાળ્યો; લાલન ભાઈ એ ભાળ્યો, એહવે એક ગાયે તસ માર્યો; ભૂમિ પડયો અતિ ક્રોધ વધાર્યો, લાલન ક્રોધ વધાર્યો, ૬. તે જોતાં ગૌ ગગને ભમાડી, ઇમ નિજ ભુજ બળ તેહને દેખાડી; લાલન તેહને દેખાડી; અણસણ સાથે નિયાણું કીધું; તપ સાટે બળ માગીને લીધું, લાલન માગીને લીધું. ૭. ક્રોડ વરસનું જીવિત ધારી, સત્તરમેં શુક્ર સ્વર્ગે અવતારી, અઢારમે ભવ પુત્રીનો કામી; પ્રજાપતિ પોતનપુર સ્વામી, લાલન પોતનપુર સ્વામી; ૮. મૃગાવતી રાણી કુખે અવતરીયો, સાત સુપન સુચિત બલ ભરીયો;

બાળપંણે જેણે સિંહને હણીયો; ત્રિપૃષ્ઠ નારાયણ કરી સુણીયો, લાલન કરી સુણીયો. ૯. ત્રણસેં સાઠ સંગ્રામ તે કીધા, શય્યા પાલકને દુઃખ દીધા; લાલન ને દુઃખ દીધા, લાખ ચોરાશી વરસનું આય; ભોગવી સાતમી નરકે તે જાય; લાલન નરકે તે જાય. ૧૦. ઓગણીશમે ભવ દુઃખ અતિ વેદી, વીસમે ભવ હુઓ સિંહ સખેદી; લાલન સિંહ સખેદી, ચોથી નરકે ભવ એકવીશમે; બહુ ભવ ભમતાં હવે બાવીશમે, લાલન હવે બાવીશમે. ૧૧. કોઈ શુભ યોગે નરભવ પાયો, ત્રેવીશમે ભવે ચક્રી ગવાયો; લાલન ચક્રી ગવાયો, ધનંજય ધારિણીનો બેટો; મૂકા નયરીયે ભૂજ બલ જેઠો, લાલન ભુજ બલ જેઠો. ૧૨. ષટ્ખંડ પૃથ્વીમાં આણ મનાઈ, ચૌદ રયણ નિધિ સંપદ પાઇ; લાલન સંપદ

પાઈ, પોટિલાચાર્ય ગુરૂ તિહાં વંદી; દીક્ષા આદરી મનથી આનંદી; લાલન મનથી આનંદી. ૧૩. ચોરાશી લાખ પૂરવ પ્રમાણ, આયુ પાલી હવે ચોવીશમે જાણ; લાલન ચોવીશમે જાણ, મહાશુક્રે હુઓ અમર ઉમંગે; અમૃત સુર સુખ ભોગવે રંગે, લાલન ભોગવે રંગે. ૧૪.

---

## ઢાળ પાંચમી

(તીરથપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી–એ રાગ)

આ ભરતે છત્રિકા પુરી, પચવીશમે ભવે આયાજી; ભદ્રા જિતશત્રુ નૃપ કુળે, નંદન નામ સુહાયાજી; નામ નંદન ત્રિજગવંદન, પોટ્ટિલાચારજ કને, ગ્રહી ચરણ દમતો કરણ, વિચરે મૃગપતિ જિમ વને, તિહાં માસખમણે

વીસ સ્થાનક તપ તપી દુઃકરપણે, પદ બાંધીયું ઈહાં તીર્થ પતિનું, ભાવથી આદર ઘણે. ૧. અભિગ્રહી માસખમણ કીયા, જાવ જીવ પર જંતોજી, ઉલ્લસીત ભાવે તપ તપી, કીધો કરમનો અંતોજી, ભવ અંત કીધો કાજ સીધો, તાસ સંખ્યા હું કહું; અગિયાર લાખને સહસ એંશી, છસેં પીસ્તાલીસ લહું; દિન પંચ ઉપર અધિક જાણો, લાખ પચવીશ વરસનું, આયુષ્ય પાળી ભ્રમણ ટાળી, કામ સાધ્યું આપણું. ૨. અણસણ માસ સંલેખણા કરી વધતે પરિણામેજી, અવિ જગ જંતુ ખમાવીને, ચવીયો તિહાંથી સકામેજી; ચવીયો સકામે સ્વર્ગ દશમે, વીશ અયરે સુર હુઓ, તિહાં વિવિધ સુર સુખ ભોગવે, ખટ વીસમો ભવ એ જુઓ; મરિચિ ભવે જે કર્મ બાંધ્યું,

હે હજુ ખુટયું નહિ, ચરમ સત્ત્યાવીશમો ભવ, ઉદય આવ્યું ને સહી. ૩. ઋષભદત્ત બ્રાહ્મણ વસે, વર માહણકુંડ ગામેજી, તસ ઘરણી ગુણ ગોરડી, દેવાનંદા ઇણે નામેજી, દેવાનંદા કુખે આયા, ચૌદ સુમિણા નિશિ લહે; તવ ઇન્દ્ર અવધે જોઇને, હરિણ ગમેષીને કહે, નયર ક્ષત્રિયકુંડ ગામે, સિદ્ધારથ છે નર-પતિ, તસ પટરાણી નેહ ખાણી, નામે ત્રિશલા ગુણવતિ. ૪. તિહાં જઇ ગર્ભને પાલટો, એહ તુમને છે આદેશજી; કોઈ કાળે ઇમ નવિ બન્યું, દ્વિજ કુળે હોય જિનેશજી, દ્વિજ કુખે ન હોય જિનપતિ, વળી એહ અચરીજની કથા, લવણમાં જિમ અમૃત લહરી, મરૂમાં સુરતરૂ યથા, ઈમ ઇન્દ્ર વયણાં સાંભળી, પહોંચી

મારે બે અઢીમાસી, ષટ્ બેમાસી જાણુ જો;
તિહાં પ્રણુમે પ્રભુ, બેહુ ગર્ભ પાલટી રંગથી,
વાંદે જઇને નિજ વિભુ. ૫.

## ઢાળ છઠ્ઠી

(હાંરે મારે ઠામ ધરમના, સાડા પચવીશ દેશ જો-એ દેશી)

હાંરે મારે ત્યાસી દિવસ ઇમ વસીને, દ્વિજ ઘર માંહી જો; ત્રિશલા કુખે ત્રિભુવન નાયક, આવીયા રે લો; હાંરે મારે તેહ જ રાતે, ચૌદ સુપન લહે માત જો; સુપન પાઠકે તેહના અર્થ, સુણાવીયા રે લો. ૧. હાંરે મારે ગર્ભ સ્થિતિ પુરણુ થયે, જન્મ્યા સ્વામ જો; નારક ચારક જનતા સુખને, ભાવતી રે લો; હાંરે મારે સૂતી કરમને કરતી, ધરતી હર્ષ જો; અમરી રે ગુણુ સમરી જિનપદ, પાવતી રે લો. ૨. હાંરે મારે સોહમ ઇન્દ્રાદિકનો,

ઓચ્છવ હુંત જો; સિદ્ધારથ પણ તીમ વલી મન, મોટે કરે રે લો; હાંરે મારે નામ ઠવ્યું, શ્રી વર્દ્ધમાન કુમાર જો; દિન દિન વાધે પ્રભુજી, કલ્પતરૂ પરે રે લો. ૩. હાંરે મારે દેવે અભિધા, દીધું શ્રી મહાવીર જો; યૌવન વય વિલસે હવે નવ, નવ ભોગને રે લો; હાંરે ઈમ કરતાં માત પિતા ગયા, સ્વર્ગ મોઝાર જો; લોકાંતિક તવ દેવ કરે, ઉપયોગને રે લો. ૪. હાંરે મારે વરસી દાન, દેઈને સંયમ લીધ જો; પરિષહને ઉપસર્ગ સહ્યા, પ્રભુએ ઘણા રે લો; હાંરે મારે લાખ વરસ તપસી પૂરવ ભવ નાથ જો; તો પણ આ ભવ તપની, રાખી નહિ મણા રે લો. ૫. હાંરે બે ષટ્-માસી તેહમાં પણ દિન, એક ઉણ જો; નવ ચઉમાસી બે ત્રણ માસીને, લહું રે લો; હાંરે

દોઢ માસી દોય માસખમણ, બારે કહું રે લો. ૬. હાંરે મારે બહોંતેર પાસખમણ, વળી અઠ્ઠમ બાર જો; દોય શત ઓગણતીસ એ છઠ, તપને ભણું રે લો; હાંરે મારે એ આદે પ્રભુ તપ, તપીયા વિણ નીરજો; ત્રણસો ઓગણ પચાસ પારણા, દિન ગણું રે લો.૭. હાંરે મારે અપ્રતિબંધી બેઠા, નહિ ભગવંત જો; બાર વરસમાં નિદ્રા બે ઘડીની, કરી રે લો; હાંરે મારે નિરમલ ધ્યાને ઘાતિ, કર્મ ખપાય જો; દર્શન જ્ઞાન વિલાસી, કેવલને વરી રે લો. ૮. હાંરે પ્રભુ કેવલ પામી, ઋજુ વાલુકા તીર જો; આવે રે વિચરંતા ચિત્ત, ઉમંગથી રે લો; હાંરે અતિ ઉલ્લસિત થઇને, સુરનર કોડા કોડ જો; જિન વચનામૃત સુણવા, આવે રંગથી રે લો. ૯.

## ઢાળ સાતમી

(સાહિબ સાંભળો વિનતિ, તુમે છો ચતુર સુજાણ
સનેહી-એ દેશી)

મહસેન વનમાં સમોસર્યા, જગ નાયક જિનચંદ સુજ્ઞાની; સમવસરણ રચના રચી, પ્રણમે ચોસઠ ઇંદ્ર સુજ્ઞાની; વીર જિણંદને વંદિયે. ૧. પ્રતિહાર જ વર આઠશું, શોભે પ્રભુનો દેદાર; સુજ્ઞાની, દિવ્ય ધ્વની દીયે દેશના, સાંભળે પર્ષદા બાર. સુ૦ વી૦ ૨. ઈંદ્રભુતિ દ્વિજ પ્રમુખને, ગણધર થાપે અગિયાર. સુ૦ દરસણ નાણ ચરણ ધરા, ચૌદ સહસ અણગાર. સુ૦ વીર૦ ૩. છત્રીસ સહસ સુસાહુણી, ચારસેં વાદી પ્રમાણ. સુ૦ વૈક્રિય લબ્ધિને કેવલી, સાતસેં સાતસેં જાણ. સુ૦ વીર૦ ૪. ઓહી નાણધર તેરસેં, મન પજ્જવી

શતપંચ. સુ૦ પુરવ ધર અનુત્તર મુનિ, ત્રણસેં સપ્ત શત સંચ. સુ૦ વીર૦ ૫. દોઢ લાખ નવ સહસ છે, શ્રમણો પાસક સાર. સુ૦ શ્રાવિકા વળી ત્રણ લાખને, ઉપર સહસ અઢાર. સુ૦ વીર૦ ૬. ચઉવીહ સંઘની સ્થાપના, કરતા ફીરતા નાથ. સુ૦ ભવિક કમલ પડિબોહતા, મેળવતા શિવ સુખ સાથ. સુ૦ વીર૦ ૭. પુત સપુત ન એહવા, જગમાં દીસે કોય. સુ૦ બ્યાસી દિન કુખે વસ્યા, એ ઉપકારને જોય. સુ૦ વીર૦ ૮. શિવપુર તેહને પઠાવીયા, બ્રાહ્મણ-બ્રાહ્મણી દોય. સુ૦ જગ વત્સલ જિન વંદતો, હૈડું હરખિત હોય. સુ૦ વીર૦ ૯. ત્રીશ વરસ ગૃહવાસમાં, ભોગવી ભોગ ઉદાર. સુ૦ છદ્મસ્થ અવસ્થા સહી, દ્વાદશાધિપ વર્ષ ધાર. સુ૦ વીર૦ ૧૦. વીસ વરસ જેણે અનુ-

ભ૦યો, કેવલ લીલ વિલાસ. સુ૦ પુરણ આયુષ્ય પાળીને, બહોંતેર વરસનું ખાસ. સુ૦ વીર૦ ૧૧. દિવાળી દિન શિવ વર્યા, છોડી સયલ જંજાળ. સુ૦ સહજાનંદી સુખ લહ્યું, આતમ શક્તિ અજુઆળ. સુ૦ વીર૦ ૧૨. ભૂત ભાવિ વર્ત્તમાનના, સુર સુખ લેઈ અશેષ. સુ૦ નભ પ્રદેશ ઠવી કરી, કીજે વર્ગ વિશેષ. સુ૦ વીર૦ ૧૩. ઇણિ પરે વર્ગ અનંતનો, કરીયે સહુ સમુદાય. સુ૦ અવ્યાબાધિત સુખ તણો, અંશ ન એક લિખાય. સુ૦ વીર૦ ૧૪. નિજ ગુણ ભોગી ભોગવે, સાદિ અનંતો કાળ. સુ૦ નિજ સત્તાને વિલસતાં, નિશ્ચય નય સંભાલ. સુ૦ વીર૦ ૧૫. ઈમ અમૃત પદને વરી, બેઠા થઈ નિઃસંગ. સુ૦ વર્દ્ધમાન ભાવે કરી, વંદે નિત નિત રંગ. સુ૦ વીર૦ ૧૬.

## કળશ

ઈમ વીર જિનવર સયલ સુખકર, દુરિત દુઃખ હર સુરમણિ, યુગ બાણ વસુ શશી માન વર્ષે, સંથુણ્યો ત્રિભુવન ધણી; સગવીસ ભવનું સ્તવન ભવિયણ, સાંભળી જે સદ્દહે; તે ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ સઘળે, સદા **રંગવિજય** લહે ૧૭

## ૬. શ્રી પર્યુષણ પર્વનું સ્તવન.

આવ્યા રૂડા પર્યુષણ ચંગ, ભવિક મન રંગ, પૂજો જીનરાજને એ; જિન પુજી ગુરૂ વંદન કરો એ, વ્યાખ્યાન સુણો સુવિવેકે તો, દુઃખ દોહગ ટળે એ. આવ્યા૦૧. સકલ સૂત્ર શિર મુગટ માંહિ, કલ્પસૂત્ર છે સાર તો, સુણી મન ઉલ્લસે એ; વીર પાસ નેમ આંતરે એ, આદિ ચરિત્ર વખાણ તો; સ્થિરાવલી સાંભળો

એ. આવ્યા૦ ૨. સમાચારી સુણી હરખીએ એ, પટ્ટાવલી ગુણ નેહ તો, કથા મુનિરાજની એ; એમ એ સૂત્રને સાંભળીએ, સફળ કરો નર દેહ તો, ગુરૂ ગમ ધારીએ એ. આવ્યા૦ ૩. જીવ દયા ગુણ વેલડીએ, મૃષા ન બોલો લગાર તો, ચોરી નવિ કીજીએ; નારી નરકની દીવડીએ, તેહનો નવિ કીજે સંગ તો, શિવ સુખ લીજીએ એ. આવ્યા૦ ૪. ધન ખર્ચી લ્હાવો લીજીએ, દાન દીજે દુઃખીયા દીન તો, અનુકંપા કરીએ એ; સ્વામિ વત્સલ ભલા કીજીએ એ, દીજે સુપાત્રે દાન તો, મનવાંછિત ફળ્યા એ. આવ્યા૦ ૫. છઠ્ઠ અઠ્ઠમાદિ તપ કરીએ, સમ દમ કરી ગાળો દેહ તો, પૂર્વ સાધુ પરે એ; ધન ધન એહવા રીખીશ્વરૂ એ, શુરવીર થઈ તપ કીધ તો, પૂજ્ય થયા

રૂડી પરે એ. આ૦યા૦ ૬. વીરે ધન્નો વખા-
ણીયો એ, પહોંત્યો મુક્તિ મોઝાર તો, કર્મ
રહિત થયો એ; દ્રઢપ્રહારી હત્યા કરીએ,
કીધાં કર્મ અઘોર તો, તપ કરી સુખી થયો
એ. આ૦યા૦ ૭. નાગકેતુની પરે ભાવીએ
એ, ભાવના ગુણમણિ ખાણ તો, કેવળ પામીએ
એ; હરિકેશી મુનિરાજીઓ એ, ઉપન્યો કુળ
ચંડાળ તો, પૂજ્ય થયો તપ કરીએ. આ૦યા૦
૮. સંવત્સરી દિન ખામણા એ, ખામી જે
સહુ જીવ તો, કર્મથી છુટીએ એ; ક્રોધ કષાય
કીધાં આકરાં એ, ખમાવો સવિ અપરાધ તો,
સરળ સ્વભાવથી એ. આ૦યા૦ ૯. અરિહંતજીને
પ્રથમ નમો એ, ખમાવો ધરી સુવિનિત તો,
ધ્યાન રૂડું ધરીએ; સિદ્ધ સઘળાંને ખમાવીએ
એ, સાધુ સદા ગુણવંત તો; શરણ ચિત્ત

ધારીએ. આ૦યા૦ ૧૦. ચતુર્વિધ સંઘને ખામણા એ, ખમાવો ભવિ ભલી રીત તો, વિનય કરી ઘણો એ; લાખ ચોરાશી યોનિ જીવને, ખમાવો થઈ સાવધાન તો, ભવ ફેરા ટળે એ. આ૦યા૦ ૧૧. મન વચ કાયાએ જે કર્યાં એ, કરાવીયાં જે પાપ તો, મન ઉલ્લસાવીને એ; મિચ્છામિ દુક્કડં દીજીએ એ, રીઝીએ કરી ઉપકાર તો, સુખ સંપત્ત મળે એ. આ૦યા૦ ૧૨. સંવત ઓગણીશ બાવન સાલે એ, શ્રાવણ વદી બીજ દીન તો, સ્તવન બનાવીયું એ; હું અજ્ઞાની મંદ મતી એ, બુદ્ધિ દિન ચપલ ચિત્ત તો, જામનગર રહીએ. આવ્યા૦ ૧૩. જૈન મંદિર દશ દીપતા એ, જોઈ થઈ મન ઉલ્લાસ તો, સિદ્ધગીરિ સાંભરે એ, ચોફેર દેરા ધજા ગગનમાં, વચમાં રહી

જૈન શાળા તો, પર્યુષણ ત્યાં કરીએ. આ૦યા૦ ૧૪. ખમાવું હું સકલ જીવને એ, યોની ચોરાશી લાખ તો, મન વચ કાયે કરીએ; વીરવિજય ગુરૂ શયનાએ, સિદ્ધિવિજય નમે પાય તો, કર જોડી કરીએ. આ૦યા૦ ૧૫.

## ૭. શ્રી પર્યુષણપર્વનું સ્તવન

પર્વ પર્યુષણ આવીયાં રે લાલ, હૈયામાં હરખ ન માય રે; સલુણા, ત્રિકરણ યોગે સેવતાં રે લાલ, પાતક દુરે પલાય રે. સ૦ ૧. પર્વ આરાધન કીજીએ રે લાલ, પામીએ ભવોદધિ પાર રે. સ૦ નંદીશ્વર ઓચ્છવ કરે રે લાલ, સુર સફલ અવતાર રે. સ૦ ૨. જીવ અમારી પળાવીએ રે લાલ, આરંભનો કરી ત્યાગ રે. સ૦ નર નારી શુદ્ધ ભાવથી રે લાલ, ધર્મ ધરો

અનુરાગરે સ૦ પર્વ૦ ૩. ગિરિમાં મેરૂગીરિ
વડો રે લાલ, મંત્રમાંહી નવકારરે.સ૦ શત્રુંજય
તીરથ વડો રે લાલ, દેવ વિતરાગ ધાર રે. સ૦
પર્વ૦૪. રત્ન વિષે ચીંતામણી રે લાલ, કલ્પ-
વૃક્ષ સુખકાર રે, સ૦ કામધેનુ ઉત્તમ ગણી રે
લાલ, તેમ આ પર્વ સાર રે. સ૦ પર્વ૦૫.
અઠ્ઠાઇ મહોત્સવ કીજીએ રે લાલ, પ્રતિ દિન
પૂજા ભણાયરે સ૦ અંગ રચના અનુપમ કરો
રે લાલ, જીન ઘર રૂડું જાણ રે સ૦ પર્વ૦૬.
કલ્પસુત્ર કામિત દીએરે લાલ, પૂજો ધરી બહુ
પ્રીતરે સ૦ ખમો ખમાવો ખંતથીરે લાલ, એ
જિન શાસન રીત રે, સ૦ પર્વ૦ ૭. વાજીંત્ર
વિધવિધ વાગતાં રે લાલ, ગાતાં માંગલીક
ગીત રે, સ૦ શ્રેષ્ટ વરઘોડો ચઢાવીએરે લાલ,
આવી ગુરૂની પાસરે, સ૦ પર્વ૦ ૮. જ્ઞાન

ગુરૂનું પુજન કરો રે લાલ, પ્રીતે કરી પચ્ચક-
ખાણરે સ૦ છઠ્ઠ અઠ્ઠમાદિ તપ કરે રે લાલ
દાનાદિ ધર્મ વખાણરે સ૦ પર્વ૦ ૯. ચૈત્ય
પરિપાટી થકી રે લાલ, જુહારે સવિ જીનરાજ
રે, સ૦ કાઉસગ્ગમાં મન સ્થિર કરીરે લાલ, સારે
આતમ કાજ રે સ૦ પર્વ૦ ૧૦ સ્વામિવત્સલ
સ્નેહે કરે રે લાલ પ્રભાવના બહુ હોય રે સ૦
ઉજમણાદિક આદરે રે લાલ, ઈણ સમ પર્વ ન
હોય રે સ૦ પર્વ૦ ૧૧. ઈણ વિધ જેહુ
આરાધશે રે લાલ, કરે શાસન સુર સ્હાય રે
સ૦ ક્ષાંતિ પુષ્પ ક્ષમાવડે રે લાલ, ઈહ પર
ભવ સુખ થાય રે સ૦ પર્વ૦ ૧૨.

## ૮. શ્રી મહાવીર સ્વામીનું પારણું–હાલરડું.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે ગાવે

હાલો હાલો હાલરૂવાનાં ગીત; સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત; હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧. જિનજી પાસ પ્રભુજી વરસ અઢીસેં અંતરે, હોશે ચોવીસમો તીર્થંકર જિન પરિમાણ; કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ. હાલો૦ ૨. ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ, વીત્યા બારે ચક્રી નહિં હવે ચક્રી રાજ; જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચને જાણ્યા ચોવીસમા જિનરાજ; હાલો૦ ૩. મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ, મારી કુખે આવ્યા ત્રણ્ય ભુવન શિરતાજ; મારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ, હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ;

હા૦ ૪. મુજને દોહલો ઉપન્યો જે બેસું ગજ અંબાડીયે, સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય; સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય; હા૦ ૫. કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ; નંદન જમણી જાંઘે લંછન સિંહ બિરાજતો, મેં પહેલે સુપને દીઠો વીશવાવીશ; હા૦ ૬. નંદન નવલાબંધવ નંદીવર્દ્ધનના તમે, નંદન ભોજાઇઓના દિયર છો સુકુમાલ; હસશે રમશે ભોજાઇઓ કહી દીયર મારા લાડકા, હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ; હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હા૦૭. નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલા પાંચસેં મામીના ભાણેજ છો; નંદન મામલી-

યાના ભાણેજા સુકુમાલ, હસશે હાથ ઉછાળી કહીને નહાના ભાણેજા, આંખ્યો આંજી ને વળી ટબકું કરશે ગાલ. હા૦ ૮. નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રત્ને જડીયાં ઝાલર મોતી કસબી કોર; નીલાં પીળાં ને વળી રાતાં સરવે જાતિનાં, પહેરાવશે મામી મહારા નંદ કિશોર. હા૦ ૯. નંદન મામા મામી સુખડલી સહુ લાવશે, નંદન ગજુવે ભરશે લાડુ મોતી ચુર; નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર. હા૦ ૧૦. નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજી ને બેન તમારી નંદ; તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે, તુમને જોઇ જોઈ હોશે અધિકો પરમાનંદ. હા૦૧૧. રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વળી

શુડા મેનાં પોપટ ને ગજરાજ; સારસ હંસ કોયલ તીતરને વળી મોર જી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાo ૧૨. છપ્પન કુમરી અમરી જળ કળશેં નવરાવિયા, નંદન તમને અમને કેલી ઘરની માંહે; કુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે, બહુ ચિરં· જીવો આશીષ દીધી તુમને ત્યાંહે. હાo ૧૩. તમને મેરૂગિરિ પર સુરપતિયે નવરાવિયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય; મુખડા ઉપર વારી કોટિ કોટિ ચંદ્રમા, વળી તન પર વારૂં ગ્રહ ગણનો સમુદાય. હાo ૧૪. નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજ પર અંબાડી બેસાડી મ્હોટે સાજ; પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગરવેલશું, સુખડલી લેશું નિશાળીયાને કાજ. હાo ૧૫. નંદન નવલા

મ્હોટા થાશો ને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઈ વેવાણુંને પધરાવશું, વર વહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર. હા૦ ૧૬. પીયર સાસર મ્હારા બેહુ પખ નંદન ઉજલા, મારી કુખે આવ્યા તાત પનોતા-નંદ, મ્હારે આંગણ વુઠયા અમૃત દૂધે મેહુલા; મ્હારે આંગણ ફલિયા સુરતરૂ સુખના કંદ. હા૦ ૧૭. ઈણિ પેરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું, જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ; બીલીમોરા નયરે વર્ણવ્યું વીરનું હાલરૂં, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હા૦૧૮.

---

## ૯. શ્રી મહાવીરસ્વામીનું હાલરીયું.

અલલહાલ વાલ રે, મહાવીર પારણીયામાં પોઢા; મણીમય ડાંડી ને મોરવાયા, જગ જગ

હીરા ઝલકે; પારણીયું બે મેરફુલેલી, રત્ને ચુનીયું ઝલકે, અલલહાલ વાલ રે મહાવીર પારણીયામાં પોઢો. ૧. ઝાઝા કસબનું ધોતીચું ને, કોર વીજળી વરણી; ચારે કોર ચંદન મણી ટાંકા, વચ્ચે સુરજની કરણી, અલલહાલ વાલ રે મહાવીર પારણીયામાં પોઢો. ૨. સોનાની સાંકળીયે સુંદર, રેશમની છે દોરી; સિદ્ધારથનો નંદન રૂવે ત્યારે, ત્રિશલા ગાવે ગોરી. અલલ-હાલ વાલ રે મહાવીર પારણીયામાં પોઢો. ૩. મોર ચકલીયો ને પુતલીઓ, ઝુમખડે સુસાધી; રંગીલાને રમવા સારૂ, સરખી દોરી બાંધી. અલલહાલ વાલ રે મહાવીર પારણીયામાં પોઢો. ૪. મોતીનાં ઝુંમકડા જ કે, ઘણા જ ઘુઘરા ઘમકે; ઘંટ લઈ ત્રિશલા વજડાવે, જોઈ જોઈને કુળ ઠમકે. અલલહાલ વાલ રે મહાવીર

પારણીયામાં પોઢો. ૫. હીર ચીરનાં ખલોતીયાંને, દૂધ પોતે દીધાં, મહાવીરજી પારણીયે પોઢયા, કારજ સઘળાં સીધાં. અલલહાલ વાલ રે મહાવીર પારણીયામાં પોઢો. ૬. પારણીયું છે હરખ ભરેલું, ગુણવંતા જે ગાશે; હીરવિજયનો શિષ્ય કહે ત્યારે, પારણીયું મહાવીરનું ગાજે. અલલહાલ વાલ રે મહાવીર પારણીયામાં પોઢો.૭

## ૧૦. પ્રભુ નિશાળ ગયણું

સખી ત્રિભુવનપતિ આનંદ રે, માતા ત્રિસલારાણીના નંદ રે; આ વંદો રે વીરકું વરને રળીયામણા રે. ૧. સખી જેમ જેમ વીરકુંવરને હોશે રે, સખી તેમ તેમ દિલડા ઉલ્લસે ઉછરંગે રે; નીશાળ ગયણું કીજીએ રે. ૨. સખી સહુ જનમેં રમતા રે, સઉ સજ્જ-

મને મન ગમતા રે, આ રમતા રે વીરકુંવર
મોટા થયા રે. ૩. સખી માને બાપ એમ
ચીંતવે રે, સખી કુંવર ભણાવું વિગેરે ઉછરંગે
રે; નિશાળ ગયણું કીજીએ રે. ૪. સખી
આંગણું મંડપ રચીયા રે, સખી માલણ તોરણ
બાંધે સિદ્ધારથે રે; આ સાજન સૌ કો તેડીયા
રે. ૫. સખી આભ કરે અખ્યાણાં રે, તમે
ભરી ભરી લ્યો તરભાણાં રે; આ લાણાં રે
શેરીએ સોહાસણાં રે. ૬. સખી ધસમસ કરતી
માડી રે, એમ કુંવર તાણે સાડી રે; આ
સુખલડી માંગી લ્યો સૌ મનરળી રે. ૭. સખી
ધસમસ કરતી ધાયે રે; એમ બેની મંગળ
ગાયે રે, આ નર નારી આવે સૌ ઉતાવળાં રે.
૮. સખી હાથમાં સોના સાંકળાં રે, તમે કુંવર
પેરો વાંકડા રે; આ સાંકળાં સાવ રતન હીરે

જડયાં રે. ૯. સખી બાંહે બાંધો નીરમળી રે,
સખી હાથે સોહીએ મુદ્રડી રે; આ મુદ્રડી
જોતાં થોકે મનરળી રે. ૧૦. સખી કેડે ખસ-
મસ ફાડા રે, તમે બંધવાન ફરશો આડા રે;
ચડાવું રે ધરમ ઉપર જગધણી રે. ૧૧. સખી
કામ સઘળા ચીંતવ્યા રે, સખી ધરમ ખંધે
જઈ ચડયા રે; આ મહાવીર સરસ્વતી ભણવા
સંચર્યા રે. ૧૨. સખી હાથમાં સોના પાટી
રે, માતા ત્રિશલાને ઓઢણ ઘાટડી રે; આ
ઘાટડી સાવ રતન હીરે જડી રે. ૧૩. સખી
હાથમાં રામણ દીવો રે, સખી મહાવીર ઘણું
જીવો રે; આ આશીષ આપે સૌ ટોળે મળી
રે. ૧૪. સખી હાથમાં સોના લેખણો રે, સખી
કુમાર દર્પણ ચક્ષણો રે; આ લેખણો સાવ
રતન હીરે જડી રે. ૧૫. સખી ખાંડે ભરીયા

ખડીયા રે, સખી માણેક મોતી જડીયા રે; આ ખડીયા રે બાળક બુદ્ધિ સંચરે રે. ૧૬. સખી વકૃચ આવી તીહાં રહ્યા રે, સખી ઇંદ્રે આસન ઠાવીયા રે; આ ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રભુ પાયે નમ્યા રે. ૧૭. સખી અધર ઉઠી ઉભા થયા રે, સખી બે કર જોડી આગળ રહ્યા રે; આ મહાવીર અધ્યારૂ ભણાવીયા રે. ૧૮. સખી વેંચણુ ધાણી દાળીયા રે, તમે લ્યો સઘળા નિશાળીઆ રે, આ નિશાળીયા વીરકુંવરને વાલેરા રે. ૧૯. સખી ભેળ ભુંગળ વાગે છે રે, સખી દેવતાઈ તલ દલ ગાજે છે રે; આ મહાવીર સરસ્વતી ભણી ઘેર આવીયા રે. ૨૦. તમે દઈ જ લ્યોને ભામણા રે, તમે ઘેર ઘેર દેજો વધામણા રે; આ મહાવીર ગોત્રજ આઈ પાયે નમ્યા રે. ૨૧. સખી કેરા કાકડ મીરીચાં રે,

સખી પાપડ ને સારેવડાં રે; આ બહુરૂપી વડીયો દીસે શોભતી રે. ૨૨. સખી સકરપારા સુખડી રે, સખી શાકમાં ચોળાફળી સીદ્ધારથ ઘેરે રે; આ સાજન સૌ જમાડીયા રે. ૨૩. સખી તજ, લવીંગ એલચી, સખી પાનને સોપારી સીદ્ધારથે રે, મુખવાસ સૌને આપીયા રે. ૨૪. સખી ત્રણ ભુવનનો સ્વામી રે, સખી અવિચળ પદવી પામી રે, આ શીવ નામી વીરકુંવર ચરણે નમું રે. ૨૫.

પંડિત શ્રી પદ્મવિજયજી કૃત-

## ૧૧. શ્રી દિવાળીનું સ્તવન

### ઢાળ પહેલી

(રાગ રામગિરિ)

શ્રી શ્રમણસંઘતિલકોપમં ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદારવિંદં; ઈન્દ્રભૂતિ પ્રભવમહંસો-

મોચક, કૃત કુશલ કોટિક લ્યાણ કંદં. ૧. મુનિ મન રંજણો સયલ દુઃખ ભંજણો, વીર વર્ધમાનો જિણંદો,મુગતિ ગતિ જીમ લહી તિમ કહું સુણ સહી, જીમ હોએ હર્ષ હૈડે આણંદો. મુ૦ ૨. કરીય ઉદ્‌ઘોષણા દેશ પુર પાટણે, મેઘ જીમ દાન જલ બહુલ વરસી; ધણ કણગ મોતીયા, ઝગમગે જોતિયા, જિન દેઈ દાન ઈમ એક વરસી. મુ૦ ૩. દોય વિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણ દશમી દહાડે; સિદ્ધિ સામા થઈ વીર દીક્ષા લેઈ, પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૪. બહુલ બંભણ ઘરે પારણું સામિએ, પુણ્ય પરમાન્ન મધ્યાહ્ન કીધું, ભુવન ગુરૂ પારણા પુન્યથી બંભણે, આપ અવતાર ફલ સયલ લીધું. મુ૦ ૫. કર્મ-ચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણે જિન

ઉપરે ઘાત મંડયો; એવડો વયર તેં પાપિયા સેં કર્યો, કર્મ કોડી તુંહિ જ સબલ દંડયો. મુ૦ ૬. સહજ ગુણ રોષિયો નામે ચંડ કોષિઓ, જિન પદે સ્વાન જિમ જેહ વિલગો; તેહને બુઝવી ઉદ્ધર્યો જગપતિ, કીધલો પાપથી અતિહી અલગો. મુ૦ ૭. વેદયામા ત્રિયામ લગે ખેદીયો, ભેદીયો તુજ નવિ ધ્યાન કુંભો; શૂલ પાણિ અન્નાણિ અહો બુઝવ્યો, તુજ કૃપા પાર પામે ન સંભો. મુ૦ ૮. સંગમે પીડીઓ પ્રભુ સજલ લોયણે, ચિંતવે છુટસ્યે કીમ એહો; તાસ ઉપરે દયા એવડી શી કરી, સાપરાધે જને સબલ નેહો. મુ૦ ૯. ઈમ ઉપસર્ગ સહેતાં તરણી ગ્રીત વરસ, સાર્દ્ધ ઉપર અધિક પ્રક્ષ એકે; વીર કેવલ લહ્યું કર્મ દુઃખ સવિ કહ્યું, ગહ ગહ્યું સુર નિકર નર

અનેકે. મુ૦ ૧૦. ઇંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસી; ઓગણસાઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ, શ્રાવિકા ત્રિલખ અઢાર સહસી. મુ૦ ૧૧. ઈમ અખિલ સાધુ પરિવારશું પરવર્યો, જલધિ જંગમ જીસ્યો ગુહિર ગાજે; વિચરતા દેશ પરદેશ નિચ દેશના, ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૨.

## ઢાળ બીજી.

( વિવાહલાની દેશી )

હવે નિય આય અંતિમ સમે, જાણીય શ્રી જિનરાયરે; નયરી અપાપાએ આવીયા, રાય સમાજને ઠાય રે; હસ્તિપાલગ રાયે દીઠલા, આવિયડા આંગણુ બાર રે; નયણુ કમલ દોય વિહસીઆ, હરસીલા હઇડા મઝાર રે. ૧૩. ભલે ભલે પ્રભુજી પધારીયા, નયન પાવન

કીધાં રે; જનમ સફલ આજ અમ તણો, મ્હારે ઘરે પાઉલાં દીધાં રે; રાણી રાય જિન પ્રણમીયા, મોટે મોતિયડે વધાવી રે; જિન સનમુખ કર જોડીને, બેઠલા આંગણે આવી રે. ૧૪. ધન અવતાર અમારડે, ધન દિન આજુનો એહો રે; સુર તરૂ આંગણે મોરિઓ, મોતિયડે વુઠલો મેહો રે; આ શ્યું અમારડે એવડો, પૂરવ પુન્યનો નેહો રે; હૈડલો હજે હરસિઓ, જો જિન મલીઓ સંજોગો રે. ૧૫. અતિ આદર અવધારીએ, ચરમ ચોમાસલું રહિયા રે; રાયરાણી સુરનર સવે, હિયડલા માંહે ગહગહિયા રે; અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનની રે; પાપ સંતાપ પરો થયો, શાતા થઈ તન મનની રે. ૧૬. ઇંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નરનારીના વૃંદ રે; ત્રણ પ્રદક્ષિણા દેઈ

કરી, નાટિક નવનવે છંદો રે; જિનમુખ વચ-
ણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠી
રે; તે નર તેહ જ વરણવે, જીણે નિજ નય-
ણલે દીઠી રે. ૧૭. ઈમ આણંદે અતિક્રમ્યા,
શ્રાવણ ભાદરવો આસો રે; કૌતિક કોડિલો
અનુક્રમે, આવિયડો કાર્તિક માસો રે; પાખિ
પર્વ પન્હોતલું, પહોતલું પુન્ય પ્રવાહિ રે; રાય
અઢાર તિહાં મીલ્યા, પોસહ લેવા ઉછાંહિ રે.
૧૮. ત્રિભુવન જન સવિ તિહાં મીલ્યા, શ્રી
જિન વંદન કામો રે; સહેજ સંકિરણ તિહાં
થયો, તિલ પડવા નહિ ઠામો રે; ગોયમસ્વામિ
સમોવડી, સ્વામિ સુધર્મા તિહાં બેઠા રે;
ધન ધન તે જીણે આપણે, લોયણે જિનવર
દીઠા રે. ૧૯. પૂરણ પુન્યના ઔષધ, પોષધ
વ્રત વેગે લીધાં રે; કાર્તિક કાલી ચઉદશે, જિન

મુખે પચ્ચખાણ કીધાં રે; રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દીધાં રે; જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધાં રે. ૨૦.

## ઢાળ ત્રીજી.

(રાગ મારૂ)

શ્રી જગદીશ દયાલ દુઃખ દૂરે કરે રે, કૃપા કોડિ તુજ જોડી; જગમાં રે જગમાં રે, કહિએ કેહને વીરજી રે. ૨૧. જગ જનને કુણ દેશે એહવી દેશના રે, જાણી નિજ નિરવાણ; નવરસ રે નવરસ રે, સોલ પહોર દીયે દેશના રે. ૨૨. પ્રબલ પુન્ય ફલ સંસૂચક સોહામણાં રે, અજ્ઝયણાં પણપન્ન; કહીયાં રે કહીયાં રે, મહિયાં સુખ સાંભલી હોએ રે. ૨૩. પ્રબલ પાપ ફલ અજ્ઝયણાં તિમ તેટલાં રે, અણપુછયાં છત્રીસ; સુણતાં રે સુણતાં રે, ભણતાં સવિ

સુખ સંપજે રે. ૨૪. પુણ્યપાલ રાજા તિહાં ધર્મકથાંતરે રે, કહો પ્રભુ પ્રત્યક્ષ દેવ, મુજને રે મુજને રે, સુપન અર્થ સવિ સાચલો રે. ૨૫ ગજ[૧] વાનર[૨] ખીર દ્રુમ[૪] વાયસ[૫] સિંહ[૬] ઘડો[૭] રે, કમલબીજ[૮] ઇમિ આઠ; દેખી રે દેખી રે, સુપન સભય મુજ મન હુઓ રે. ૨૬. ઉખર બીજ કમલ અસ્થાનકે સિંહનું રે, જીવ રહિત શરીર; સોવન રે સોવન રે, કુંભ મિલન એ શું ઘટે રે. ૨૭. વીર ભણે ભૂપાલ સુણો મન થીર કરી રે, સુમિણ અર્થ સુવિચાર, હઇડે રે હઇડે રે, ધરજ્યો ધર્મ ધુરંધરૂ રે. ૨૮.

## ઢાળ ચોથી

શ્રાવક સિંધુર સારિખા, જિનમતના રાગી;
ત્યાગી સહ ગુરૂ દેવ ધર્મ, તત્ત્વે મતિ જાગી;
વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા;

એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા. ૨૯. લાલચે લાગા થોડીલે, સુખે રાચી રહિયાં; ઘરવાસે આશા અમર, પરમારથ દૂહિયા, વ્રત વૈરાગ થકી નહિ, કોઈ લેશે પ્રાયે; ગજ સુપને ફલ એહ, નેહ નવિ માંહો માંહે. ૩૦. વાનર ચંચલ ચપલ જાતિ, સરિખા મુનિ મોટા; આગળ હોસ્યે લાલચુ, લોભી મન ખોટા; આચારજ તે આચાર હીણ, પ્રાયે પરમાદિ; ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહજે સ્વારથ વાદી. ૩૧. કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા; મુખ મીઠા માયાવિયા મનમાંહે કુડા; કરસ્યે માંહોમાંહે વાદ, પર વાદે નાસે; બીજા સુપન તણો વિચાર, ઈમ વીર પ્રકાશે. ૩૨. કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા; દેવ ધર્મ ગુરૂ વાસના, વરિ વારિના વેરા; સરલ વૃક્ષ સવિને

દીએ, મનમાં ગહગહતા, દાતા દુર્લભ વૃક્ષ રાજ, ફલ ફુલે ગ્રહતા. ૩૩ કપટી જિનમત-લિંગિયા, વળી બબુલ સરિખા; ખીર વૃક્ષ આડા થયા, જીમ કંટક તીખા; દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી; ત્રીજે સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી. ૩૪. સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો; અતિ દુર્દાંત અગાહનિચ, જિનવાયક જમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે; ચોથો સુપન વિચાર ઈમ, જિનમુખથી જંપે. ૩૫. ગચ્છ ગંગાજલ સારિખો, મૂકી મતિ હીણા; મુનિ મન રાચે છીલ્લરે, જીમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા; તે ધર્માંતર આદરે, જડમતિ બહુ ભવિયાં. ૩૬. પંચમ સુપન વિચાર એહ, સુણીઓ રાજાએ; છઠ્ઠે

સોવન કુંભ દીઠ, મઇલો સુણી કાંને; કો કો મુનિ દરસણ ચારિત્ર, જ્ઞાન પૂરણ દેહા; પાલે પંચાચાર ચારૂ, છંડી નિજ ગેહા. ૩૭. કો કપટી ચારિત્ર વેષ, લેઈ વિપ્રતારે; મઇલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે; છઠ્ઠો સુપન વિચાર એહ, સાતમે ઇંદિવર; ઉકરડે ઉત્પત્તિ થઈ, તે શું કહો જિણવર. ૩૮. પુણ્યવંત પ્રાણી હુસ્યે, પ્રાહિ મધ્યમ જાતિ; દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત; સાધુ અસાધુ જતિ વદે, તવ સરીખા કીજે; તે બહુ ભદ્રક ભવિયણે, સ્યો ઓલંભો દીજે. ૩૯. રાજા મંત્રીપરે સુસાધુ, આપોપું ગોપી; ચારિત્ર સુધુ રાખસ્યે, સવિ પાપ વિલોપી; સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઇમ કહીયો; અઠ્ઠમ સુપન તણો વિચાર, સુણી મન ગહગહીઓ. ૪૦. ન લહે જિનમત-

માત્ર જેહ, તેહ પાત્ર ન કહીએ; દીધાનું પરભવ પુણ્ય ફલ, કાંઇ ન લહીયે; પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહેસ્યે; પુણ્ય અર્થે તે અર્થ, આથ કુપાત્રે દેહસ્યે. ૪૧. ઉખર ભૂમિ દૃષ્ટ બીજ, તેહનો ફલ કહીએ; અષ્ટમ સુપન વિચાર ઈમ, રાજા મન ગ્રહિએ; એહ અનાગત સવિ સરૂપ, જાણી તિણે કાલે; દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્યપાલે. ૪૨.

## ઢાલ પાંચમી.

(રાગ ખોડી)

ઈંદ્રભૂતિ અવસર લહી રે, પુછે કહો જિનરાય, સ્યું આગળ હવે હોસ્યે રે, તારણ-તરણ જહાજો રે. કહે જિન વીરજી. ૪૩. મુજ નિરવાણ સમય થકીરે, ત્રીહું વરસે નવ માસ; માઠેરા તિહાં બેસશ્યે રે, પંચમ કાળ

નિરાસો રે. કહે૦ ૪૪. બારે વરસે મુજ થકી રે, ગૌતમ તુજ નિરવાણ, સોહમ વીશે પામશે રે, વરસે અખય સુણ ઠાણો રે કહે૦ ૪૫ ચઉસઠ વરસે મુજ થકી રે, જંબુને નિરવાણ; આથમસે આદિત્ય થકી રે, અધીકું કેવલનાણો રે. કહે૦ ૪૬. મનપજ્જવ પરમાવધિ રે, ક્ષપ ઉપશમ મન આણ; સંયમ ત્રિણ જિન-કલ્પની રે, પુલાગાહારગ હાણ રે. કહે૦ ૪૭. સિજ્જંભવ અઠાણવેરે, કરસ્યે દસ વૈઆલિય; ચઉદ પૂર્વિ ભદ્રબાહુથી રે, થાસ્યે સયલ વિલિઓ રે. કહે૦ ૪૮. દોય શત પન્નરે મુજ થકી રે, પ્રથમ સંઘયણ સંઠાણ; પૂર્વણું ઉગતે નવિ હુસ્યે રે, મહાપ્રાણ નવિ ઝાણો રે. કહે૦ ૪૯. ચઉ ત્રેપયને મુજ થકી રે, હોસ્યે કાલિકસૂર; કરસ્યે ચઉથી પર્યુષણે રે, વરગુણ રયણનો

પૂરો રે. કહે૦ ૫૦. મુજથી પણ ચોરાશિયે રે, હોસ્યે વયરકુમાર; દશપૂર્વિ અધિકા લીઓ રે, રહસ્યે તિહાં નિરધારો રે, કહે૦ ૫૧. મુજ નિર્વાણ થકી છસેં રે, વીશ પછી વનવાસ; મુકી કરશે નગરમાં રે, આર્યરક્ષિત મુનિ વાસો રે. કહે૦ ૫૨. સહસ્ત્ર વરસે મુજ થકી રે, ચઉદ પૂરવ વિચ્છેદ; જ્યોતિષ અણમિલતાં હુસેરે, બહુલ મતાંતર ભેદો રે. કહે૦ ૫૩. વિક્રમથી પંચ પંચ્યાશિએ રે, હોસ્યે હરિભદ્રસૂરિ; જિન-શાસન અજુવાળસે રે, જેહથી દૂરિયા સવિ દૂરો રે. કહે૦ ૫૪. દ્વાદશ શત સિત્તેર સમે રે, મુજથી મુનિ સૂરિ હીર; બપ્પભટ્ટ સૂરિ હોયસે રે; જિનશાસન વીર રે. કહે૦ ૫૫. મુજ પ્રતિ, બિંબ ભરાવસ્યે રે, આમરાય ભૂપાલ; સાર્દ્ધત્રિ-કોટી સોવન તણો રે, તાસ વયણથી વિશાલો

રે. કહે૦ ૫૬ ષોડસ શત ઓગણોતરે રે, વરસે મુજથી મુણિંદ; હેમસૂરિ ગુરૂ હોસ્યે રે, શાસન ગયણ દિણંદો રે, કહે૦ ૫૭. હેમસૂરિ પડિબોહીસે રે; કુમારપાળ ભૂપાળ, જિનમંડિત કરસ્યે મહી રે, જિનશાસન પ્રતિપાલો રે. કહે૦ ૫૮. ગૌતમ નબળા સમયથી રે, મુજ શાસન મન મેલ; માંહોમાંહે નવિ હોસ્યે રે, મચ્છ ગલાગલ કેલો રે. કહે૦ ૫૯. મુનિ મોટા માયાવિયા રે, વેઢીગારા વિશેષ; આપ સવારથ વસી થયા રે, એ વિટંબસ્યે વેષો રે. કહે૦ ૬૦. લોભી લખપતિ હોયસ્યે રે, જમ સરિખા ભૂપાળ; સજન વિરોધિ જન હુસે રે, નવિ લજ્જાળુ દયાલો રે. કહે૦ ૬૧. નિરલોભી નિરમાઈયા રે, સુધા ચારિત્રવંત; થોડા મુનિ મહિયલે હૂસે રે, સુણ ગૌતમ ગુણવંત રે.

કહે૦ ૬૨. ગુરૂ ભક્તિ શિષ્ય થોડલા રે, શ્રાવક ભક્તિ વિહીણ; માત પિતાના સુત નહીં રે, તે મહિલાના આધિનો રે. કહે૦ ૬૩. દુપસહસૂરિ ફલગુસિરી રે; નાગિલ શ્રાવક જાણ; સચ્ચસિરિ તિમ શ્રાવિકા રે, અંતિમ સંઘ વખાણ્યો રે. કહે૦ ૬૪. વરસ સહસ એકવિંશતિ રે, જિનશાસન વિખ્યાત; અવિચલ ધર્મ ચલાવશે રે, ગૌતમ આગળ વાતો રે. કહે૦ ૬૫. દૂષમ દૂષમા કાલની રે, તે કહીયે શી વાત; કાયર કંપે હૈડલો રે, જે સુણતાં અવદાતો રે. કહે૦ ૬૭.

## ઢાળ છઠ્ઠી

( પિઉડો ઘરે આવે એ–દેશી )

મુજશું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે; દૃઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજૂ જીમ

અભંગ; અલગા થયા મુજ થકી એહને, ઉપજશે રે કેવલ નિય અંગ કે, ગૌતમ રે ગુણવંતા. ૬૭. અવસર જાણી જિનવરે, પુછીયા ગોયમ સ્વામ; દોહગ દુખીયા જીવને, આવીયે આપણ કામ; દેવશર્મા બંભણો, જઇ બુઝવો રે એણે ઢુકડે ગામ કે. ગૌ૦ ૬૮. સાંભળી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય; ગૌતમ બે કર જોડી, પ્રણમ્યા વીર જિનના પાય; પાંગર્યા પૂરવ પ્રીતથી, ચઉનાણી રે મનમાં નીરમાય કે. ગૌ૦ ૬૯. ગૌતમ ગુરૂ તિહાં આવીયા, વંદાવીઓ તે વિપ્ર; ઉપદેશ અમૃત દીધલો, પીધલો તીણે ક્ષિપ્ર, ધસમસ કરતાં બંભણે, કમાડ વાગ્યે રે થઇ વેદન વિપ્ર કે. ગૌ૦ ૭૦. ગૌતમ ગુરૂનાં વયણલાં, નવિ ધર્યાં તેણે કાન; તે મરી તસ શિર કૃમિ થયો, કામ-

નીને એક તાન; ઉઠીયા ગોયમ જાણીઓ, તસ ચરીયો રે પોતાને જ્ઞાન કે. ગૌ૦ ૭૧

## ઢાળ સાતમી

(રામ રામગિરિ)

ચોસઠ મણનાં તે મોતી ઝગમગે રે, ગાજે ગુહિર ગંભીર શિરે રે; પુરાં તેત્રીસ સાગર પૂરવે રે, નાદે લીણા લવસત્તમિયા સૂર રે, વીરજી વખાણે રે જગ જન મોહીયો રે. ૭૨. અમૃતથી અધીકી મીઠી વાણી રે, સુણતાં સુખડો જે મનડે સંપજે રે; તે લહેસ્યે જે પહોંચસ્યે નિર્વાણ રે. વી૦ ૭૩. વાણી પડછંદે સુર પડિબોહીયા રે, સુણતાં પામે સુખ સંપત્તિની કોડ રે; બીજા અડલ ઉલટથી ઘણા રે, આવી બેઠા આગલ બે કર જોડ રે. વી૦ ૭૪. સોહમ ઇંદ્રા શાસન મોહીયો રે, પૂછે પરમે-

શ્વરને તુમ આય રે; બે ઘડી વધારો સ્વાતિ થકી પરહું રે, તો ભસ્મગ્રહ સઘળો દૂરે જાય રે. વી૦ ૭૫. શાસન શોભા અધીકી વાધશ્યે રે, સુખીઆ હોશે મુનિવરના વૃંદ રે; સંઘ સકલને સવિ સુખ સંપદા રે, હોશે દિન દિનથી પરમાનંદ રે. વી૦ ૭૬. ઇંદા ન કદા રે કહિએ એહવું રે, કેણે સાંધ્યું નવિ જાએ આય રે; ભાવિ પદારથ ભાવે નીપજે રે, જે જિમ સરજ્યો તે તિમ થાય રે. વી૦ ૭૭. સોળ પહોરની દેતાં દેશના રે, પરધાનકનામા રૂઅડો અજ્ઝયણ રે; કહેતાં કાર્તિક વદિ કહું પરઘડી રે, વીરજી પહોંત્યા પંચમી ગતિ રયણ રે. વી૦ ૭૮. જ્ઞાન દીવો રે જબ દૂરે થયો રે, તવ કીધી દેવે દીવાની શ્રેણી રે; તિમ રે ચિહું વરણે દીવા કીધલા રે, દીવાળી કહિયે છે કારણ

તેય રે. વી૦ ૭૯. આંસુ પરિપૂરણ નયણ અખંડલો રે, મૂકી ચંદનની ચેહમાં અંગ રે; દીધો દેવે દહન સઘળે મીલીજી રે, હા ધીગ-ધીગ સંસાર વિરંગ રે વી૦ ૮૦,

## ઢાળ આઠમી

(રાગ વિરાગ)

વંદિશું વેગે જઇ વીરો, ઈમ ગૌતમ ગહગ-હતા; મારગે આવતાં સાંભળીઉં, વીર મુક્તિ માંહે પહોંત્યા રે, જિનજી તું નિસનેહી મોટો, અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કીધો ખોટો રે. જિનજી૦ ૮૧. હે હે વીર કર્યો અણ-ઘટતો, મુજ મોકલીઓ ગામે, અંતકાલે બેઠાં તુજ પાસે, હું શ્યે ન આવત કામ રે. જિ૦૮૨. ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરિખો મુજ તુંહિં; વિશ્વાસી વીરે છેતરીઓ, તે શ્યા

અવગુણ મુંહિ રે. જિ૦ ૮૩. કો કેહને છેહડે નવિ વલગે, જો મિલતો હોએ સબલો; મિલતા સ્યું જેણે ચિત્ત ચોર્યું, તે તિણે કર્યો નિર્બલો રે. જિ૦ ૮૪. નિષ્ઠુર હૈડાં નેહ ન કીજે, નિઃસનેહી નર નીરખી; હૈડા હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડિ સરખી રે. જિ૦ ૮૫. તેં મુજને મનડો નવિ દીધો, મુજ મનડો તેં લીધો, આપ સવારથ સઘળો કીધો, મુકિત જઇને સિદ્ધો રે. જિ૦ ૮૬. આજ લગે તુજ મુજશું અંતર, સુપનંતર નવિ હુંતો, હૈડા હેજે હિયાલિ છંડી, મુજને મુકયો રોવંતો રે. જિ૦ ૮૭. કો કેહશું બહુ પ્રેમ મ કરશ્યો, પ્રેમે વિટંબણ વિરૂઈ; પ્રેમે પરવશ જે દુઃખ પામે, તે કથા ઘણું ગિરુઇ રે જિ૦ ૮૮. નિસનેહી સુખીયા રહે સઘળે, સસનેહી દુઃખ દેખે; તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષે રે. જિ૦ ૮૯.

સમવસરણ કહીએ હવે હોશે, કહો કોણ નયણે જોશે; દયા ધેનુ પુરી કુંણ દોહસ્યે, વૃષ દધિ કુંણ વિલોસે રે. જિ૦ ૯૦. ઈણ મારગ જે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે; મુજ હૈડો દુઃખડે ન સમાએ, તે કહો કુણ સમાવે રે. જિ૦ ૯૧. ધો દરિસણ વીરા વ્હાલાને, જે દરિસણના તરસ્યા રે; જો સુહણે કેવારે દેખસું, તો દુઃખ દૂરે કરશું રે. જિ૦ ૯૨. પુણ્યકથા હવે કોણ કેળવશે, કોણ વાલ્હા મેલવશે; મુજ મનડો હવે કોણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસે રે. જિ૦ ૯૩. કોણ પુછયાનો ઉત્તર દેશે, કોણ સંદેહ ભાંજશે રે; સંઘ કમળ વન કિમ વિકસસે, હું છદ્મસ્થા વેસે રે. જિ૦૯૪. હું પરા પુરવ શું અજાણ, મેં જિન વાત ન જાણી; મોહ કરે સવિ જગ અનાણી, એહવી જિનજીની વાણી રે. જિ૦

૯૫. એહવે જિન વયણે મન વાળ્યો, મોહ સબલ બલ કાઢ્યો; ઈણ ભાવે કેવળ સુખ આપ્યો, ઇંદ્રે જિનપદ થાપ્યો રે. જિ૦ ૯૬. ઇંદ્રે જુહાર્યા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે; પર્વ પન્હોતું જગમાં વાપ્યું, તે કીજે સવિ કેણે રે. જિ૦ ૯૭. રાજા નંદિવર્દ્ધન નોતરીઓ, ભાઈ બહિનર બીજે; તે ભાવડબીજ હુઇ જગ સઘળે, બહેન બહુ પરે કીજે રે. જિ૦ ૯૮.

## ઢાળ નવમી

(વિવાહલાની દેશી)

પરિહરીએ નવરંગ ફાલડી એ, માંડી મૃગમદ કેસર ભાલડી એ; ઝબ ઝબકે શ્રવણે ઝાડલી એ, કરી કંઠે મુક્તાફલ માલડી એ. ૯૯. ઘર ઘર મંગલ માલડી એ, જપે ગોયમ ગુણ જપ· માલડી એ; પહોતલો પરવ દીવાલડી એ, રમે

રસ ભર રમત બાલડી એ. ૧૦૦. શોક સંતાપ સવિ કાપીઓ એ; ઇંદ્રે ગોયમ વીરપદે થાપીઓ એ; નારી કહે સાંભલ કંતડા એ, જપો ગોયમ નામ એકંતડા એ. ૧૦૧. લ્યો લખ લાભ લખેશરી એ, દ્યો મંગલ કોડી કોડેસરી એ; જાપ જપો થઇ સુતપેસરી એ, જીમ પામીએ ઋદ્ધિ પરમેસરી એ. ૧૦૨. લહીએ દીવાલડી દાડલો એ, એ તો પુણ્યનો ટબકો ટાલઓ એ; સુકૃત સિરિ દૃઢ કરો પાલડી એ, જિમ ઘર હોય નિત્ય દીવાલડી એ. ૧૦૩.

## ઢાળ દશમી

હવે મુનિસુવ્રત સીસો રે; જેહની સબલ જગીસો; તે ગુરુ ગજપુરે આવ્યો રે, વાદી સવિ હાર મનાવ્યા. ૧. પાવસ ચઉમાસું રહિયો રે, ભવિયણ હઇડે ગહગહીયા રે; નમુંચી ચક્રવર્તી

પદ્મ રે, જસુ હિયડે નવિહુ છદ્મ. ૨. નમુંચિ તસ
નામે પ્રધાન રે, રાજા દીયે બહુ માન; તિણે
તિહાં રિઝવી રાય રે, માગી મોટો પસાય. ૩.
લીધો ષટ ખંડ રાજ રે, સાત દિવસ માંડી
આજ; પૂર્વે મુનિસું વિરોધ્યો રે, તે કિણે નવિ
પ્રતિબોધ્યો. ૪. તે મુનિસું કરે બંડો રે, મુજ
ધરતિ સવિ છંડો; વિનવિઓ મુનિ મોટો રે,
નવિ માને કર્મે ખોટો. ૫. સાઠસયાં વર્ષ તપ
તપિયો રે, જે જિન કિરીયાનો ખપીઓ; નામે
વિષ્ણુકુમાર રે, સયલ લબ્ધિનો ભંડાર. ૬. ઉઠ
કર્મભૂમિ લેવા રે, જોવા ભાઈની સેવા; મું
ત્રિપદી ભૂમિદાન રે, ભલે ભલે આવ્યા ભગ-
વાન. ૭. ઈણે વયણે ધડહડીઓ રે, તે મુનિ
બહુ કોપે ચઢીઓ; કીધો અદ્ભુત રૂપ રે, જોયણ
લાખ સ્વરૂપ. ૮. પ્રથમ ચરણ પૂર્વે દીધો રે,

બીજો પશ્ચિમે કીધો; ત્રીજો તસ પુંઠે સ્થાપ્યો રે, નમુંચિ પાતાલે ચાંપ્યો. ૯. થરહરીઓ ત્રિભુવન રે, ખલભલીઓ સવિ જન; સલસલીઓ સુર દિન્ન રે, પડયો નવી સાંભલીએ કન્ન. ૧૦. એ ઉત્પાત અત્યંત રે, દૂરી કરો ભગવંત; હે હે સ્યું હવે થાશે રે, બોલે બહુ એક સાસે. ૧૧. કરણે કિન્નર દેવા રે, કડુઆ ક્રોધ સમેવા; મધુર મધુર ગાએ ગીત રે, બે કરજોડી વિનીત. ૧૨. વિનય થકી વેગે વલીઓ રે, એ જિનશાસન બલીઓ; દાનવ દેવે ખમાવ્યો રે, નર નારીયે વધાવ્યો. ૧૩. ગાવલડી ભેંસ ભડકી રે, જે દેખી દૂરે તડકી રે; તે જતને ગ્રહી છે રે, આરતિ ઉતારી મેરઈએ રે. ૧૪. નવલે અવતારે આવ્યા રે, જીવિત ફલ લહી ફાવ્યા; શેવ સુંહાલી કંસાર રે, ફલ લ્યું નવે અવતાર રે.

૧૫. છગણુ તણો ઘરબાર રે, નમુંચિ લખ્યું ઘર નાર રે; તે જીમ જીમ ખેરૂ થાય રે, તીમ તીમ દુઃખ દૂરે જાય રે. ૧૬. મંદિર મંડાણુ માંડયા રે, દારિદ્ર દુઃખ દૂરે છાંડયા રે; કાર્તિક સુદિ પડવે પરવે રે, ઈમ એ આદરીઓ સર્વે.રે. ૧૭. પુણ્યે નરભવ પામી રે, ધર્મ પુન્ય કરો નિરધામી રે; પુન્યે ઋદ્ધિ રસાલી રે, નિત નિત પુન્યે દિવાલી. રે. ૧૮.

## કલશ

જિન તું નિરંજન સજલ રંજણુ, દુઃખભંજણુ દેવતા; ઘો સુખ સ્વામી મુકિત ગામી વીર તુજ પય સેવતા; તપગચ્છ ગયણુ દિણંદ દહ દિસે, દીપતો જગ જાણીએ; શ્રી હીરવિજયસૂરિંદ સહગુરૂ; તાસ પાટ વખાણીયે. ૧૯. શ્રી વિજયસેનસૂરીસ સહગુરૂ, વિજયદેવસૂરિસરુ;

જે જપે અહનિશ નામ જેહનો, વર્દ્ધમાન જિનેશ્વરૂ; નિર્વાણ સ્તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે; તે લહે લીલાલબ્ધિ લચ્છી, શ્રી ગુણ હર્ષ વધામણે. ૨૦.

## ૧૨. શ્રી દિવાળીનું સ્તવન

મારે દીવાલી રે થઈ આજ, પ્રભુ મુખ જોવાને; સર્યાં સર્યાં સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને. (ટેક) મહાવીરસ્વામી મુક્તે પહોંત્યા ને, ગૌતમ કેવલજ્ઞાન રે; ધન અમાવાસ્યા ધન દીવાલી, મારે વીર પ્રભુ નિરવાણ. જિન૦ મારે દીવાલી૦ ૧. ચારિત્ર પાલ્યાં નિર્મલાં ને, ટાલ્યાં તે વિષય કષાય રે; એહવા પ્રભુને વાંદીયે તો, ઉતારે ભવપાર. જિન૦ મારે૦ ૨. બાકુલા વહોર્યા વીર જિને, તારી ચંદનબાલા રે; કેવલ લઈ પ્રભુ મુક્તે પહોંત્યા, પામ્યા ભવનો પાર.

જિન૦ મારે૦ ૩. એહવા મુનિને વાંદીયેં જે, પંચમજ્ઞાનને ધરતા રે; સમવસરણ દેઇ દેશનારે, પ્રભુ તાર્યાં નર ને નાર. જિન૦ મારે૦ ૪. ચોવીસમા જિનેસરૂ ને, મુક્તિ તણા દાતાર રે; કરજોડી કવિયણ એમ ભણે; મારો ભવનો ફેરો ટાલ. જિન૦ મારે૦ ૫.

---

## સ્તુતિ-સંગ્રહ.

### ૧. શ્રી પર્યુષણપર્વની સ્તુતિ.

સત્તર ભેદી જિનપૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી; ઢોલ દદામા ભેરી નફેરી, ઝલરી નાદ સુણીજેજી; વીરજિન આગળ ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજેજી; પર્વ પર્યુષણ પૂરવ પુન્યે, આવ્યાં એમ જાણીજેજી. ૧ માસ

પાસ વળી દસમ દુવાલસ, ચત્તારી અઠ્ઠ કીજેજી; ઉપર વળી દશ દોય કરીને, જિન ચોવીસે પૂજીજેજી; વડાકલ્પનો છઠ્ઠ કરીને, વીરચરિત્ર સુણીજેજી; પડવાને દિન જન્મ–મહોત્સવ, ધવલ મંગળ વીરતીજેજી. ૨ આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનું તપ કીજેજી; નાગ-કેતુની પરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી; તેલાધર દિન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી; પાસ નેમીશ્વર અંતર ત્રીજે, ઋષભચરિત્ર સુણીજેજી. ૩. બારસે સૂત્ર ને સમાચારી, સંવત્સરી પડિક્કમીએજી; ચૈત્ય-પ્રવાડી વિધિશું કીજે, સકળ જંતુને ખામી-જેજી, પારણાને દિન સ્વામી વત્સલ, કીજે અધિક વડાઈજી; **માનવિજય** કહે સકળ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઈજી. ૪.

## ૨. શ્રી પર્યુષણપર્વની સ્તુતિ

મણિરચિત સિંહાસન, બેઠા જગદાધાર; પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર; નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ; એ પર્વ પર્વમાં જિમ તારામાં ચંદ. ૧. નાગકેતુની પરે, કલ્પસાધના કીજે, વ્રત નિયમ આખડી, ગુરૂમુખ અધિકી લીજે, દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર, કર પડિક્કમણાં ધર, શીયલ અખંડિત ધાર. ૨. જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર; ભવ સાત આઠ નવ, શેષ તાસ સંસાર; સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર; તે શ્રવણે સુણીને, સફળ કરો અવતાર. ૩. સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણાં કીજે; કરી સાહમિ-વત્સલ, કુગતિ-દ્વાર પટ દીજે; કરી અઠ્ઠાઈ મહો-

ત્સવ, **ચિદાનંદ** ચિત્ત લાઈ; ઈમ કરતાં સંઘને, શાસનદેવ સહાઇ. ૪.

## ૩. શ્રી પર્યુષણપર્વનું સ્તુતિ.

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેહમાં વલી ભાદરવો માસ, આઠ દિવસ અતિ ખાસ; પર્વ પર્યુષણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઈધરનો કરવો ઉપવાસ, પોસહ લીજે ગુરૂ પાસ; વડાકલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે, ચૌદ સુપન વાંચીજે; પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગળ ગવાય, વીર જિનેશ્વર રાય. ૧. બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર, વીર તણો પરિવાર; ત્રીજ દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વલી નેમીસરનો અવદાત, વલી નવ ભવની વાત; ચોવીશે જિન અંતર ત્રેવીશ, આદિ જિનેશ્વર શ્રીજગદીશ,

તાસ વખાણ સુણીશ; ધવલ મંગલ ગીત ગહુંલી કરીએ, વલી પ્રભાવના નિત અનુસરીએ, અઠ્ઠમ તપ જય વરીએ. ૨. આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો, ધ્યાન ધરમ મન ભાવો; સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેલો થાય, બારસેં સૂત્ર સુણાય; થિરાવલીને સામાચારી પટાવલી પ્રમાદ નિવારી, સાંભલજો નરનારી; આગમ સૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ શાસ્ત્ર સર્વે સુણીશ. ૩. સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો, વિધિશું સ્નાત્ર ભણાવો; આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ, સંઘ સર્વને ખમીએ; પારણે સાહમિવત્સલ કીજે, યથા શક્તિએ દાન જ દીજે, પુણ્ય ભંડાર ભરીજે; શ્રી વિજયક્ષેમસૂરિ ગણ-

ધાર, જસવન્તસાગર ગુરૂ ઉદાર, જિણંદસાગર જયકાર. ૪.

## ૪. શ્રી પર્યુષણપર્વની સ્તુતિ

પુણ્યવંત પોશાલે આવે, પર્વ પર્યુષણ આવ્યા વધાવે, ધર્મના પંથ ચલાવે; ઘાંચીની ઘાણી છોડાવે, જીવ બંધનની જાલ તોડાવે, બંધીવાન ખોલાવે; આઠ દિવસ લગે અમર પલાવે, સ્વામિ વત્સલ મેરૂ ભરાવે, જિનશાસન દીપાવે; પોસહ પડિક્કમણું ચિત્ત ધારે, ક્રોધ કષાય અંતરથી વારે, વીરજીની પૂજા રચાવે. ૧. પુસ્તક લેઈ રાત્રી જગો કીજે, ગાજંતે ગુરૂ હસ્તે દીજે, ગહુંલી સુવાસણ કીજે; કલ્પસૂત્ર પ્રારંભે વખાણું, વીર જન્મ દિન સહુકો જાણું, નિશાળ ગરણા ટાણું; ખાંડ પડા પેંડા પતાસાં; ખાંડના ખડીઆ ને નાળીએર ખાસ, પ્રભા-

વના ઉલ્લાસ; વીર તણો પહેલો અધિકાર, પાસ નેમીસર અંતર સાર, આદિ ચરિત્ર ચિત્ત ધાર. ૨. જંબૂ પાટે ત્રિભુવન ગુણ ભરીયા, શ્રી સયંભવ જેણે ઉદ્ધરીયા, યજ્ઞ થકી ઉદ્ધરીયા; કોશ્યા ઘેર ચોમાસું કીધું, અખંડ શીયલનું દાનજ દીધું, સ્થુલીભદ્ર નામ પ્રસિદ્ધું; પારણે ગાયા હાલરડા, સાંભળતાં સૂત્ર પાઠવીયા, વયરસ્વામી શુભ વરીયા, એમ સ્થવિરાવલી ભાખીએ જેહ, સોહમસ્વામી ચિંતામણિ તેહ, કલ્પમાં સુણીયે એહ. ૩. ઝલકસ મસરૂ ને પાઠાં રૂમાલ, પૂજીએ પોથીને જ્ઞાન વિશાલ, ઠવણી સહેજ સંભાલ વલી પૂજા કીજે ગુરૂ અંગ, સંવત્સરી દિન મનને રંગ, બારસા સુણી એક અંગ; સાસુ જમાઈના અડીયા ને દડીયા, સમાચારી માંહે સાંભલીયા, ખાણે

પાપ જ ટલીયા; શ્રી ભાવ **લબ્ધિસુરી** એ કરણી, શ્રીપદ મહેલ ચડણ નીરસણી, કહે સિદ્ધાએ કહ્યા દુઃખ હરણી. ૪.

## ૫. શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ

પર્વ પર્યુષણ પુન્યે કીજે, સત્તર ભેદી જિન પૂજા રચીજે, વાજીંત્ર નાદ સુણીજે; પ્રભાવના શ્રીફળની કીજે, યાચક જનને દાન જ દીજે, જીવ અમારી કરીજે; મનુષ્ય જનમ ફલ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠ્ઠમ તપ કીજે, સ્વામી-વત્સલ કીજે; ઈમ અઠ્ઠાઈ મહોત્સવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવીજે, આદિનાથ પૂજીજે.૧. વડાકલ્પદિને ધુરી મંડાણ, દશ કલ્પ આચાર પ્રમાણ, નાગકેતુ વખાણ; પછી કીજે સૂત્ર મંડાણ, નમુત્થુણં હોય પ્રથમ વખાણ, મેઘ-કુમાર અહિ ઠાણ; દશ અચ્છેરાનો અધિકાર, ઇંદ્ર

આદેશે ગર્ભાપહાર, દેખે સુપન ઉદાર; ચોથે સ્વપને બીજું સાર, સુપન પાઠક આવ્યા દરબાર, ઇમ ત્રીજું જયકાર ૨. ચોથે વીર જનમ વખાણ, દિશિકુમરી સવિ ઇંદ્રને જાણ, દીક્ષા પંચ વખાણ; પારણે પરિષહ તપ ને નાણ, ગણધરવાદ ચોમાસી પ્રમાણ, તિમ પામ્યા નિરવાણ; એ છઠ્ઠે વખાણે કહીએ, તેલાધર દિવસે એ લહીએ, વીરચરિત્ર એમ સુણીએ; પાસ નેમિજિન અંતર સાત, આઠમે રૂષભ થેરા અવદાત, સુણતાં હોયે સુખશાત. ૩. સંવત્સરી દિન સહુ નરનારી, બારસેં સૂત્રને સમાચારી, નિસુણે અટ્ઠમધારી; સુણીએ ગુરૂ પટ્ટાવલી સારી, ચૈત્ય પ્રવાડી અતિ મનોહારી, ભાવે દેવ જુહારી; સાહમિ સાહમિણી ખામણા કીજે, સમતા રસમાંહી ઝીલીજે, દાન

સંવત્સરી દીજે; ઇમ ચક્કેસરી સાનિધ્ય કીજે.જ્ઞાનવિમલસૂરિ જગ જાણીને, સુજસ મહોદય કીજે.૪.

## ૬. શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ

પર્વ પર્યુષણ પુણ્યે પામી, પરિમલ પરમાનંદોજી, અતિ ઓચ્છવ આડંબર સઘળે, ઘર ઘર બહુ આનંદોજી; શાસન અધિપતિ જિનવર વીરે, પર્વ તણાં ફળ દાખ્યાંજી; અમારિ તણો ઢંઢેરો ફેરી, પાપ કરંતા રોકયા જી. ૧. મૃગનયની સુંદરી સુકુમારી, વચન વદે ટંક શાળીજી; પૂરો પનોતા મનોરથ મારા, નિરૂપમ પર્વ નિહાળીજી; વિવિધ ભાતિ પકવાન્ન કરીને, સંઘ સયલ સંતોષોજી; ચોવીશે જિનવર પૂજીને, પુણ્ય ખજાનો પોષોજી.૨. સકલ સૂત્ર શિર મુગટ નગીનો, કલ્પસૂત્ર જગ જાણોજી; વીર પાસ નેમીશ્વર અંતર, આદિ ચરિત્ર વખાણોજી;

સ્થવિરાવળી ને સામાચારી, પટ્ટાવળી ગુણ ગેહજી; એમ એ સૂત્ર સવિસ્તર સુણીને, સફલ કરો નર દેહજી. ૩. એણી પેરે પર્વ પર્યુષણ પાળી, પાપ સર્વે પરિહરિએજી; સંવત્સરી પડિક્કમણું કરતાં, કલ્યાણ કમળા વરીએજી; ગોમુખ જક્ષ ચક્રેશ્વરી દેવી, શ્રી માણિભદ્ર અંબાઇજી; શુભવિજય કવિ શિષ્ય **અમરને**, દિન દિન કરજો વધાઇજી. ૪.

## શ્રી ૭. પર્યુષણપર્વની સ્તુતિ

જીન આગમ ચઉ પરવી ગાઈ, ત્રણ ચઉમાસી છ અઠ્ઠાઇ, પર્યુષણ પર્વ સવાઇ; એ શુભ દીનને આવ્યા જાણી, ઉઠો આળસ છંડી પ્રાણી, ધર્મની નીક મંડાણી; પોષહ પડિક્કમણાં કરો ભાઈ, માસક્ષમણ પાસખમણ અઠાઈ, કલ્પ અઠ્ઠમ સુખદાઈ; દાન દયા દેવપૂજા જીન-

વરની, વાચના સુણીએ કલ્પસુત્રની, આજ્ઞા વિર જીનવરની, ૧. સાંભળી વીરનું ચરિત્ર વિશાલ, ચૌદ સ્વાપ્ને જન્મ્યા ઉજમાલ, જન્મ મહોત્સવ રસાલ; આમલકી ક્રીડાયે સુરને હરાવ્યો, દીક્ષા લઈ પ્રભુ કેવલ પાયો, અવિ- ચલ ઠામે સોહાયો; પાસ નેમી સંબંધ સાંભળીએ, ચોવીસ જિનના અંતર સુણીએ, આદિ ચરિત્ર સાંભળીએ; વીર તણા ગણધર અગીઆર, થિરાવલીનો સુણો અધિકાર, એ કરણી ભવપાર. ૨. અષાઢીથી દિન પચાસ, પર્યુષણ પડિક્કમણું ઉલ્લાસ, એકે ઉણું પણ માસ; સમાચારી સાધુનો પંથ, વરતે જયણાએ નિર્ગ્રન્થ, પાપ ન લાગે અંશ; ગુરૂ આણાએ મુનિવર રાચે, રાગી ઘરે જઇ વસ્તુ ન યાચે, ચાલે મારગ સાચે; વિગઈ ખાવાનો સંચ ન

આણે, આગમ સાંભળતા સૌ જાણે, શ્રી વીર જીન વખાણે. ૩. કુંભાર કાનમાં કાંકરી ચંપે, પીડાએ ક્ષુલ્લકપણું કંપે, મિચ્છામિ દુક્કડં જંપે; એમ જેને આમળો નવિ હોટે, આ ભવ પરભવ દુઃખ બહુ જોડે, પડે નરકને ખોળે; આરાધક જે ખમે ખમાવે, મન શુદ્ધ અધિકરણ સમાવે, તે અક્ષય સુખ પાવે; સિદ્ધાયિકાસૂરી સાનિધ્યકારી, મહિમાપ્રભ-સૂરિ ગચ્છધારી, ભાવ રત્ન સુખકારી. ૪.

## ૮. શ્રી દિવાળીની સ્તુતિ

સિદ્ધારથ તાતા, જગત વિખ્યાતા, ત્રીશલા-દેવી માત; તિહાં જગગુરૂ જન્મ્યા, સવિ દુઃખ વિરમ્યા, મહાવીર જિનરાય; પ્રભુ લેઈને દીક્ષા, કરે હિત શિક્ષા, દેઈ સંવત્સરી દાન, બહુ કર્મ

ખપેવા, શિવસુખ લેવા, કીધો તપ શુભ ધ્યાન. ૧. વર કેવળ પામી, અંતર જામી, વદ કાર્તિક શુભ રીસ, અમાવાસ્યા જાતે, પાછલી રાતે મુક્તિ ગયા જગદીશ; વળી ગૌતમ ગણધર, મોટા મુનિવર, પામ્યા પંચમજ્ઞાન, જ્યાં તત્ત્વ પ્રકાશી, શીલ વિલાસી, પહોંત્યા મુક્તિ નિધાન. ૨. સુરપતિ સંચરીયા, રતન ઉદ્ધરીયા, રાત થઇ તીહાં કાલી, જન દીવા કીધા, કાજ સિદ્ધા, નિશા થઇ અજવાળી, સહુ લોકે હરખી, નજરે નિરખી, પર્વ કીયો દિવાળી, વલી ભોજન ભગતે, નિજનિજ શકતે, જીમે સેવ સુહાવી. ૩. સિદ્ધાયિકા દેવી, વિઘન હરેવી, વાંછિત દે નિરધારી, કરી સંઘને શાતા, જેમ જગમાતા, એહવી શક્તિ અપારી; એમ જિનગુણ ગાવે, શિવ સુખ પાવે, સુણજો ભવિજન પ્રાણી;

જિનચંદ યતીસર, મહા મુનીસર, જપે એહવી વાણી. ૪.

## ૯. શ્રી દીવાળીની સ્તુતિ

સાસન નાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણ શરીર, હરી લંછન જીન ધીર; જેહનો ગૌતમ સ્વામી વજીર, મદન સુભટ ગંજન વડવીર, સાયર પરે ગંભીર; કાર્ત્તિક અમાવાસ્યા નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ, દીપક શ્રેણી મંડાણ; દિવાળી પ્રગટયું અભિધાન, પશ્ચિમ રયણીએ ગૌતમજ્ઞાન, વર્ધમાન ધરૂં ધ્યાન. ૧. ચઉવીસ એ જિનવર સુખકાર, પર્વ દીવાળી અતિ મનોહાર, સકલ પર્વ શણગાર; મેરઇયા કરે અતિ અધિકાર, મહાવીર સર્વજ્ઞાય પદ સાર, જપીએ દોય હજાર; મજ્ઝિમ રયણી દેવ વાંદીજે, મહાવીર

પારંગત નાથ નમીજે, તસ હોય સહસ ગણીજે;
વળી ગૌતમ સર્વજ્ઞાય નમીજે, પર્વ દીવાળી
એણી પરે કીજે, માનવ ભવ ફળ લીજે. ૨.
અંગ અગીયાર ઉપાંગજ બાર, પયન્ના દશ
છ છેદ મૂલ ચાર, નંદી અનુયોગ દ્વાર; છ લાખને
છત્રીશ હજાર, ચૌદે પૂરવ વિરચે ગણધાર,
ત્રિપદીના વિસ્તાર; વીર પંચમ કલ્યાણ જેહ,
કલ્પસૂત્રમાંહી ભાખ્યું તેહ, દીપોત્સવ ગુણગેહ;
ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ કરે જેહ, સહસ લાખ કોડી
ફલ લહે તેહ, શ્રી જીનવાણી એહ. ૩. વીર
નિર્વાણ સમય સુર જાણી, આવે ઇંદ્ર અને
ઇંદ્રાણી, ભાવ અધીક મન આણી; હાથ ગ્રહી
દીવી નિશિ જાણી, મેરઇયાં મુખ બોલે વાણી,
દીવાલી કહેવાણી; ઈણી પરે દીપોત્સવ કરે
પ્રાણી, સકલ સુમંગલ કારણ જાણી, લાભ

વિમલ ગુણ ખાણી; વદનિ રત્નવિમલ બ્રહ્માણી, કમલ કમંડલ વિણા પાણી. દ્યો સરસ્વતિ વર વાણી. ૪.

---

## સજ્ઝાય સંગ્રહ.

### ૧. પર્યુષણપર્વની સજ્ઝાય

(રાગ–ઝાંઝરીયા મુનિવર ધન ધન તુમ અવતાર રાખવાની એ દેશી)

પિતા મિત્ર તાપસ મલ્યો જી; બાંય પસારી આય, કહે ચોમાસું પધારજો જી, માને પ્રભુ એમ થાય, ચઉનાણી વીરજી ભૂતલ કરે રે વિહાર. ૧. દિવ્ય ચૂર્ણ વાસે કરે જી, ભમરા પણ વિલગંત; કામી જન અનુકુલથી જી, આલિંગન દીયંત. ચઉનાણી૦ ૨. મિત્ર

દ્વિજ આવી મલ્યો જી, ચીવર દીધો અર્ધ; આવ્યા તાસ વિઉડલે જી, ચોમાસે નીરાબાધ. ચઉનાણી૦ ૩. અપ્રીતિ લહી અભિપ્રાય ધરી જી, એક પણ કરી વિચરંત; શૂલપાણી સુર બોધીઓ જી, ઉપસર્ગ સહી અત્યંત, ચઉનાણી૦ ૪. મુહૂર્ત્ત પાત્ર નિદ્રા લહે જી, સુહણાં દશ દેખંત; ઉત્પલ નામ નિમિત્તીયો જી; અર્થ કહે એમ તંત, ચઉનાણી૦ ૫. તાલ પીશાચ હણ્યો જે પહેલો જી, તે હણસો તુમ મોહ; શીત પંખી દલ ધ્યાયસો જી, શુકલ ધ્યાન અક્ષોભ. ચઉનાણી૦ ૬. વિચિત્ર પંખી પેખીઓ જી, તે કહેશો દુવાલસ અંગ; ગોવર્ગ સેવિત ફલ સ્થાપશોજી; અનોપમ ચઉવિહ સંઘ. ચઉનાણી૦ ૭. ચઉવિધ સુર સેવિત હસો જી, પદ્મસરોવર દીઠ; મેરૂ આરોહણથી હોયસે જી, સુર સિંહા-

સન ઇઠ. ચઉનાણી૦ ૮. જે સુરજ મંડલ દેખીયું જી, તે હોસે કેવલનાણ; માનુષોત્તર અંતર વીંટીયો જી, તે જગ કીર્ત્તિ મંડાણ. ચઉનાણી૦ ૯. જલધિ તરણ ફળ એ હોશે જી, તે તરસો સંસાર; યુગ જુગલ ફળ નવી લહું જી, તે કહો કરી ઉપગાર. ચઉનાણી૦ ૧૦ કહે પ્રભુ તે ફલ તેહનો જી, ધર્મ દુવિધ કહું સંત; પ્રથમ ચોમાસું તીહાં કરી જી, વિચરે સમતાવંત, ચઉનાણી૦ ૧૧. ઉતરતાં ગંગા નદી જી, સુર કૃત સહે ઉપસર્ગ; સંબલ કંબલે વારીઓજી, પૂર્વ ભવે ગો વર્ગ. ચઉનાણી૦૧૨. ચંડકોસીયો સુર કીયો જી, પૂર્વે ભિક્ષુ ચરિત્ર; સીંચી નયનશું ધ્યાન ધરે જી,હવે મલ્યો બ્રાહ્મણ પુત્ર. ચઉનાણી૦ ૧૩. નદી તીરે પ્રતિબોધીયા જી, જિનપદિ લક્ષણ દીઠ; સામુદ્રિક જોઈ કહે

જી, ઇંદ્ર થયો મન ઇઠ્ઠ; ચઉનાણી૦ ૧૪. સંગમ સુર અધર્મેં કર્યો જી, બહુ ઉપસર્ગ સહંત; દેસ અનારજ સંચર્યા જી, જાણી કરમ મહંત. ચઉનાણી૦ ૧૫. વ્યંતરી કૃત સહે સીતથી જી, લોકાવધિ લહે નાણ; પૂર્વ કૃત કર્મેં નડયા જી, જેહનાં નહીં પરમાણ. ચઉનાણી૦ ૧૬, ચીમરો સરણે રાખીઓ જી, સુસુમારપુરી ધરી ધ્યાન; અનુક્રમે ચંદનબાલિકા જી, પ્રતિલાભે ભગવાન. ચઉનાણી૦ ૧૭. કાને ખીલા ઘાલીયા જી, ગોપ કરે ઘોર કર્મ; વૈદ્યે તે વલી ઉગારીયા જી, સહી વેદના અતિ મર્મ. ચઉનાણી૦ ૧૮. વરસ સાડાબાર લગે જી, કર્મ કર્યાં સવી જોર; ચઉ-વિહાર તપ જાણવો જી; નીત કાઉસ્સગ્ગ જીમ મેર. ચઉનાણી૦ ૧૯. હવે તપ સંકલના કહું જી, જે કીધા જિનરાય; બેઠા તે કહીએ નહીં

જી, ગાય દુહી કાસણ કાય. ચઉનાણી૦ ૨૦.

## ૨. શ્રી પર્યુષણ પર્વની સજઝાય.

પર્વ પર્યુષણ આવીયાં રે લાલ, કીજે ઘણું ધર્મ ધ્યાન રે ભવિક જન. આરંભ સકળ નિવારીએ રે લાલ, જીવોને દીજે અભયદાન રે ભ૦ પર્વ૦ ૧. સઘળા માસમાં માસ વડો રે લાલ, ભાદરવો માસ સુમાસ રે. ભ૦ તેહમાં આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ પર્વ૦ ૨. ખાંડણ પીસણ ગારનાં રે લાલ, નાવણ ધોવણ જેહ રે. ભ૦ એવા આરંભને ટાલીએ રે લાલ, વંછો સુખ અછેહ રે. ભ૦ પર્વ૦ ૩. પુસ્તક વાસીને રાખીયે રે લાલ, ઓચ્છવ કરીએ અનેક રે ભ૦ ઘર સારૂ વીત્ત વાવરો રે લાલ, હિયડે આણી વિવેક રે. ભ૦ પર્વ૦ ૪. પુજી અર્ચીને આણીએ રે લાલ, સદ્-

ગુરૂની પાસ રે. ભ૦ ઢોલ દદામા ફેરીયા રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ પર્વ૦ ૫. શ્રીફળ સરસ સોપારીયો રે લાલ, દીજે સ્વામીને હાથ રે. ભ૦ લાભ અનંતા બતાવીયા રે લાલ, સ્વયં-મુખ ત્રિભુવન નાથ રે. ભ૦ પર્વ૦ ૬. નવ વાંચના કલ્પસૂત્રની રે લાલ, સાંભળો શુદ્ધ ભાવ રે. ભ૦ સ્વામિ વત્સલ કીજીએ રે લાલ, ભવ જળ તરવા નાવ રે. ભ૦ પર્વ૦૭. ચિત્તે ચૈત્ય જુહારિએ રે લાલ, પુજા સત્તર પ્રકાર રે. ભ૦ અંગપુજા સદ્ગુરૂ તણી રે લાલ, કીજીએ હર્ષ અપાર રે. ભ૦ પર્વ૦ ૮. જીવ અમારી પળાવીએ રે લાલ, તેહથી શિવ સુખ હોય રે ભ૦ દાન સંવત્સરી દીજીએ રે લાલ, ઈણ સમો પર્વ ન કોઇ રે. ભ૦ પર્વ૦૯. કાઉસ્સગ્ગ કરીને સાંભળો રે લાલ, આગમ આપણે કાન

રે, ભ૦ છઠ્ઠ અઠ્ઠમ તપ આકરો રે લાલ, કીજે ઉજ્જવલ ધ્યાન રે. ભ૦ પર્વ૦ ૧૦. ઇણ વિધ પર્વ આરાધશે રે લાલ, લેશે સુખની કોડ રે ભ૦ મુક્તિ મન્દિરમાં માલશે રે લાલ, મતિ **હંસ** નમે કર જોડ રે. ભ૦ પર્વ૦ ૧૧.

## ૩. શ્રી પર્યુષણપર્વના નવ વ્યાખ્યાનમાં પ્રથમ વ્યાખ્યાનની પહેલી સજ્ઝાય.

### ઢાળ પહેલી

પર્વ પર્યુષણ આવિયાં, આનંદ અંગે ન માય રે; ઘર ઘર ઉત્સવ અતિ ઘણાં, શ્રી સંઘ આવીને જાય રે. પર્વ પર્યુષણ આવીયાં (એ આંકણી) ૧. જીવ અમારી પલાવિયે, કીજિયે વ્રત પચ્ચખાણ રે; ભાવ ધરિ ગુરૂ વંદિયે, સુણિએ સૂત્ર વખાણ રે. પર્વ૦ ૨. આઠ

દિવસ એમ પાલિયે, આરંભનો પરિહારો રે; નાવણુ ધોવણુ ખાંડણુ, લીંપણુ પીસણુ વારો રે. પર્વ૦ ૩. શક્તિ હોય તો પચ્ચખ્ખીયે, અઠ્ઠાઈ અતિ સારો રે; પરમ ભક્તિ પ્રીતિ લાવીયે, સાધુને ચાર આહારો રે. પર્વ૦ ૪. ગાય સોહાગણુ સવિ મલી, ધવલ મંગલ ગીત રે; પકવાન્ને કરી પોષિયે, પારણે સાહમિ મન પ્રીત રે. પર્વ૦ ૫. સત્તરભેદિ પૂજા રચી, પૂજીયે શ્રીજિનરાય રે; આગલ ભાવના ભાવિયે, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ૬. લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણાં માંડી રે; શિર વિલેપન કીજીયે, આલસ અંગથી છંડી રે. પર્વ૦ ૭. ગજ ગતિ ચાલે ચાલતી, સોહાગણુ નારી તે આવે રે; કુંકુમ ચંદન ગુંહલી, મોતિયે ચોક પૂરાવે રે. પર્વ૦ ૮. રૂપા મહોર પ્રભાવના, કરિયે તવ

સુખકારી રે; શ્રી ક્ષમાવિજય કવિરાયનો, બુધ **માણેકવિજય** જયકારી રે. પર્વ૦ ૯.

## ૪. દ્વિતીય વ્યાખ્યાનની સજ્ઝાય.

### ઢાળ ત્રીજી

(પ્રથમ ગોવાળ તણે ભવેજી એ દેશી.)

ઇંદ્ર વિચારે ચિત્તમાં જી, એ તો અચરીજ વાત; નીચ કુલે નાવ્યા કદા જી, ઉત્તમ પુરૂષ અવદાત; સુગુણ નર, જુઓ જુઓ કર્મ પ્રધાન; કર્મ સબલ બલવાન. સુ૦ જુ૦ (એ આંકણી) ૧. આવે તો જન્મે નહીં જી, જિન ચક્રી હરિ રામ; ઉગ્ર ભોગ રાજન કુલે જી, આવે ઉત્તમ ઠામ. સુ૦ ૨. કાલ અનંતે ઉપના જી, દસ અચ્છેરાં રે હોય; તિણે અચ્છેરૂં એ થયું જી, ગર્ભહરણ દશમાંહે. સુ૦ ૩. અથવા પ્રભુ

સત્યાવીશમાં જી, ભવમાં ત્રીજે જન્મ; મરિચી ભવ કુલ મદ કીયો જી, તેથી બાંધ્યું નીચ કર્મ. સુ૦ ૪. ગોત્ર કર્મ ઉદયે કરી જી, માહણ-કુલે ઉવવાય; ઉત્તમ કુલે જે અવતરેજી, ઇંદ્ર જીત તે થાય. સુ૦ ૫. હરિણગમેષી તેડીને જી, હરિ કહે એહ વિચાર; વિપ્ર કુલથી લેઈ પ્રભુ જી, ક્ષત્રિય કુલે અવતાર. સુ૦ ૬. રાય સિદ્ધારથ ઘર ભલી જી, રાણી ત્રિશલાદેવી; તાસ કુખે અવતરીયા જી, હરિ સેવક તત ખેવ. સુ૦ ૭. ગજ વૃષભાદિક સુંદરૂ જી, ચૌદ સુપન તિણિ વાર; દેખી રાણી જેહ જી, વર્ણવ્યાં સૂત્રે સાર. સુ૦ ૮. વર્ણન કરી સુપન તણું જી, મૂકી બીજું વખાણ; શ્રી ક્ષમાવિજયજી ગુરૂ તણો જી, કહે **માણેક** ગુણખાણ. સુ૦ જુ૦ ૯.

## ૫. ચતુર્થ વ્યાખ્યાનની સજઝાય.

### ઢાળ પાંચમી

(મન મોહના રે લાલ-એ દેશી)

ધનદ તણે આદેશથી રે, મન મોહનાં રે લાલ, તિર્યગજાૃંભક દેવ રે, જગ સોહનાં રે લાલ, રાય સિદ્ધારથને ઘરેરે મ૦ વૃષ્ટિ કરે નિત્ય મેવ રે. જ૦ ૧. કનક રયણ મણિ રૌપ્યની રે મ૦, ધણ કણ ભૂષણ પાન રે. જ૦; વરસાવે ફલ ફુલની રે, મ૦, નૂતન વસ્ત્ર નિધાન રે, જ૦ ૨. વાધે દોલત દિન પ્રત્યે રે, મ૦, તેણે વર્દ્ધમાન હેત રે જ૦; દેશું નામ જ તેહનું રે મ૦, માત પિતા સંકેત રે. જ૦ ૩. માતાની ભક્તિ કરી રે, મ૦, નિશ્ચલ પ્રભુ રહ્યા તામ રે જ૦; માતા અરતિ ઊપની રે મ૦,

શું થયું ગર્ભને આમ રે. જ૦ ૪. ચિંતાતુર સહુ દેખીને રે, મ૦, પ્રભુ હાલ્યા તેણી વાર રે જ૦; હર્ષ થયો સહુ લોકને રે મ૦, આનંદમય અપાર રે. જ૦ ૫. ઉત્તમ દોહલા ઉપજે રે મ૦, દેવપૂજાદિક ભાવ રે જ૦; પૂરણ થાયે તે સહુ રે મ૦, પૂરવ પુણ્ય પ્રભાવ રે જ૦ ૬. નવ માસ પૂરા ઉપરે રે મ૦, દિવસ સાડા સાત રે જ૦; ઉચ્ચ સ્થાને ગ્રહ આવતાં રે મ૦, વાયે અનુકુળ વાત રે. જ૦ ૭. વસંત ઋતુ વન મોરિયાં રે મ૦, જન મન હર્ષ ન માય રે જ૦ ચૈત્ર માસ શુદિ તેરસે રે મ૦, જિન જન્મ્યા આધી રાત રે જ૦૮. અજવાળું ત્રિહું જગ થયું રે મ૦, વરત્યો જય જયકાર રે જ૦; ચોથું વખાણ પૂરણ ઈહાં રે મ૦, બુધ **માણેકવિજય** હિતકાર રે. જ૦ ૯.

## ૬. ષષ્ટ વ્યાખ્યાનની દ્વિતીય સજ્ઝાય.

### ઢાળ આઠમી

( દેશી ભમરાની )

કાશી દેશ બનારસી સુખકારી રે, અશ્વ-સેન રાજન પ્રભુ ઉપકારી રે; પટરાણી વામા સતી સુ૦, રૂપે રંભ સમાન પ્ર૦ ૧. ચૌદ સ્વપ્ન સુચિત ભલા સુ૦, જન્મ્યા પાર્શ્વ કુમાર પ્ર૦; પોષ વદિ દશમી દિને સુ૦, સુર કરે ઉત્સવ સાર. પ્ર. ૨. દેહમાન નવ હાથનું સુ૦, નીલ વરણ મનોહાર; પ્ર૦ અનુક્રમે જોબન પામિયા સુ૦, પરણી પ્રભાવતી નાર. પ્ર૦ ૩. કમઠ તણો મદ ગાલીયો સુ૦, કાઢયો જલતો નાગ પ્ર૦, નવકાર સુણાવી તે કિયો સુ૦, ધરણરાય મહા-ભાગ. પ્ર૦ ૪. પોષ વદિ એકાદશી સુ૦. વ્રત લેઇ વિચરે સ્વામ પ્ર૦; વડ તલે કાઉસ્સગ્ગ

રહ્યા સુ૦, મેઘમાલી સુર તામ, પ્ર૦ ૫. કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો સુ૦, આવ્યું નાસિકા નીર પ્ર૦; ચુકયા નહિ પ્રભુ ધ્યાનથી સુ૦, સમરથ સાહસ ધીર પ્ર૦ ૬. ચૈત્ર વદિ ચોથને દિને સુ૦, પામ્યા કેવલ નાણ પ્ર૦; ચઉવિહ સંઘ સ્થાપી કરી સુ૦, આવ્યા સમેતગિરિ ઠાણ. પ્ર૦ ૭. પાલી આયુ સો વર્ષનું સુ૦, પહોંત્યા મુક્તિ મહંત પ્ર૦; શ્રાવણ શુદિ દિન અષ્ટમી સુ૦, કીધો કર્મનો અંત. પ્ર૦ ૮. પાસ વીરને આંતરૂં સુ૦, વર્ષ અઢીસેં જાણ પ્ર૦; કહે **માણેક** જિન-દાસને સુ૦, કીજે કોટિ કલ્યાણ. પ્ર૦ ૯.

## ૭. નવમા વ્યાખ્યાનની સજઝાય.

### ઢાલ અગ્યારમી

(ભરત નૃપ ભાવશું–એ દેશી)

સંવત્સરી દિન સાંભલો એ, બારસા સૂત્ર

સુજાણ, સફલ દિન આજનો એ (એ આંકણી); શ્રીફલની પ્રભાવના એ, રૂપા નાણું જાણ. સ૦ ૧. સમાચારી ચિત્ત ધરોએ, સાધુ તણો આચાર સ૦; વડલ હુંડાઈ ખામણાં એ, ખામો સહુ નરનાર. સ૦ ૨. રીષ વશે મન રૂષણાં એ, રાખીને ખમાવે જેહ સ૦; કોચું પાન જીમ કાઢવું એ, સંઘ બાહેર સહિ તેહ. સ૦ ૪. ગલિત વૃષભ વધકારકું એ, નિર્દય જાણી વિપ્ર સ૦, પંક્તિ બાહિર તે કહ્યો એ, જિમ મહા-સ્થાને ક્ષિપ્ર. સ૦ ૪. ચંદનબાલા મૃગાવતી એ, જેમ ખમાવ્યું તેમ સ૦; ચંદ પ્રદ્યોતનરાયને એ, ઉદાયન ખમાવ્યું જેમ. સ૦ ૫ કુંભકાર શિષ્યની પરે એ, તિમ ન ખમવો જેમ સ૦; બાર બોલે પટાવલી એ, સુણતાં વાધે પ્રેમ. સ૦ ૬. પડિક્કમણું સંવત્સરી એ, કરીયે સ્થિર

ચિત્ત સ૦; દાન સંવત્સરી દેઇને એ, લીજે લાહો નિત્ત. સ૦ ૭. ચઉવિહ સંઘ સંતોષિયે એ, ભક્તિ કરી ભલી ભાત સ૦; ઇણિ પરે પર્વ પર્યુષણો એ, ખરચો લક્ષ્મી અનંત. સ૦ ૮. જિનવર પૂજા રચાવિયે એ, ભક્તિ મુક્તિ સુખદાય સ૦; ક્ષમાવિજય પંડિત તણો એ, બુધ **માણેક** મન ભાય. સ૦ ૯.

## ૮. ત્રિલોકસુંદરીની સજ્ઝાય.

વહાણમાં રૂવેરે તિલોક સુંદરીરે, કરી અતિશેરે વિલાપ; પીયુજી પીયુજી કરી ઝંખે ઘણું રે, ધરતી મનમાં સંતાપ. વહાણ૦ ૧. મધ્ય દરીયે વ્હાણ ચાલતાં રે, ઉદય થયા સર્વે પાપ, પડતા પીયુજી તે સમુદ્રમાં રે, અળગા થઈ આપો આપ વહાણ૦ ૨. ખરો વેરી થયો આ વાણીયો રે, કીધો તેણે કાળો કેર;

નિરાધાર કીધી છે મુજને રે, લીધું કાંઈ જન્મનું વેર. વહાણ૦ ૩. મારા રૂપમાં મોહ્યો તે વાણીયો રે, કુબુદ્ધિનો કરનાર; કાળી રાતે મારા કંથને રે, નાખ્યો સમુદ્ર મોઝાર. વહાણ૦ ૪. ઉંચે આભ નીચે નીર છે રે, અંધારી છે તેમાં રાત; નજરે ન દેખું મ્હારા નાથને રે, પામ્યા સમુદ્ર વ્યાઘાત, વહાણ૦ ૫. દુર રહ્યું છે પીયર સાસરૂં રે, ખુટી બેઠા જમણાર; પ્રભુ હવે અમારૂં કો નહીં રે, છે જગનાથ આધાર. વહાણ૦ ૬. કુશળ કરો મુજ કંથનું રે, છો પ્રભુ દીન દયાળ; વેળા પડી વિષમ દુઃખની રે, હું છું અજ્ઞાની જ બાળ વહાણ૦ ૭. અન્ન જળ લેવા મુજને રે, આખડી રે યમરાજ; ધ્યાન ધરંતી રે જીનરાજનું રે, વાંછે પ્રભુની રે સહાય. વહાણ૦ ૮ હીરવિજય ગુરૂ હીરલો રે, વીર-

વિજય ગુણ ગાય; લબ્ધિવિજય ગુરૂ રાજીયો રે, તેના નમું હું રે પાય. વહાણ૦ ૯.

## ૯. વણઝારાની સજઝાય

વણઝારો ધુતારો કામણગારો, સુંદર વર કાયા છોડ ચલ્યો વણઝારો, વણઝારો ધુતારો કામણગારો, એની દેહડલીને છોડ ચલ્યો છું વણઝારો. ૧. એણી રે કાયા મે પ્રભુજી પાંચ પણિયારી, પાણી ભરે છે ન્યારી ન્યારી. સુંદરવર૦ ૨. એણી રે કાયામે પ્રભુજી સાત સમુદ્ર; તેનો નીર ખારો મીઠો. સુંદરવર૦ ૩. એણી રે કાયામે પ્રભુજી નવસો નાવડીયો, તેનો સ્વભાવ ન્યારો ન્યારો. સુંદરવર૦ ૪. એણી રે કાયામે પ્રભુજી પાંચ રતન, પરખે પરખણ હારો. સુંદરવર૦ ૫. ખુટ ગયો તેલ ને બુઝ ગઈ બત્તીયાં; મંદિર મે પડ ગયો

અંધેરો. સુંદરવર૦ ૬. ખસ ગયો થંભો, ને પડ ગઈ દેહિયો; મિટ્ટી મે મીલ ગયો ગારો. સુંદરવર૦ ૭. **આનંદવર** કહે સુનો ભાઇ સાધુ, આવાગમનની વારો. સુંદરવર૦ ૮.

## ૧૦. શ્રી ચંદનબાળાની સજ્ઝાય.

કોસંબી નયરી પધારીયા, વહોરવા તે શ્રી મહાવીર; અભિગ્રહ એમ ચિંતવ્યો, તમે શું જાણો જગદીશ હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૧. વહોરંતા નિત દહાડલે, મુનિ ભમતા ઘર ઘર બાર, સુખડી ઘેબર ઢાંકી મેલ્યાં, એ તો મનમાં ન આણે લગાર; હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૨. રાજાના મહેલ લુંટાઈ ગયા,લુંટી તે ચંપાપોળ; નિજ સ્થાનક આવી રહ્યા, ત્યાં તો હાથી ઘોડાના ગંજ; હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં

હો સદ્ગુરૂ. ૩. રાજાના મહેલ લુંટાઈ ગયા, લુંટી કરી ઘેર જાય; સોપાલક મહેલે ચડયો, ત્યાં તો દીઠાં છે ચંદનબાળા; હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૪. ચંદનબાળા ધારણી, હેઠા ઉતારી ત્યાંય; ખંધે ચઢાવીને લેઈ ગયો, એ તો બોલે છે કડવા બોલ, હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૫. બાઇ તું મારે ઘેર ગોરડી, હું છું ત્હારો નાથ; એવાં વચન જ્યારે સાંભળ્યાં, ત્યારે ધારણીએ કીધો કાળ હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૬. જીભ કચરીને મરી ગઈ, મરતાં ન લાગી વાર; એ તો મરી ગઈ તત્કાલ. હો સ્વામી૦ ૭. ખંધેથી હેઠા પડયા, ટળવળે તે ચંદનબાળ; બાઈ તું મહારે ઘેર બેટડી, હું છું તાહરો તાત; બાઇ મ કરીશ આપઘાત. હો

સ્વામી૦ ૮ ખંધે ચઢાવીને લેઈ ગયો, ઘેર છે ચેતા નાર; જાઓ રે બજારમાં વેચવા, ન કર જાઈશ રાજ પોકાર; હો સ્વામી૦ ૯. ખંધે ચઢાવીને લેઇ ગયો, વેચવા તે બજારમાંહી; બજારમાંહી ઉભી કરી, એને મુલવે કોસ્યાનાર હો સ્વામી૦ ૧૦. લાખ ટકાએ બાઈને મુલવે, મોં માગ્યાં તે આપે તે મૂલ; લાખ ટકાના બાઈ અધલાખ, બાઈ તુમ ઘેર કેવો આચાર; હો સ્વામી૦ ૧૧ રાગ ઠાઠ બનાવવા, સજવા તે સોળ શણગાર; હિંડોળા ખાટે હીંચવા, અમ ઘેર ચાવવાં ચેલઈયાં પાન. હો સ્વામી૦ ૧૨. મારો ભઠ પડયો અવતાર હો સ્વામી, મેં શ્યાં કીધાં તાં પાપ હો સ્વામી; મેં ના સમર્યા ભગવંત હો સ્વામી, મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી; મેં તોડી પુન્યની પાળ હો

સ્વામી૦ ૧૩. આકાશે ઉભા દેવતા, સાંભળી એવા બોલ; એ ને વિકુર્વ્યા વ્યંતર વાંદરા હો સ્વામી૦ ૧૪. નાક કાન વલુરીયા, એ તો નાશી ગઈ તત્કાલ હો સ્વામી૦ ૧૫. ખંધે ચઢાવીને લેઈ ગયો, વેચવા તે બજાર માંહી; ચૌટા માંહી ઉભી કરી, એને મુલવે સુદર્શન શેઠ હો સ્વામી૦ ૧૬. લાખ ટકાએ બાઈને મુલવે, મ્હોં માગ્યાં તે આપે મૂલ; લાખ ટકાના ભાઈ અધ લાખ, ભાઈ તુમ ઘેર કેવો આચાર હો સ્વામી૦ ૧૭. પોષહ પડિક્કમણાં અતિ ઘણાં, આયંબીલનો નહીં પાર; ઉપવાસ એકાસણાં નિત્ય કરવાં, અમ ઘેર પાણી ગળવા ત્રણ વાર. હો સ્વામી૦ ૧૮. મેં આરાધ્યા અરિહંત હો સ્વામી, મેં સમર્યા ભગવંત હો સ્વામી; મેં બાંધી પુન્યની

પાળ હો સ્વામી. બ્રા૦ ૧૯. શેઠ વખારેથી આવીયા, ચંદનબાળા તે ધુવે શેઠના પાય; મુળાએ મનમાં ચિંતવ્યું, એ તો નારી કરીને રાખી. હો સ્વામી બ્રા૦ ૨૦. હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ; મસ્તકે મુંડયા રે વેણીના કેસ હો સ્વામી; એમને ઘાલ્યાં છે ગુપ્ત ભંડાર હો સ્વામી. બ્રા૦ ૨૧. પહેલું તે દહાડું તિહાં થયું, કયાં ગઇ તે ચંદનબાળ; સરખી સહિયરોમાં ખેલવા, એ તો ઘરમાં ન આવે લગાર હો સ્વામી. બ્રા૦ ૨૨. બીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઈ તે ચંદનબાળ; તમે એને મોઢે ચઢાવી મેલી, એ તો કહ્યું ન માને લગાર હો સ્વામી. બ્રા૦ ૨૩. ત્રીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઇ તે ચંદનબાળ; તમે એને લાડવાઇ કરી મેલી, એ તો સાત-

રમાં ન આણે લગાર હો સ્વામી. બ્રા૦ ૨૪. ચોથું તે દહાડું તિહાં થયું, કયાં ગઈ તે ચંદનબાળ; શેઠે કટારો કાઢીયો, હવે મારીશ મારે પેટ હો સ્વામી; મુળા નાશી ગઈ તતકાળ હો સ્વામી. બ્રા૦ ૨૫. શેઠે પાડોસીને પૂછીયું, કયાં ગઇ તે ચંદનબાળ; હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ; મસ્તકે મુંડયા રે વેણીના કેશ હો સ્વામી બ્રા૦ ૨૬. શેઠે તાળાં તોડીયાં, કાઢયાં તે ચંદનબાળ; એમને બેસાડયાં ઉમરામાંય હો સ્વામી, સુપડા ખુણે બાકુલા બેસાડી ચંદનબાળ; શેઠજી લવારને તેડવા જાય હો સ્વામી. બ્રા૦ ૨૭. છમાસીને પારણે, મુનિ ભમતા તે ઘેર જાય; સઘળી જોગવાઈ તિહાં મલી, પણ ન દીઠી આંસુની ધાર હો સ્વામી. બ્રા૦ ૨૮. ત્યાંથી

તે પ્રભુ પાછા વળ્યા, મારો ભઠ પડયો અવતાર હો સ્વામી; મેં તોડી પુન્યની પાળ હો સ્વામી, મેં ન સમર્યા ભગવંત હો સ્વામી; મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી૦ ૨૯. પાછું વાળીને જુવે તિહાં, દીઠી આંસુની ધાર; સઘળી જોગવાઈ તિહાં મલી, ત્યાં તો વ્હોરાવે ચંદનબાળ; વ્હોરાવી કરો તુમે પારણું, તમારો સફળ થયો અવતાર હો સ્વામી૦ ૩૦. હાથે તે થયો સોના ચુડલો, પગે તે થઇ સોનાની હેડ; મસ્તકે થયા રે વેણીના કેશ હો સ્વામી, સેંથો તે થયો મોતીની સેર હો સ્વામી૦૩૧. શેઠજી લુહાર તેડીને આવીયા, શું થયું તે ચંદનબાળ; પિતા તમારે પસાય હો સ્વામી, એટલે આવ્યા મુળા માય, શું થયું તે ચંદનબાળ; માતા તમારે પસાય હો સ્વામી૦ ૩૨.

દેશ દેશના રાજવી, ચંદનબાળાને વાંદવા જાય; તિહાં કને બાર ક્રોડ બત્રીશની વૃષ્ટિ થાય હો સ્વામી; તિહાં કને નાટારંભ ઘણા થાય હો સ્વામી, તિહાં કને દેવતાઈ વાજાં વાગે હો સ્વામી, તિહાં કને અઠ્ઠાઇ મહોત્સવ ઘણા થાય હો સ્વામી, તિહાં કને **લબ્ધિવિજય** ગુણ ગાય હો સ્વામી બ્રા૦ ૩૩.

# ચોવીસ જીનેશ્વરનો છંદ.

## દુહા

આર્યા–બ્રહ્મસુતા ગિર્વાણી, સુમતિ વિમલ આપો બ્રહ્માણી; કમલ કમંડલ પુસ્તક પાણી, હું પ્રણમું જોડી જુગ પાણી. ૧. ચોવીસે જીનવર તણા, છંદ રચું ચોસાલ, ભણતાં શિવસુખ સંપજે, સુણતાં મંગલ માલ. ૨.

# છંદ જાતિ સવૈયા

આદિ જીણંદ નમે નર ઈંદ સુપુનમચંદ સમાન મુખં, સમામૃત કંદ ટાલે ભવ ફંદ મરુદેવી નંદ કરત સુખં; લગે જસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિક જનં, કંચન કાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિજીનં. ૧. અજીત જીણંદ દયાલ મયાલ કૃપાલ વિસાલ નયન જુગં, અનુપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનગ બાહુ જુગં; મનુષ્ય મેલીહ મુનિસરસીંહ અબીહ નરીહ ગયે મુગતી, કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમે જીનનાથ ભલી જુગતી. ૨. અહો સંભવનાથ અનાથકો નાથ મુક્તિકો સાથ મિલ્યો પ્રભુ મેરો, ભવોદધિપાજ ગરીબ નિવાજ સવે શિરતાજ નિવારત ફેરો; જીતારીકો જાત,

સુસેના માત, નમે નર જાત મિલી બહુ ઘેરો, કહે નય શુદ્ધ ધરિ બહુ બુદ્ધ જીતાવની નાથકું સેવક તેરો. ૩. અભિનંદન સ્વામ લિયે જશ નામ સરે સવિ કામ ભવિક તણો, વનિતા જસ ગામ નિવાસકો ઠામ કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો; મુનિશ્વર રુપ અનુપમ ભૂપ અકલ સ્વરુપ જીનંદ તણો, કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમે નર પાવત સુખ ઘણો. ૪. મેઘ નરિંદ મલ્હાર વિરાજીત સોવનવાન સમાન તનું, ચંદ સુચંદ વદન સુહાવત રૂપ વિનિર્જીત કામ તનુ, કર્મકી કોડ સવે દુઃખ છોડ નમે કરજોડ કરી ભક્તિ, વંશ ઇક્ષ્વાકુ વિભૂષણ સાહિબ સુમતિ જીનંદ ગએ મુક્તિ. ૫. હંસપાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગ રંગ,અઢીસેં ધનુષ્ય ચંગ દેહકો પ્રમાણ હે,

ઉગતો દિણંદ રંગ લાલકેસુ ફુલ રંગ રુપ હે અનંગ ભંગ અંગ કેરોવાન હે; ગંગકો તરંગ રંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો વિસાલ રંગ શુદ્ધ જાકો ધ્યાન હે, નિવારીએ ક્લેશ સંગ પદ્મપ્રભુસ્વામિ ધીંગ દિજીએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે. ૬. જીણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાવ આણંદ ઘણે, ગમે ભવિ પાસ મહિમા પૂરે સવિ આસ કુમતિ હણે; ચીહું દીસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નીઃસાસ જીનેંદ્ર તણો, કહે નય ખાસ મુનીંદ્ર-સુપાસ તણો જસ વાસ સદૈવ ભણો. ૭. ચંદ્ર ચંદ્રિકા સમાન (રુપ સૈલસે) સમાન દોઢસો ધનુષ્યમાન દેહકો પ્રમાણ હે, ચંદ્રપ્રભુ સ્વામી નામ લીજીયે પ્રભાત જામ પામીયે સુખ ઠામ ઠાણ ગામજ સનામ હે; મહસેન અંગ

જાત સવિ જગ જંતુ તાત, લક્ષ્મણાભિધાન માત ચંદ્ર સમકાંતિ હે, નય છોડી વાત ધ્યાઈયે જો દિન રાત પામીએ જો સુખ શાત દુઃખ કોડી જાત હે. ૮. દુધસિંધુફેન પીંડ ઉજલો કપુરખંડ ધેનુ ખીર કોસુમંડ શ્વેત પદમ ખંડ હે, ગંગાકો પ્રવાહ પિંડ શંભુ શૈલ શુદ્ધ દંડ અમૃત સરસ કુંડ શુદ્ધ જાકો તુંડ હે, સુવિધિ જિનંદ સંત કીજીએ દુષ્કર્મ અંત શુભ ભક્તિ જાસ દંત શ્વેત જાકો વાન હે, કહે નય સુણો સંત પૂજીયે જો પુણ્ય દંત પામીયે તો સુખ સંત શુદ્ધ જાકો ધ્યાન હે. ૯. શિતલ શિતલ વાણી ધના ધન ચાહત હે ભવિકોક કિશોરા, કાક દિણંદ પ્રજાસુ નરીંદ વલી જિમ ચાહત ચંદચકોરા; વિધ ગયંદ સુચિ સુરિંદ સતિ નિજ કંત સુમેઘ મયૂરા, કહે નય નેહ ધરી

ગુણ ગેહ તથા હું ધાવત સાહેબ મેરા. ૧૦.
વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર
વંશકો શૃંગારહાર રૂપકો આગાર હે, છોડિ
સવિ ચિત્તકાર માન મોહકો વિચાર કામ
ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે; આદર્યો
સંયમ ભાર પંચ મહાવ્રત સાર ઉતારે સંસાર
પાર જ્ઞાનકો ભંડાર હે, ઇગ્યારમો જિણંદ
સાર ખડગી જીવ ચિન્હધાર કહે નય વારો-
વાર મોક્ષકો દાતાર હે. ૧૧. લાલ કેસુ ફુલ
લાલ રાત અર્ધ રંગ લાલ ઉગતો દિણંદ
લાલ લાલચોલ રંગ હે; કેસરીકી જીભ લાલ
કેસરકો ઘોલ લાલ ચુનડીકો રંગ લાલ લાલ
પાન રંગ હે લાલ; કીર ચંચુ લાલ હીંગલો
પ્રવાલ લાલ કોકિલાકી દૃષ્ટિ લાલ લાલ ધર્મ
રંગ હે, કહે નય તેમ લાલ બારમો જિણંદ

લાલ જયાદેવી માત લાલ લાલ જાકો અંગ હે. ૧૨. કૃતવર્મ નરીંદ તણો એહ નંદ નમત સુરેંદ્ર પ્રમોદ ધરી, ગમે દુઃખ દંદ દીયે સુખ વૃંદ જાકે પદ સોહત્ત ચિત્ત કરી; વિમલ જિનંદ પ્રસન્ન વદન જાકે શુભ મન્ન સુગંગ પરી; એક મન્ન કહે નય ધન્ય નમો જિન-રાજ શું પ્રીત ધરી. ૧૩. અનંત જિણંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજો ભવી નિતમેવ ધરી બહુ ભાવના, સુર નર સારે સેવ સુખ કીયો સ્વામી હેવ તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના, સિંહસેન અંગ જાત સુજસાભિધાન માત જગમાં સુજસ ખ્યાત ચીહું દિશે વ્યાપતો; કહે નય તાસ વાત કીજીએ જો સુપ્રભાત નિત્ય હોય સુખ સાત કીર્તિ કોડિ આપતો. ૧૪. જાકે પ્રતાપ પરાજિત

નિર્મલ ભૂત થઈ ભાનુ આકાશે, સૌમ્ય વદન વિનિર્જિત અંતર શ્યામ શસીનીવિ હોત પ્રવાસે, ભાનુ મહિપતિ વંસે કુસેસય બોધન દીપત ભાનુ પ્રકાશે. નમે નય નેહ નિતુસાહિબ એહ ધર્મ જિણંદ ત્રિજગ પ્રકાસે. ૧૫. સોલમો જિણંદ નામે શાંતિ હોય ઠામો ઠામે, સિદ્ધિ હોઈ સર્વ કામે નામ કે પ્રભાવથે; કહે નય જોડી હાથ અબહું થયો સનાથ, પાઈઓ સુમતી સાથ શાંતિનાથકે દિદારથે. ૧૬. અહો કુંથુ જિણંદ મયાલ, દયાનિધિ સેવકની અરદાસ સૂણો; ભવ ભીમ મહાર્ણવ પૂર આગાહ અથાહ ઉપાધિ સુનીર ઘણો, બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિત ઘણાદિ કલેશ ઘણો; અબતારકતાર કિ્પા પર સાહિબ સેવક જાણીએ છે આપણો. ૧૭. અર દેવ શું દેવ કરે નર સેવ દુઃખ સવિ દોહગ

દૂર કરે, ઉપદેશ ઘનાઘન નીર ભરે ભવિ માન સમાનસ ભૂરી તરે, સુદર્શન નામ નરેસર અંગજ ભવ્ય મને પ્રભુ જાસ વસે, તસ સંકટ શોક વિયોગ કુયોગ દ્રરિદ્ર કુસંગતિ ન આવત પાસે. ૧૮. નીલ કીર પંખી નીલ નાંગવલિ નીલ પત્ર તરૂવર રાજી નીલ નીલે નીલ દ્રાક્ષ હે, કાચકો સુગોલ નીલ પછી કેસુ રંગ નીલ ઇંદ્ર નીલ રત્ન નીલ પત્ર નીલ ચાસ હે, જમુના પ્રવાહ નીલ ભૃંગરાજ પંખી નીલ, જેહવો અશોક વૃક્ષ નીલ રંગ હે, કહે નય તેમ નીલ રાગથે અતીવ નીલ મલ્લી નાથ દેવ નીલ નીલ જાકો અંગહે. ૧૯. સુમત્ર નરીંદ તણો વરનંદ સુચંદ્ર વદન સોહાવત હે, મંદર ધીર સવેનરહીર સુસામ શરીર વિરાજીત હે; કજ્જલવાન સુકચ્છપયાન

કરે ગુણગાન નરિંદ ઘણો, મુનિસુવ્રત સ્વામી તણો અભિધાન લહે નય માન આનંદ ઘણો. ૨૦. અરીહંત સરુપ અનુપમ રુપકે સેવક દુઃખને દુર કરે, નિજ વાણી સુધારસ મેઘ જલે ભવીમાન સમાન સભૂરી ભરે, નમીનાથકો દર્શન સાર લહી, કુંણ વિષ્ણુ મહેશ ધરે જો ફૂરે, અબ માનવ મુંઢ લહિ કુંણ સક્કર છોડકે કંકર હાથ ધરે. ૨૧. યાદવ વંસ વિભૂષણ સાહિત નેમિ જીણંદ મહાનંદકારી, સમુદ્ર વિજય નરિંદ તણો સુત ઉજ્વલ શંખ સુલક્ષણ ધારી, રાજુલ નાર મુકી નિરધાર, ગયે ગિરનાર કલેસ નિવારી, કજ્જલ કાય શિવાદેવી માય નમે નય પાય મહાવ્રતધારી. ૨૨. પાર્શ્વનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખત થે, સવિ રોગ વિયોગ કુયોગ મહા દુઃખ દુર

ગએ પ્રભુ ધાવતથે, અશ્વસેન નરેશ સપુત વિરાજીત ઘનાઘનવાન સમાન તનુ, નય સેવક વાંછીત પૂરણ સાહિબ, અભિનવ કામ કરિ રમનુ. ૨૩. કુકમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે, ચંદન વાણી સૂવામાં ચંદન પુરુસાદાણી બિરુદ જસ છાજે; જસ નામકે ધ્યાન થકી સવી દોહગ દારીદ્ર દુઃખ મહા. ભય ભાંજે; નય સેવક વાંછિત પૂરણ સાહિબ અષ્ટ મહા સિદ્ધિ નિત્ય નીવાજે. ૨૪. સિદ્ધારથ ભૂપ તણો પ્રતિરુપ નમે નર ભૂપ આનંદ ધરી, અચિંત્ય સ્વરૂપ અનુપમ રુપકે લંછન સોહત જાસ હરી, ત્રિસલાનંદન સમુદ્રમ કંદન લઘુપણે કંપિત મેરુ ગિરિ, નમે નય ચંદ વદન વિરાજીત વીરજીણંદ

સુપ્રીત ધરી. ૨૫. ચોવીસ જીણંદ તણાં ઈહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ ધરી; તસ રોગ વિયોગકુ યોગ કુભોગ સવિ દુઃખ દોહગ જા એટલી, તસ અંગણ વાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે, કહે નયસાર સુમંગલ ચાર ઘરે તસ સંપદ ભૂરી ભરે. ૨૬. સંવેગી સાધુ વિભૂષણ વંસ વિરાજીત શ્રી નયવિમલ જનાકંદકારી, તસ સેવક સંયમધીર સુધીરકે ધીર વિમલ ગણી જયકારી, તાસ પદાંબુજ ભૃંગ સમાન **શ્રીનયવિમલ** મહાવ્રત ધારી, કહે એ છંદ સુણો ભવિ વૃંદ કે ભાવ ધરીને ભણો નરનારી. ૨૭.

# શ્રી નેમનાથના સલોકો.

સરસ્વતી માતા તુમ પાય લાગું, દેવ ગુરૂ તણી આજ્ઞા માગું; જિહ્વા અગ્રે તું બેસજે આઈ, વાણી તણી તું કરજે સવાઇ ૧. આઘો પાછો કોઇ અક્ષર થાવે, માફ કરજો જે દોષ નાવે; તગણ સગણ ને જગણના ઠાઠ, તે આદે દઈ ગણ છે આઠ. ૨. કીયા સારા ને કીયા નિષેધ, તેનો ન જાણું ઉંડારથ ભેદ; કવિ જન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસ્વતી ૩. નેમજી કેરો કહીશું સલોકો, એક ચિત્તથી સાંભળજો લોકો, રાણી શીવાદેવી સમુદર રાજા, તસ કુળ આવ્યા કરવા દીવાજા ૪. ગર્ભે કારતક વદ બારસે રહ્યા, નવ માસને આઠ દીન થયા; પ્રભુજી જનમ્યાની તારીખ

જાણું, શ્રાવણ સુદી પાંચમ ચિત્રા વખાણું. ૫. જનમ્યા તણી તો નોબત વાગી, માતપિતાને કીધાં વડભાગી; તરિયાં તોરણ બાંધ્યાં છે બાર, ભરી મુક્તાફળ વધાવે નાર, ૬. અનુક્રમે પ્રભુજી મોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય; સરખે સરખા છે સંગાતે છોરા, લટકે બહુ મુલા કલગી તોરા ૭. રમત કરતા જાય છે તીહાં, દીઠી આયુધશાળા છે જિહાં, નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આતે શું છે! કહો તમે વાત ૮. ત્યારે સરખા સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર સુજાણ, તમારો ભાઈ કૃષ્ણજી કહીયે, તેને બાંધવા આયુધ જોઈએ ૯. શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવ ઘાલે નહીં હામ, એહવો બીજો કોઈ બળીયો જો થાય, આવા આયુધ તેને

અધ્યાય ૧૦. નેમ કહે જે ઘાલું હું હામ,
એમાં ભારે શું મ્હોટું છે કામ, એવું કહીને
શંખ જ લીધો, પોતે વગાડી નાદ જ કીધો.
૧૧. તે ટાણે થયો મહોટો ડમડોલ, સાયરના
નીર ચઢયા કલ્લોલ, પરવતની ટુંકો પડવાને
લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી, ૧૨.
ઝબકી નારીઓ નવ લાગી વાર, તુટયા નવ-
સર મોતીના હાર, ધરા ધ્રુજી ને મેઘ ગડગડીયો,
મહોટી ઇમારતો તૂટીને પડીયો ૧૩. સહુનાં
કાળજાં ફરવાને લાગ્યાં, સ્ત્રી પુરુષ જાય છે
ભાગ્યાં; કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઈ શો
થયો આ તે ઉત્પાત ૧૪. શંખ નાદ તો
બીજે નવ થાય, એહવો બળિયો તે કોણ
કહેવાય, કાઢો ખબર આ તે શું થયું, ભાગ્યું
નગર કે કોઈ ઉગરીયું ૧૫. તે ટાણે કૃષ્ણ

પામ્યા વધાઇ, એ તો તમારો નેમજી ભાઈ, કૃષ્ણ પુછે છે નેમજી વાત, ભાઈ શો કીધો આ તે ઉત્પાત ૧૬. નેમજી કહે સાંભળો હરિ, મેં તો અમસ્તી રમત કરી, અતુલી બળ દીઠું નાનુડે વેષે, કૃષ્ણજી જાણે એ રાજને લેશે. ૧૭. ત્યારે વિચાર્યું દેવ મોરારિ, એને પરણાવું સુંદર નારી, ત્યારે બળ એનું ઓછું જો થાય, તો તો આપણે અહીં રહેવાય. ૧૮. એવો વિચાર મનમાં આણી, તેડયા લક્ષ્મીજી આદે પટરાણી; જળક્રીડા કરવા તમે સહુ જાઓ, નેમને તમે વિવાહ મનાવો ૧૯. ચાલી પટરાણી સરવે સાજે, ચાલો દેવરીયા નાવાને કાજે, જળક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષ્મણી, દેવરીયા પરણો છબીલી રાણી. ૨૦. વાંઢા નવિ રહીયે દેવર નગીના, લાવો દેરાણી

રંગના ભીના; નારી વિના તો દુઃખ છે ઘાટું, કોણ રાખશે બાર ઉઘાડું. ૨૧. પરણ્યા વિના તો કેમ જ ચાલે, કરી લટકો ઘરમાં કોણ માલે; ચૂલો ફૂંકશો પાણીને ગળશો; વેલાં મોડાં તો ભોજન કરશો, ૨૨. બારણે જાશો અટકાવી તાળું, આવી અસુરા કરશો વાળુ; દીવાબત્તીને કોણ જ કરશે, લીંપ્યા વીના તો ઉચેરા વળશે. ૨૩. વાસણ ઉપર તો નહીં આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ; પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો ૨૪. મનની વાતો કોણને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે; પરોણા આવીને પાછા જાશે, દેશ વિદેશે વાતો બહુ થાશે. ૨૫. મહોટાના છોરૂ નાનેથી વરીયા, મારૂં કહ્યું તો માનો દેવરિયા, ત્યારે સતભામા

બોલ્યાં ત્યાં વાણ, સાંભળો દેવરીયા ચતુર સુજાણ. ૨૬. ભાભીનો ભરોંસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે; પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તો તમને કરશે. ૨૮. ઉંચા મન ભાભી કેરાં કેમ સહેશો, સુખ દુઃખની વાત કોણ કાગળ કહેશો, માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિ આપું નાવાને પાણી, વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગા વહાલામાં હલકાંજ થઈએ, પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે. ૨૯. ગણેશ વધાવો કેને મોકલશો, તમે જાશો તો શી રીતે ખલશો; દેરાણી કેરો પાડ જાણીશું! છોરૂ થાશે તો વિવા માણીશું. ૩૦. માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો; ત્યારે રાધિકા આઘેરા

આવી, બોલ્યા વચન મોઢું મલકાવી ૩૧.
શી શી વાતો રે કરો છો સખી, નારી
પરણવી રમત નથી; કાયર પુરૂષનું નથી
એ કામ, વાવરવા જોઇએ ઝાઝેરા દામ ૩૨.
ઝાંઝર નૂપુર ને ઝીણિ જવમાલા ! એણુ ઘટ
વીંછીઆ ઘાટે રૂપાળા, પગ પાને ઝાઝી ઘુઘ-
રીઓ જોઇએ, મહોટે સાંકળે ઘુઘરા જોઇએ.
૩૩. સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા
અંગુઠી અરિસા ઠાઠ; ઘુઘરી પોંચીને વાંક
સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી. ૩૪.
કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુ
મુલા નંગ ભલેરા, તુળશી પાઠીયાં જડાવ
જોઈએ, કાલી કંઠીથી મનડું મોહિએ. ૩૫.
કાંઠલી સોહીએ ઘુઘરીયાળી, મનડું લોભાયે
ઝુમણું ભાળી; નવ સેરો હાર મોતીની માળા,

કાને ટીંટોડા સોનેરી ગાળા. ૩૬. મચકણિયાં જોઈએ મુલ્ય ઝાઝાનાં, ઝીણાં મોતી પણ પાણી તાજાનાં; નીલવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મુલની ભારી; ચીર ચુંદડી ઘરચોળાં સાડી, પીલી પટોલી માગશે દહાડી. ૩૭. બાંટ ચુંદડીઓ કસબી સોહિએ, દશરા દીવાળી પહેરવા જોઈએ; મોંઘા મુલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય. ૩૮. માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પુરૂં શી રીતે થાય, ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દીયરના મનની વાતો મેં જાણી. ૩૯. તમારૂં વયણ માથે ધરીશું, બેઉનું પુરૂં અમે કરીશું, માટે પરણોને અનોપમ નારી, તમારો ભાઈ દેવ મોરારી. ૪૦. બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાડ ચડશે તેહને; માટે

હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરૂં ઘર અજ-
વાળો. ૪૧. એવું સાંભળી નેમ ત્યાં હસિયા,
ભાભીના બોલ હૃદયમાં વસીયા; ત્યાં તો કૃષ્ણને
દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઈ;
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની
પેટી. ૪૨. નેમજી કેરો વિવાહ ત્યાં કીધો,
શુભ લગ્નનો દિવસ લીધો; મંડપ મંડાવ્યા
કૃષ્ણજીરાય, નેમને નિત્ય ફુલેકાં થાય. ૪૩.
પીઠી ચોળે ને માનની ગાય, ધવળ મંગળ
અતિ વરતાય; તરીયાં તોરણ બાંધ્યાં છે બહાર,
મળી ગાય છે સોહાગણ નાર. ૪૪. જાન
સજાઇ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ
મોરારી; વહુ વારૂ વાતો કરે છે છાને, નહીં
રહીયે ઘેર ને જાઈશું જાને. ૪૫. છપ્પન
કરોડ જાદવનો સાથ, ભેળા કૃષ્ણ બલભદ્ર

ભ્રાત; ચડીયા ઘોડલે મ્યાના અસવાર, સુખ-
પાલ કેરો લાધે નહિ પાર. ૪૬. ગાડાં વેલોને
બગીઓ બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યા
ધોરી; બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન
મુગટ હીરલે જડિયા. ૪૭. કડાં પોંચીયો
બાજુ બંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે
રસીયા; છપ્પન કોટી તો બરોબરીયા જાણું,
બીજા જાનૈયા કેટલા વખાણું. ૪૮. જાનડીઓ
શોભે બાલુડે વેષે, વિવેકે મોતી પરોવે કેશે;
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી
ચાલે ઉમંગે. ૪૯. લીલાવટ ટીલી દામણી
ચળકે, જેમ વિજળી વાદળે સળકે, ચંદ્ર-
વદની મૃગા જો નેણી, સિંહલંકી જેહની
નાગસી વેણી. ૫૦. રથમાં બેસી બાળક
ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે; એમ

અનુક્રમે નારી છે ઝાઝી, ગાય ગીત ને થાય છે રાજી. ૫૧. કોઈ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરથાર; કોઈ કહે પુણ્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી; ૫૨. એમ અન્યોન્ય વાદ વદે છે, મ્હોડાં મલકાવી વાતો કરે છે; કોઈ કહે અમે જઈશું વહેલી, બળદને ઘી પાઈશું પહેલી. ૫૩. કોઇ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારી, એવી વાતોના ગપોલા ચાલે, પોત પોતાના મગજમાં મહાલે. ૫૪. બહોંતેર કળાને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણગાર; પહેર્યા પીતામ્બર જરકશી જામા, પાસે ઉભા છે નેમના મામા.૫૫ માથે મુગટ તે હીરલે જડિયો, બહુ મુલો છે કસબીનો ઘડીયો, ભારે કુંડલ બહુ મુલાં

મોતી, શહેરની નારી નેમને જોતી. ૫૬. કંઠે નવ સેરો મોતીનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર, દશે આંગળીયે વેઢ ને વીંટી, ઝીણી દીસે છે સોનેરી લીંટી. ૫૭. હીરા બહુ જડીયા પાણીના તાજા, કડાં સાંકળાં પહેરે વરરાજા, મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે. ૫૮. રાધાએ આવીને આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી, કુમકુમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરું છે ગાલે. ૫૦. પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોસને ચડીઆ વરઘોડે; ચડી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે. ૬૦. વાજાં વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય; ધુંસળ મુસળને રવાઇઓ લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા. ૬૧.

દેવ વિમાને જુએ છે ચડી, નેમ નહિ પરણે
જાશે આ ઘડી; એવામાં કીધો પશુએ પોકાર,
સાંભળો અરજી નેમ દયાળ. ૬૨. તમે પર-
ણશો ચતુર સુજાણ, પરભાતે જાશે પશુઓના
પ્રાણ, માટે દયાળુ દયા મનમાં દાખો, આજ
અમોને જીવતાં રાખો. ૬૩. એવો પશુઓનો
સુણી પોકાર, છોડાવ્યાં પશુઓ નેમ દયાળ;
પાછા તો ફરીયા પરણ્યા જ નહીં, કુંવારી
કન્યા રાજુલ રહી. ૬૪. રાજુલ કહે છે ન
સિદ્ધાં કાજ, દુશ્મન થયાં છે પશુઓ આજ;
સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં
ઓલંભો દે છે. ૬૫. ચંદ્રમાને તેં લંછન
લગાડયું, સીતાનું તેં તો હરણ કરાવ્યું;
મ્હારી વેળા તો કયાંથી જાગી, નજર આગ-
ળથી જાને તું ભાગી. ૬૬. કરે વિલાપ

રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો ન જાણી; આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી. ૬૭. એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના; તમારા ભાઇએ રણમાં રઝલાવી, તે તો નારી ઠેકાણે નાવી. ૬૮. તમો કુલ તણો રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો; વરઘોડે ચડી મહોટો જશ લીધો, પાછાં વળીને ફજેતો કીધો; આંખો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચઢતાં શરમ ન આવી. ૬૯. મહોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણાં ગવરાવી; એવા ઠાઠથી સર્વેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા. ૭૦. ચાનક લાગે તો પાછા જ ફરજો, શુભ કારજ અમારૂં રે કરજો; પાછા ન વળીઆ એકજ ધ્યાન, દેવા માંડ્યું તિહાં વરસી જ

દાન. ૭૧. દાન દઇને વિચાર જ કીધો, શ્રાવણ
સુદી છઠનું મુહુરત લીધો; દીક્ષા લીધી ત્યાં
ન લાગી વાર, સાથે મુનિવર એક હજાર.
૭૨. ગિરનારે જઈને કારજ કીધું, પંચાવનમે
દિન કેવલ લીધું; પામ્યા વધાઈ રાજુલ રાણી,
પીવા ન રહ્યાં ચાંગળું પાણી. ૭૩. નેમને
જઈ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં
માગી; આપો કેવલ તમારી કહાવું, શુકન
જોવાને નહીં જાવું. ૭૪. દીક્ષા લઇને કારજ
કીધું, ઝટપટ પોતે કેવલ લીધું; મળ્યું અખંડ
એવા તમ રાજ, ગયાં શિવસુંદરી જોવાને
કાજ. ૭૫. સુદિની આઠમ અષાઢ ધારી, નેમજી
વરીયા શિવ વધુ નારી; નેમ રાજુલની અખંડ
ગતિ, વર્ણન કેમ થાયે મારી જ મતી. ૭૬.
યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, બેઉનાં સુખ તે

કેવલી જાણે; ગાશે ભણશે ને જે કોઇ હૃદયે
ધરશે, તે તો શિવ વધુ નિશ્ચય વરશે; સંવત
ઓગણીસ શ્રાવણ માસ, વદની પાંચમનો
દિવસ ખાસ. ૭૮. વાર શુક્રને ચોઘડીયું સારૂં,
પ્રસન્ન થયું મનડું મારૂં; ગામ ગાંગડના
રાજા રામસિંહ, કીધો શલોકો મનને ઉછરંગ.
૭૯. મહાજનના ભાવ થકી મેં કીધો, વાંચી
શલોકો મ્હોટો જશ લીધો; દેશ ગુજરાત
રેવાશી જાણો, વિશાશ્રીમાલી નાત પ્રમાણો.
૮૦. પ્રભુની કૃપાથી નવ નિધિ થાય, બેઉ
કર જોડી સુરશશી ગાય; નામે **દેવચંદ** પણ
સુરશશી કહીયે, બેઉનો અર્થ એકજ લઇએ.
૮૧. દેવ સૂરજ ને ચંદ્ર છે શશી, વિશેષે
વાણી હૃદયામાં વસી; ખ્યાસી કડીથી પુરો મેં
કીધો, ગાઈ ગવડાવી **સુયશ** લીધો. ॥૮૨॥

# શ્રી સંખેશ્વરપાર્શ્વજિન છંદ.

સેવો પાસ સંખેશ્વરા મન્ન શુદ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે; દેવી દેવલાં અન્યને શું નમો છો, અહો ભવ્ય લોકો ભુલા કાં ભમો છો ॥ ૧ ॥ ત્રિલોકના નાથને શું તજો છો, પડયા પાસમાં ભૂતને કાં ભજો છો; સુરધેનુ છંડી અજા શું અજો છો, મહાપંથ મૂકી કુપંથે વજો છો ॥ ૨ ॥ તજે કોણ ચિંતામણિ કાચ માટે ગ્રહે કોણ રાસભને હસ્તી સાટે; સુરદ્રુમ ઉપાડી કુણ આક વાવે, મહામૂઢ તે આકુલા અંત પાવે ॥૩॥ કીહાં કાંકરો ને કીહાં મેરૂશ્રૃંગ, કીહાં કેસરીને કીહાં તે કુરંગ; કીહાં વિશ્વનાથ કીહાં

અન્ય દેવા, કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા
॥૪॥ પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથ, સહુ જીવને
જે કરે છે સનાથ, મહા તત્ત્વ જાણી સદા જેહ
ધ્યાવે, તેના દુઃખ દારીદ્ર દૂરે પલાવે ॥ ૫ ॥
પામી મનુષ્યોને વૃથા કાં ગમો છો, કુશીલે કરી
દેહને કાં દમો છો, નહીં મુક્તિ વાસં વિના
વીતરાગં, ભજો ભગવંત તજો દ્રષ્ટિરાગં ॥૬॥
**ઉદયરત્ન** ભાખે સદા હેત આણી, દયાભાવ
કીજે પ્રભુ દાસ જાણી, આજ માહરે મોતીડે
મેંહ વૂઠા, પ્રભુ પાસ સંખેશ્વરો આપ તૂઠા. ૮॥

---

મુદ્રકઃ ડાહ્યાભાઈ હ. પટેલ, શ્રી ખડાયતા મુદ્રણ
કલા મંદિર, ઘીકાંટા રોડ-**અમદાવાદ.**

જૈન ધર્મ પ્રકરણ રત્નાકરઃ- નવસ્મરણ, સ્તોત્રો, ઋષિમંડળ મોટું, ચઉસરણ, આઉર પચ્ચક્ખાણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્ર સમાસ તત્ત્વાર્થ, સાધુ આવશ્યક ક્રિયા, દશ વૈકાલિક આદિ પ્રકરણો અને કુલકો તેમજ સ્તોત્રનો સંગ્રહ છતાં કિંમત ફક્ત રૂા. ૩-૫૦

જૈનધર્મનાં દરેક જાતનાં પુસ્તકો, પ્રતો વિગેરે મળી શકશે, કમીશન માટે પૂછાવો અને સૂચિપત્ર મંગાવો.